( પ્રાથમિક શાળાઓ માટે )

# ત્રિવેદી વાંચનમાળા—

260 પુસ્તક ચોથું



લેખકો—રા. રા. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી,
પ્રોફેસર અતિસુખશંકર કમળાશંકર ત્રિવેદી,

પ્રકાશકઃ—એમ. સી. કોઠારી, રાવપુરા—કોઠી પાસે,
વડોદરા

( બ્રિટિશ શાળાઓ માટે )

# ત્રિવેદિવાચનમાળા–

## પુસ્તક ચોથું


લેખકો

**રાવ બહાદુર કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી,**

બી. એ.,

વાનપ્રસ્થ પ્રિન્સિપલ, ટ્રે. રા. ટ્રેનિંગ કૉલેજ–**અમદાવાદ**

અને

**અતિસુખશંકર કમળાશંકર ત્રિવેદી,**

એમ. એ., એલ એલ. બી.,

નૈતિક ને માનસિક તત્ત્વજ્ઞાનના અને ગુજરાતીના પ્રોફેસર,

વડોદરા કૉલેજ–**વડોદરા**



પ્રકાશક

**એમ. સી. કોઠારી,**

કાપડી પોળ, રાવપુરા–**વડોદરા**

**પહેલી આવૃત્તિ: ૧૯૨૩**




**મૂલ્ય ૦-૮-૦**

સુરત--ચૌટાના પૂલ ઉપર આવેલા "**સુરત સિટિ**" પ્રિન્ટિંગ પ્રેસમાં **ઠાકોરદાસ માનસિંહે** છાપ્યું.

# પ્રસ્તાવના

અમારી વાચનમાળાનું આ ચોથું પુસ્તક છે. નિર્મિત સમયમાં જેટલું બરાબર શિખવી શકાય તેટલુંજ આ પુસ્તકનું કદ રાખ્યું છે. ભાષા અને વિચારમાં વાચનમાળાનો ચઢતો ક્રમ સાચવ્યો છે.

જરૂરજોગી 'સમજુતી' પુસ્તકને અન્તે આપી છે.

આ પુસ્તક શિખવતાં શિક્ષકોએ બાળકના ભાષાજ્ઞાનમાં વધારો થાય તે પર ખાસ લક્ષ આપવું. વાક્યમાં શબ્દો કેવી રીતે જોડાએલા છે, તે બાળકને શિખવવું; તેમજ કવિતામાં શબ્દોનો અન્વય કરાવવો.

સુરત
ઑગસ્ટ ૧૯૨૩

કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી
અતિસુખશંકર કમળાશંકર ત્રિવેદી

# અનુક્રમણિકા



પાટવી કુંવર એડ્વર્ડ

# પુસ્તક ચોથું

## પાઠ ૧લો

### પાટવી કુંવર એડ્વર્ડ

શાહનશાહ ૫મા જ્યૉર્જ ને મહારાણી મેરિના પાટવી કુંવર એડ્વર્ડ છે.

કુંવર મહારાણી વિક્ટોરિઆને ઘણા વહાલા હતા. તેમનું પણ મહારાણી પર ઘણું વહાલ હતું. મહારાણી દેવલોક પામ્યાં ત્યારે તે છ વર્ષના હતા. તેમની મરણક્રિયા તેમણે કૌતુકથી જોયા કરી. તેમણે પૂછયું, આ બધું શું થાય છે? જવાબમાં તેમને કહેવામાં આવ્યું કે વડી દાદીને હવે તમે ફરી જોનાર નથી. આ સાંભળી તેઓ ડુસકે ડુસકાં ભરી રોયા.

એમનાં માતપિતા દુનિયાની મુસાફરીએ નીકળ્યાં ત્યારે એમને ને એમનાં ભાંડુઓને એમના દાદા એડ્વર્ડને સોંપવામાં આવ્યાં હતાં. તે વખતે એમને ખીસાખર્ચ માટે અઠવાડીએ એક શિલિંગ આપવામાં આવતો હતો. તેમાંથી જે બચે તે એઓ બચાવતા અને બચેલી રકમનો સારો ઉપયોગ કરતા. પોતાનાં દાદાદાદી અને ભાઈબેનની વરસગાંઠના દહાડાની એમણે પોતાની નોંધપોથીમાં નોંધ રાખી હતી. આ બધાંને વરસગાંઠને દહાડે એઓ પોતાની

બચાવેલી રકમમાંથી ભેટ આપતા, તેથી તેઓ આ વહાલસોયા કુંવર પર બહુ રાજી થતાં.

નાનપણથી તેમને સારી કેળવણી આપવા બનતી કોશીશ કરવામાં આવી હતી. તેઓ નિશાળે ભણુતા હતા ત્યારે એક વાર માંદા પડયા. તેમના પર દેખરેખ રાખનાર અમલદારે મંદવાડમાં તેમને કંઈક ભાવે એ હેતુથી તેમના જોડીદાર ભણુનારાઓના ખોરાકથી તેમને જુદો ખોરાક આપ્યો. તેમણે કહ્યું, મારા પિતાએ મને હુકમ કર્યો છે કે બીજા છોકરાઓ ખાએ તેજ ખોરાક મારે ખાવો; મારે બીજો ખોરાક જોઈતો નથી. કેવી સારી ઘરકેળવણી !

નિશાળ છોડી મહાશાળામાં (કૉલેજમાં) ભણુવા ગયા ત્યાં પણ બીજા વિદ્યાર્થીઓના જેવુંજ બધું કરવું ને તેમનાથી જુદા ન પડવું તેની તેઓ સાવચેતી રાખતા હતા. તેઓ તેમની પેઠેજ ભણુતા ને તેમની પેઠેજ તમામ રમતગમતમાં ભાગ લેતા.

ત્યાં તેમને ઘોડે બેસતાં ઘણું સારૂં આવડતું હતું ને શિકારનો ઘણો શોખ હતો. ક્રિકેટની રમતમાં પણ તેઓ ઘણો રસ લેતા હતા.

છેલ્લી જગજાહેર જર્મન લડાઈને વખતે તેમનું જિગર લડાઈના મેદાનમાં તલપી રહ્યું હતું. પોતાનાથી પણ નાના પોતાના જોડીદારો લડાઈમાં ગયા હતા ને પોતે હજી ગયા નહોતા એ વિચારથી તેમનુ મન ઉશ્કેરાયું હતું.

તેઓ લડાઈ માટે નામ નોંધનાર અમલદાર પાસે ગયા અને તેમણે તેને કહ્યું, મારૂં નામ નોંધો. મને મોકલશો

તો શું થઈ જવાનું છે? મને ગોળી વાગશે તો તેથી શું? મારે ચાર ભાઈ છે.

પાછળથી તેમને લડાઇમાં જવા દેવામાં આવ્યા. તેમણે બહુ બહાદુરીથી લડાઈના મેદાનમાં દેશની સેવા બજાવી. મોતનો પણ તેમણે ડર રાખ્યો નહિ.

તેમણે આખી દુનિયાની મુસાફરી કરી જાણવાનું ઘણું જાણ્યું છે.

એક દિવસ એઓ ૮મા એડ્વર્ડ તરીકે મહાન બ્રિટિશ રાજ્ય પર અમલ કરશે. પ્રભુ એમને તંદુરસ્તી બક્ષો!

---

# પાઠ ૨જો

## અતિલોભ તે પાપનું મૂળ

એક ગામમાં બ્રાહ્મણના ચાર છોકરાઓ રહેતા હતા. તેમની વચ્ચે દોસ્તી હતી. તેઓ બહુ ગરીબ હતા. તેમની ગરીબાઈ તેમને બહુ સાલતી હતી.

ગરીબાઈ જેવું બીજું દુ:ખ નથી. વાઘવરૂવાળા જંગલમાં રહેવું એ હજી સહેલું છે. સગાંવહાલાંથી વિખૂટા પડીને રહેવું એ પણ સહેલું છે. પણ ધન વિના સંસારમાં રહેવું ઘણું કપરૂં છે.

માટે ગમે તેમ કરી ધન મેળવવું જરૂરનું છે. એમ ધારી એ ચારે મિત્રો ધન મેળવવા ઘરબાર છોડી પરગામ ચાલ્યા. જતાં જતાં તેઓ પવિત્ર ઉજ્જયિની નગરીમાં આવી

પહોંચ્યા. શિપ્રા નદીના વિશુદ્ધ જળમાં સ્નાન કરી, મહાકાલેશ્વરને પગે લાગી, એ ચારે મિત્રો કોઈ એક યોગીના મઠમાં ગયા.

યોગી તેમના પર પ્રસન્ન થયા અને તેણે તેમને ચાર જાદુઈ વાટ આપી. દરેક જણે એકેક વાટ લીધી. યોગીએ કહ્યું કે હિમાલય તરફ જાઓ. ચાલતાં ચાલતાં જે ઠેકાણે હાથમાંથી વાટ પડી જાય તે ઠેકાણે ખોદવાથી કીમતી વસ્તુ મળશે, તેથી તમારૂં દળદર ફીટશે.

બ્રાહ્મણપુત્રો વાટ લઈ ચાલતા થયા. ચાલતાં ચાલતાં એકના હાથમાંથી વાટ પડી ગઈ. ત્યાં ખોદતાં તાંબાની ખાણ નીકળી. તે જોઈ તે રાજી થયો અને તેણે ત્રણે મિત્રોને કહ્યું, અહિંથી જોઈએ તેટલું તાંબું લો. તેમણે કહ્યું, તું મૂર્ખ છે. આથી કંઈ આપણું દળદર ફીટે ? અમે તો આગળ જવાના.

આગળ જતાં બીજા બ્રાહ્મણપુત્રના હાથમાંથી વાટ પડી ગઈ. ત્યાં ખોદતાં રૂપાની ખાણ જડી. તે જોઈને તે રાજી થયો. તેણે બાકીના બે મિત્રોને કહ્યું, ભાઈઓ ! જોઈએ તેટલું રૂપું લઈ આનંદ કરો. તેમણે કહ્યું, એથી આપણી ગરીબાઈ જશે નહિ. અમે તો આગળ જવાના.

જતાં જતાં ત્રીજાના હાથમાંથી વાટ પડી ગઈ. ત્યાં ખોદ્યું તો ત્યાંથી સોનું નીકળ્યું. જેમ જેમ ખોદ્યું તેમ તેમ વધારે વધારે સોનું નીકળ્યું. તે બ્રાહ્મણપુત્ર તો રાજી રાજી થઈ ગયો. તેણે ચોથાને કહ્યું, ભાઈ! અહિંથી જોઈએ તેટલું સોનું લઈ મારી સાથે પાછો ફર. તેણે જવાબ દીધો કે તું

મૂર્ખ છે. આગળ જતાં રત્ન નીકળશે; માટે ચાલ, આગળ જઈએ. ત્રીજો સોનું લઈ ઘેર ગયો ને ચોથો એકલો આગળ વધ્યો.

ચાલતાં ચાલતાં એ ઘણો દૂર નીકળી ગયો. ત્યાં એણે એક ઘણોજ દુ:ખી માણસ જોયો. તેને માથે ચક્કર ભમતું હતું અને તેનું મોં કરમાઈ ગયું હતું. બ્રાહ્મણપુત્રને જોઈ તે છાતીફાટ રોયો. બ્રાહ્મણપુત્રે પૂછ્યું કે આ છે શું ? ચક્કરવાળા માણસે કહ્યું, ભાઈ! મેં બહુ લોભ કીધો, તેથી કુબેરભંડારીને ફીકર થઈ કે મારો ખજાનો ખૂટશે. આથી તેમણે મારે માથે આ ચક્કર છોડયું છે. એ મને ઘણીજ પીડા કર્યાં કરે છે. ઊઠતાં, બેસતાં, હરતાં, ફરતાં, એ ચક્કર



મને ઝૂડની માફક વળગેલું રહે છે. મારા જેવો બીજો લોભી

અહિં આવે ત્યારેજ મારો છૂટકો થાય એમ મને એક યોગીએ કહ્યું છે.

આમ કહેતાં વારને તે ચક્કર પેલા લોભી બ્રાહ્મણપુત્રને વળગ્યું. તે ઘણું રડયો, પણ હવે શું વળે? અતિલોભ તે પાપનું મૂળ છે; એથી હદપાર દુ:ખ આવી પડે છે.

---

# પાઠ ૩જો

## મહારાણા પ્રતાપસિંહ, ભાગ ૧લો

પવિત્ર સિસોદીઆ રજપૂત કુળના ઉદયસિંહ રાજાએ ઉદેપુર શહેર વસાવ્યું છે. એ ઉદયસિંહને પ્રતાપસિંહ નામે બળવાન પુત્ર હતો. તે એની પછી મેવાડની ગાદીએ આવ્યો.

એ વખતે હિંદુસ્તાનમાં બહાદુર અને અદલ ઈનસાફી અકબર બાદશાહનું રાજ્ય હતું. તેણે હિંદુ અને મુસલમાન વચ્ચે ફેર ન ગણી, હિંદુઓને મોટા મોટા ઓદ્ધા આપી પ્રજાનો પ્રેમ મેળવ્યો હતો. શૂરા રજપૂત રાજાઓને તેણે લગ્નનો સંબંધ બાંધી પોતાના પક્ષમાં લીધા હતા. એ રાજાઓમાં એકલા પ્રતાપસિંહેજ એવો સંબંધ બાંધવાની ચોક્ખી ના કહી હતી. તેણે અકબરને નમ્યું આપ્યું નહોતું.

અકબરને આ વાત ઘણી ખૂંચતી હતી અને અપમાનનું વેર લેવા તે તક શોધતો હતો. માનસિંહજી નામે જયપુરનો રાજા અકબરનો બહુ માનીતો હતો. આ



મહારાણા પ્રતાપસિંહ

અરસામાં તે સોલાપુર જીતી પાછો ફરતાં પ્રતાપસિંહને ત્યાં ઉતર્યો. પ્રતાપે તેની મહેમાનગીરી કરી, પણ તેની સાથે બેસીને જમવાની ના કહી. માનસિંહે આનું કારણ પૂછ્યું ત્યારે પ્રતાપના પુત્ર અમરસિંહે જવાબ દીધો કે જે રાજાએ પોતાની પુત્રી મુસલમાન બાદશાહને આપી છે તેની સાથે બેસી પ્રતાપ કદી જમશે નહિ. આથી માનસિંહ ગુસ્સે

થયો. તેણે આ વાત અકબરને કહી, તેથી અકબરે પોતાના પુત્ર સલીમ અને માનસિંહની સરદારી નીચે મોટું મુગલ લશ્કર પ્રતાપની સામા મોકલ્યું.

પ્રતાપની પાસે બાવીસ હજાર શૂરા સિપાઈ હતા. તેમનામાં રજપૂત શુરાતન અને દેશાભિમાન ઝળકી રહ્યાં હતાં; તેમજ તેઓ રણમાંથી કદી પાછી પાની કરે એવા નહોતા. મુગલ ફોજ પ્રતાપની ફોજથી ઘણી મોટી હતી. બંને ફોજ હલદી-ઘાટના મેદાન આગળ ભેગી થઈ. અરવલીના ડુંગરોમાં આવેલું આ મેદાન આ ભારે લડાઈને લીધે બહુ જાણીતું થયું છે.

" રણધીરા હે રજપૂતો, મુજ અંગતણા શણગાર !
રે ચાલો હલદીઘાટે, શૂરા બાવીસ હજાર !
વીરા ! શું શૌર્ય ગયું છે ? શું રજપૂત થશે ગુલામ ?
મેવાડ પરાધીન બનશે ? શું જશે શિશોદિય નામ ?
નહિ, નહિ, નહિ, રણમાં ચાલો ! ઝળકાવો તમ હથિયાર !
રે ઘૂમો રાણા સાથે, શૂરા બાવીસ હજાર !"

પોતાની ફોજનાં માણસોને શુરાતન ચઢાવી પ્રતાપ લડાઈના મેદાનમાં ધસ્યો.

---

# પાઠ ૪થો

## મહારાણા પ્રતાપસિંહ, ભાગ ૨જો

જેમ ભૂખ્યો સિંહ હરણ પર છલંગ મારે, તેમ રજપૂતો હાથમાં નાગી તલવાર લઈ શત્રુ પર તૂટી પડ્યા.

પ્રતાપે માનસિંહને પોતાની તલવારનો સ્વાદ ચખાડવા બહુ બહુ શોધ્યો, પણ તે તેને હાથ લાગ્યો નહિ, એટલે તેણે પોતાનો ઘોડો સલીમ તરફ દોડાવ્યો.

એમ પ્રતાપ ત્રણ વાર મુગલ ફોજમાં ધસ્યો ને ઘણા માણસોને તેણે મારી નાંખ્યા. તેને એક ગોળી વાગી, ત્રણ ઠેકાણે ભાલા ભોંકાયા, ને તલવારના ત્રણ સખ્ત ઘા થયા; પણ તે હઠયો નહિ. ચારે તરફ લોહીની નીક વહેવા લાગી. ૧૪,૦૦૦ રજપૂતોએ દેશની ખાતર પોતાના જીવ ખોયા. પ્રતાપનું આખું શરીર ઘાયલ થયું હતું અને તેના બહાદુર સિપાઈઓ નાશ પામ્યા હતા. તેને જય મેળવવાની આશા જતી રહી, તેથી તે લડાઈનું મેદાન છોડી ચાલ્યો ગયો.

તેનો વહાલો ઘોડો ચેતક પણ થાકી ગયો હતો, પણ તે ફૂલપાટ દોડયો જતો હતો. તેની પાછળ બે મુગલ સિપાઈ દોડતા હતા. રસ્તામાં એક નદી આવી. ચેતક તે કૂદી ગયો, પણ મુગલ સિપાઈના ઘોડાઓ તે કૂદી શકયા નહિ.

એવામાં 'ઓ પેલો લીલો ઘોડો, ઓ પેલો સવાર,' એમ મેવાડી ભાષામાં બોલતા કોઈને પ્રતાપે સાંભળ્યો. તેણે પાછળ જોયું તો પોતાના ભાઈ શકતને જોયો. તે અકબરને મળી ગયો હતો, પણ હવે તે પ્રતાપને પગે પડયો. પ્રતાપે તેને માફી આપી અને બંને ભાઈએ મેવાડને દુશ્મનોથી બચાવવાનું પણ લીધું.

આ વખતે ચેતક તમ્મર ખાઈને જમીન પર પડ્યો ને તરત મરણ પામ્યો. શાબાશ છે એ નિમકહલાલ ઘોડાને ! એ મરી ગયો તે ઠેકાણે પ્રતાપે મંદિર બંધાવ્યું. હજી પણ એ જગા "ચેતકકા ચબુતરા" એ નામથી ઓળખાય છે.

---

# પાઠ ૫મો

## મહારાણા પ્રતાપસિંહ, ભાગ ૩જો

પ્રતાપ હલદીઘાટની લડાઈમાં હાર્યો અને તેની રાજધાની કમલમેર દુશ્મનના હાથમાં ગઈ. પોતાનાં છોકરાંને સાથે લઈ તે એક ગુફામાંથી બીજીમાં અને એક જંગલમાંથી બીજામાં નાસતો ફરતો હતો. શત્રુનાં માણસ તેને જંપવા દેતાં નહોતાં.

પ્રતાપના પર ઘણી આફતો આવી, પણ તે પર્વતની પેઠે અચળ રહ્યો. સિસોદીઆના કુળને એબ લગાડી તે અકબરને તાબે થયો નહિ.

એક વખત તેની રાણીએ ખાવાના રોટલા તૈયાર કર્યા હતા, તે બધાંએ ખાધા ને તેમાંનો એક બીજા દિવસ માટે રહેવા દીધો હતો. તેની દીકરી આ રહેલો રોટલો ખાતી હતી. એવામાં એક જંગલી બિલાડી તેના હાથમાંથી તે લઈ ગઈ. આથી તે બાળકી ભૂખે ટળવળવા લાગી. પ્રતાપ જેવા સ્નેહાળ પુરુષથી આ દેખાવ જોઈ શકાયો નહિ. તેણે અકબરને પત્ર લખી નમવાનો વિચાર બતાવ્યો.



આ પત્ર વાંચી અકબરના હરખનો પાર રહયો નહિ. પણ આ વખતે બિકાનેરના રાજાનો ભાઈ પૃથુરાજ ત્યાં હાજર હતો. તેણે રજપૂત જાતના અભિમાનથી કહ્યું, આ પત્ર બનાવટી છે. પ્રતાપ આવો પત્ર કદી લખે નહિ. આપ કહો તો હું ખાતરી કરૂં. બાદશાહે હા કહી. તે પરથી તેણે પ્રતાપને એવો ઉશ્કેર્યો કે તેણે પોતાનો વિચાર બદલી નાંખ્યો. શાબાશ છે એ વીરને !

ઘણી મુશીબતોમાં પણ પ્રતાપે ધીરજ છોડી નહિ. હિંમતબાજ પુરુષો જે વખતે જે મળે તેથી ચલાવી લઈ પોતાનું કામ પાર પાડે છે. તેઓ કદી હિંમત હારતા નથી.

અરેરે ! આ કેવી દશા ! કયાં રાજમહેલનું સુખ ને કયાં આ અતિકંગાલ હાલત ! જે બાળકોના મોંમાંથી બોલ નીકળે તે પહેલાં તો તે ઝીલી લેવા માણસો ખડા ઊભા

હોય અને જે બાળકોને ખાવાપીવા ને પહેરવા જે જોઈએ તે હમેશ માગ્યા વિના મળતું હોય તેવાં બાળકોને ખાવાના સાંસા અને સૂવાનું પહાડના કઠણ પત્થર પર! આવી ખરાબ હાલત જોઈ કોનું હઇયું પીગળે નહિ!

આ હાલતમાં પ્રતાપનો વજીર ભામાશા તેને મળ્યો. તેણે કહ્યું, મારી પાસે જે દોલત છે તે આપની છે. તે એટલી બધી છે કે તેમાંથી તમે પચીસ હજાર માણસનું લશ્કર બાર વર્ષ નિભાવી શકશો. ધન્ય છે એની ઉદારતાને!

આ સાંભળી પ્રતાપમાં હિંમત આવી. તેણે લશ્કર જમાવ્યું, મુગલો પર હુમલો કર્યો, અને લગભગ બધો મેવાડ પ્રાંત તાબે કર્યો. થોડાં વર્ષ રહી તે મરણ પામ્યો. તેનું શરીર નાશ પામ્યું, પણ તેનું નામ અમર રહ્યું છે.

---

## पाठ ६ट्ठो

### विद्या

छप्पो

विद्या मुकावे माग, पूर्ण जश विद्या पामे;  
विद्या शोभे वान, नृपति विद्याने नामे;  
विद्यामांहि विवेक, विमळ विद्यार्थी वाणी;  
विद्याने वश विश्व, जगतमां मोहिनी जाणी;  
सद्विद्या रत्न विशाळ छे, विद्यार्थी वडुं नहि कशुं;  
सद्विद्या आगळ धन कशुं, विद्याविहीन नर ते पशु. १

पंडित आगळ मूढ, हंस आगळ जेम बग्गा;
पंडित आगळ मूढ, कोकिल आगळ कग्गा;
पंडित आगळ मूढ, राय आगळ ज्यम रंका;
पंडित आगळ मूढ, सिंधु आगळ ज्यम टंका;
पंडित माक्रमी पूरा, पंडित सउ शिर मोर छे;
सामळ कहे पंडित आगळे, मूढ तो चाकर चोर छे. २

सामळभट्ट


---

# પાઠ ૭મો

## હાથી, ભાગ ૧લો

મોટાં શહેરોનાં ને કેટલાંક દેશી રાજ્યોનાં બાળકોએ તો હાથી જોયો હશે. હાથી રંગે કાળો હોય છે. તેનું શરીર જાડું, ઊંચું, ને ભારે હોય છે. તેના પગ ટૂંકા પણ થાંભલા જેવા જાડા ને મજબૂત હોય છે. તેની આંખ ઝીણી ને કાન સૂપડા જેવા મોટા હોય છે. તે પંખાની પેઠે કાન હલાવ હલાવ કરે છે.

હાથી જોતાંજ કોઈની પણ નજર તેની સૂંઢ તરફ જાય છે. તેનો ઉપલો હોઠ ને નાક, બે ભેગાં થઈ તેની સૂંઢ બનેલી છે. તેને છેડે બે નસકોરાં અને આંગળી જેવો આકાર હોય છે, તેથી તે ઝીણામાં ઝીણી વસ્તુ પણ સહેલથી ઉંચકી શકે છે.



હાથીની સૂંઢ તેને નાક, હાથ, પાણી ઉરાડવાની નળી, અવાજ કરવાનું રણશીંગડું, અને હથિયારની ગરજ સારે છે. તેને તે ગમે તેમ વાળી શકે છે ને લાંબી-ટૂંકી કરી શકે છે. તે વડે તે મોટાં મોટાં ઝાડોને તોડી નાંખે છે ને શત્રુને પકડી દૂર ફેંકે છે. તેમજ એકેક પાંદડું કે ફૂલ પણ તે સુંદર રીતે તોડી કે ચૂંટી શકે છે. તેને પાણી પીવું હોય છે ત્યારે તે સૂંઢની અણી વડે જોઈતું પાણી નસકોરાંમાં લે છે ને મોંમાં નાંખે છે.

હાથીને નહાવું બહુ ગમે છે. તે સૂંઢમાં પાણી લઈ આખા શરીર પર નાંખે છે.

સૂંઢનો એક ઉપયોગ આપણા હાથના ઉપયોગ જેવો છે; તેથી આપણે એ પ્રાણીને હાથી કહીએ છીએ.

હાથીની સૂંઢમાં બે બાજુએ બે મોટા સફેદ દાંત હોય છે. કેટલીક હાથણીને એ દાંત હોતા નથી ને કેટલીકને બહુ નાના હોય છે. એ વડે એ ભારે વસ્તુ ઉંચકીને ફેંકી દે છે. કેટલાક દેશમાં એની પાસે લાકડાં ઉંચકાવે છે. એ બે દાંત હાથીને ચાવવામાં કામ લાગતા નથી; તેથી 'હાથીના ચાવવાના જુદા ને બતાવવાના જુદા' એવી આપણામાં કહેવત છે. આ હાથીદાંતનાં સ્ત્રીઓને હાથે પહેરવાના ચૂડા, રમકડાં, છત્રીના દાંડા, ચપ્પુના હાથા, વગેરે બને છે.

હાથીનું શરીર ભારે હોય છે; પણ તે ડોલતો ડોલતો સુંદર રીતે ચાલે છે.

---

# પાઠ ૮મો

## હાથી, ભાગ રજો

જૂના વખતમાં આપણા દેશમાં હાથી લડાઈમાં વપરાતા. જોદ્ધાઓ એના પર બેસી લડવા જતા. હાથી, ઘોડા, રથ, અને પાયદળ, એ ચાર લશ્કરના ભાગ ગણાતા.

હાલ હાથી પર રાજાની સવારી નીકળે છે. મોટાં શહેરોમાં તવંગર લોકોનાં છોકરાં વરઘોડામાં હાથી પર બેસે છે. તેના

પર શોભિતી બેઠક કરવામાં આવે છે, તેને હોદ્દો કે અંબાડી કહે છે. તેનો હાંકનાર મહાવત કહેવાય છે. તે અંકુશ વડે હાથીને કબજે રાખે છે.

વગડાઉ હાથી જુવાનીમાં આવે છે ત્યારે તેનાં લમણાંમાંથી રસ નીકળે છે, તેને મદ કહે છે. તે વખત તે અભિમાની ને માતેલો થાય છે.

હાથી મળતાવડું પ્રાણી છે. તે દસવીસનાં ટોળામાં રહે છે. તેની બુદ્ધિ તેજદાર અને યાદદાસ્ત જબરી હોય છે. કરેલો ઉપકાર તે કદી ભૂલતો નથી, તેમજ તેને કોઈએ કરેલી ઈજાનું વેર વાળ્યા વગર રહેતો નથી. તે વાઘથી બહુ બીએ છે. તેની સામા થવાને તેને કેળવવો પડે છે.

હાથી ઘણું ઉદ્યોગી પ્રાણી છે. તેને કંઈ ને કંઈ કામ કર્યા વિના જંપ વળતો નથી. તે માણસની પેઠે એક પર એક લાકડાં ગોઠવી શકે છે. કંઈ કામ ન હોય ત્યારે તે રમત રમે છે, પાંદડાં ઉછાળે છે, ને રેતી કે માટી ઉરાડે છે. માથાં વડે તે મોટાં મોટાં ઝાડ હચમચાવી નાંખે છે. રમતાં તે મોટો અવાજ કરે છે.

બાળકો! ઘણા હાથીઓ તમારા જેવા રમતીઆળ હોય છે. માબાપ કે શિક્ષક તમારી પાસે ન હોય તો તમે જેમ તમને સોંપેલું કામ કરવાને બદલે રમવામાં મન ઘાલો છો, તેમ હાથી પર કોઈ દેખરેખ રાખનાર ન હોય તો તે પણ રમવા માંડે છે.

એક વાર એક માણસ ઘોડા પર સવાર થઈ ફરવા નીકળ્યો હતો. તેનો ઘોડો ભારે અવાજ સાંભળી એકદમ ચોંકયો ને ચાલતો બંધ થયો. બહુ મુશીબતે થોડેક દૂર જતાં સવારના જોવામાં એક હાથી આવ્યો. તે પાળેલો હતો ને એક મોટું લાકડું ખેંચતો હતો. થાકને લીધે તે અવાજ કરતો હતો. તે સમજ્યો કે મારા અવાજથી ઘોડો ચમકે છે. તેથી તેણે પાછા ફરી લાકડું પીઠ પાછળ ફેંકી દીધું. ઘોડો હજી મારાથી બીએ છે એમ તેને લાગ્યું એટલે તે વધારે પાછળ હઠયો. છેવટે, ઘોડાને હિંમત આવી ને તે ચાલતો થયો. હાથી કેવું શાણું ને સમજુ પ્રાણી છે!

---

# પાઠ ૯મો

## પાણીઃ ઉપયોગ અને કાર્ય, ભાગ ૧લો

શિક્ષક—છોકરાં, બોલો, નક્કર પદાર્થ અને પાણીમાં શો ફેર છે?

છોકરાં—સાહેબ, પાણીનો તો રેલો જાય છે, નક્કર પદાર્થનો જતો નથી.

શિક્ષક—ખરી વાત. પાણી, દૂધ, તેલ, એ બધાં પ્રવાહી પદાર્થ છે. એ ખોબામાં લેવાતાં નથી. હાથમાંથી નીચે પડી જાય છે. એને જ્યાં મૂકીએ ત્યાંથી વહી નીચી નીચી જમીનમાં જાય છે. પાણીનો આકાર

કહી શકશો ? ગોળ છે કે ચપટો? ઇબ્રાહીમ, તું બોલ.

ઇબ્રાહીમ—સાહેબ, એનો આકાર સમજાતો નથી.

શિક્ષક—એ સરખી જમીન પર ફેલાએલું રહે છે. ઊંચી-નીચી જમીન હોય તો એ નીચી જમીન તરફ વહે છે. જે વાસણમાં પાણી ભરીએ તે વાસણના જેવો એનો આકાર દેખાય છે. એ શીશીમાં શીશીના આકારનું દેખાય છે ને તપેલામાં તપેલાના. એને પોતાનો આકાર નથી.

પાણીમાં તમે તમારૂં મોં જોઈ શકો છો? છગન, તું બોલ.

છગન—હા, જી. કાચમાં જેમ મોં દેખાય છે, તેમ પાણીમાં પણ દેખાય છે. દૂધમાં મોં દેખાતું નથી.

શિક્ષક—ખરૂં. કાચ ને પાણી બંને એ વાતમાં સરખાં છે. એની આરપાર જોઈ શકાય છે; માટે એ પારદર્શક કહેવાય છે. જુઓ, આ પાણીના પવાલામાં હું ખાંડ નાંખું છું અને આ બીજા પવાલામાં ચૂનાનો ગાંગડો નાંખું છું. શું થયું? જમશેદજી, તું કહે.

જમશેદજી—સાહેબ, ખાંડ ઓગળી ગઈ; ચૂનો તો થોડો ઓગળ્યો છે, બધો નહિ.

શિક્ષક—ખરી વાત. પાણીમાં પદાર્થને ઓગાળવાનો ગુણ છે. પાણીમાં છિદ્ર છે. જેમ વાદળીનાં છિદ્રમાં પાણી પેસી જાય છે, તેમ પવાલામાં પાણીનાં છિદ્રમાં ખાંડ અને ચૂનો પેસી ગયાં. છિદ્રો પુરાઈ જવાથી થોડોક ચૂનો રહ્યો, તે પવાલાને તળીએ બેઠો છે.

# પાઠ ૧૦મો

## પાણીઃ ઉપયોગ અને કાર્ય, ભાગ ૨જો

શિક્ષક—છગન, કહે, પાણી શાં શાં કામમાં આવે છે?

છગન—સાહેબ, પાણી પીવામાં, નહાવામાં, રાંધવામાં, ને લુગડાં ધોવામાં વપરાય છે.

શિક્ષક—બરાબર. પાણીથી દરેક જાતની ગંદકી ધોઈ નંખાય છે. પાણી એ ગંદકીનો કટ્ટો દુશ્મન છે. ગંદી જગાએ રહેવાથી અને ગંદાં કપડાં પહેરવાથી આપણી તબીઅત બગડે છે. પાણી જગાને ને શરીરને સ્વચ્છ કરી આપણા આરોગ્યને ફાયદો કરે છે. આપણી ચામડી છિદ્રાળુ છે; માટે આપણે દરરોજ શરીર ચોળીને નહાવું. વરસાદનું ભારે ઝાપટું પડે છે ત્યારે રસ્તા કેવા થાય છે? મગન, તું બોલ.

મગન—સાહેબ, કાદવ ધોવાઈ જાય છે ને રસ્તા સાફ થાય છે.

શિક્ષક—ખરી વાત. વરસાદ જમીનને સ્વચ્છ કરે છે અને કાદવને ને કચરાને નદીમાં ઘસડી જાય છે. નદીમાંથી તે દરિયામાં જાય છે. કેટલોક કાદવ નદીને તળીએ ઠરે છે. એમ દરેક વર્ષે નદીમાં કાદવના થર બંધાય છે. થર બંધાતાં બંધાતાં નદીમાં ટેકરા જેવું થાય છે, એ ખરાબા કહેવાય છે. એવા ખરાબા સાથે હોડી અથડાય તો તે ભાંગી જાય

છે. કેટલીક વાર એવા એકઠા થએલા કાદવ પરનું બધું પાણી સુકાઈ જાય છે, એટલે તેનો બેટ બને છે. ગંગા, ગોદાવરી, ને કૃષ્ણા નદીનાં મુખ આગળ એવા ઘણા બેટ થયા છે. તેમાં ડાંગેરનો સારો પાક થાય છે. નીચેનું ચિત્ર જુઓ.



નદીકિનારે રેતી હોય છે તે શેની બને છે, તે તમે જાણો છો ?

બાળકો—ના, સાહેબ.

શિક્ષક—વરસાદનું પાણી મોટા મોટા ડુંગરોમાં વહી તેમાં ફાટ પાડે છે. એ ફાટ વરસોવરસ વધતાં વધતાં વચ્ચે ખાડા પાડે છે. ડુંગરોની વચ્ચેના એવા ખાડાને ખીણ કહે છે.

પાણીનો પ્રવાહ પોતાના બળથી ડુંગરોમાંથી પત્થરનાં ચોસલાં છૂટાં પાડે છે. એ ચોસલાંના પથરા બને છે. પાણીથી ઘસાઈ ઘસાઈને પથરાના કાંકરા થાય છે અને કાંકરાની ઘસાઈ ઘસાઈને રેતી બને છે.

---

## પાઠ ૧૧મો

### ગરુડ



બધાં પક્ષી શિકારી નથી હોતાં. ઘુવડ, સમડી, ગીધ, રુડ, એ બધાં શિકારી પક્ષી છે. એ બધાંમાં ગરુડ સહુથી

મોટું ને ભયંકર છે. જેમ સિંહ વનનો રાજા છે, તેમ ગરુડ આકાશનો રાજા છે. પશુમાં સિંહ સહુથી વધારે બળવાન છે; પક્ષીમાં ગરુડ.

ગરુડના પંજા એવા જબરા હોય છે ને એની પાંખ એવી મોટી હોય છે કે ગમે તે પક્ષીને, તેમજ સસલા, ઘેટા, કે નાના બાળકને પણ પકડીને તે ઊડી શકે છે. ખેતરમાં છૂટાં પડેલાં બાળકને ઉપાડીને ઊડી ગએલાં ગરુડોના દાખલા મોજૂદ છે.

કેટલીક વાર હરણ જેવા મોટા પ્રાણી પર પણ ગરુડ તરાપ મારે છે. ઘણે ઊંચેથી પોતાની તીણી નજરે તે શિકાર જુએ છે ને સડપ દઈને તેને પંજામાં પકડી ઊડી જાય છે. શિકારને એકાંતમાં લઈ જઈ તે ફાડી ખાય છે.

શિકાર સાથે તે હમેશ ફાવી શકતું નથી. એક વખત એક મોટા ગરુડે બિલાડીને પકડી. પછી તે ખૂબ ઊંચે ઊડયું. પણ બિલાડીએ તેને એવા જબરા પંજા માર્યા ને દાંત બેસાડયા કે ગરુડ પણ બો ભૂલી ગયું. તેણે બિલાડીને પડતી મૂકવાની કોશીશ કરી, પણ બિલાડી તેને પકડીજ રહી. છેવટે, બંને જમીન પર પડયાં. જે લોકો આ જોતા હતા તેમાંથી કેટલાકે તે બંનેને પકડી લીધાં.

ગરુડ સુમારે ત્રણેક ફૂટ લાંબું હોય છે. ઉઘાડી પાંખ સાથે તેને માપતાં તે ઘણુંખરૂં આઠેક ફૂટ થાય છે.

તે કાળા રંગનું હોય છે, પણ તેની ગરદનનો પાછલો ભાગ પિળાશ પડતો હોય છે, તેથી સૂર્યના તેજમાં તે ભાગ સોનેરી દેખાય છે.

ગંધ પારખવાની એની શક્તિ જબરી હોય છે. એની આંખ ચકચકિત, ને દૂરથી ઝીણી વસ્તુ જોઈ શકે એવી હોય છે.

એ પક્ષી એકાંત જગામાં જોડકામાં રહે છે. પહાડોની ટોચ પર કે બાજુ પર ઊંચે એ પોતાનો માળો બાંધે છે.

એ પક્ષીને અજબ રીતે પકડી ને મારી શકાય છે. નાની સરખી જમીનની આસપાસ ચાર દિવાલ કરી તેને બંધિયાર કરી લેવામાં આવે છે. પછી તેમાંથી એક દિવાલમાં ગરુડ દાખલ થઈ શકે તેટલું બાકું રાખવામાં આવે છે. ત્યાં આગળ એક મજબૂત દોરીનો ગાળો નાંખવામાં આવે છે.

દિવાલોની વચ્ચે જમીન પર માંસ નાંખવામાં આવે છે. તે માંસ દૂરથી જોઈ ગરુડ તે જમીન પર ઉતરે છે. માંસ ખાઈ તે ધરાય છે એટલે આળસુ બને છે. તેને ઊડવું ગમતું નથી; તેથી દિવાલોની ઉપર ન ઊડતાં તે પેલા બાકામાં જાય છે. જેવું તે તેમ કરે છે કે પેલા ગાળામાં તે સપડાઈ જાય છે. તે જેમ જેમ ગાળો ખેંચે છે, તેમ તેમ તે વધારે વધારે બંધાય છે ને ગુંગળાઈને મરી જાય છે.

---

# પાઠ ૧૨મો

## વહેમ

તારાલક્ષ્મી—જડાવબેન! આજ કેમ આટલાં બધાં મોડાં આવ્યાં? ઘરમાં સહુ સારાં તો છે કેની?

જડાવ૦—બેન ! કીકાને તાવ આવ્યો છે. કાલે જમવા બેઠો હતો તે વખત પેલી ચંદા આવી ચઢી. એની નજર બહુ કરડી છે. કીકાને એની નજર લાગી, તેથી તે માંદો પડયો છે. રાઈમીઠું ઉતારી નજર બાંધી, તે રાઈમીઠું એવું ગંધાયું ને વાડકો થાળીમાં એવો તો ચોંટી ગયો કે ખુલ્લુંજ જણાય છે કે નજર બહુ સખ્ત લાગી છે. કીકાની નજર બાંધી સુવાડીને આવી, તેથી વાર લાગી.

તારા૦—બેન જડાવ ! આ તમારો વહેમ છે. બેન ! એવા વહેમ ન રાખવા. કોઈની નજર કોઈને લાગતી નથી. એમ કોઈનું ખોટું કરવાનું આપણા હાથમાં હોય તો ઘણા વેરીલા ને ખારીલા માણસો પોતાના શત્રુને નુકસાન કર્યા વિના રહે નહિ. ઈશ્વરનું ધાર્યુંજ થાય છે. રાઈમીઠું તો ગંધાયજ તો ! વાડકો ચોંટી ગયો તે હવાના દબાણથી. નજર બાંધવાને બદલે તમારે કીકાને તુલસી નાંખી ચાહ પાવી હતી. પરસેવો થઈ તાવ ઉતરી જાત. રાતે હરડે ઘસીને પાજો. પેટ સાફ આવશે. બેન ! હરડે તો તાંબાની માત્રા છે.

જડાવ૦—બેન ! હવેથી નજર નહિ બાંધું. રાતે હરડે પાઈશ. પણ બેન ! રવિવારે ને મંગળવારે આપણે ચકલે લોકો ઉતાર મૂકે છે. એમાં પગ મૂકવાથી માંદાં પડાય છે, એમ કહે છે. એ ખરી વાત હશે ?

તારા૦—બેન ! કેટલીક વાર કાગનું બેસવું ને તાડનું પડવું એવું થાય છે. ઉતારમાં પગ મુકાયો હોય ને રાતે

તબીઅત બગડે તો નબળા મનના માણસને તરત વહેમ આવે કે ઉતારમાં પગ પડવાથી હું માંદો પડયો. બેન ! કોઈથી કોઈનું બગાડાતું નથી. બધી દોરી ઈશ્વરના હાથમાં છે. તેના પર ભરોસો રાખી મંદવાડના ઉપાય કરવા. વહેમ ન રાખવો. વહેમ રાખવાથી મન પર અસર થાય છે. મનની અસર શરીર પર થાય છે ને ન મંદવાડનો મંદવાડ આવે છે.

જડાવ૦—બેન ! એ તો ઠીક; પણ શુકનની તો ખરીજ વાત છે. કીકાને તાવ આવ્યો તે પહેલાં મારી જમણી આંખ ફરકી હતી.

તારા૦—બેન ! એ પણ કાગનું બેસવું ને તાડનું પડવું, એના જેવું છે. સારા શુકન જોઈને કામ કરવાથી હમેશ સારૂંજ બને તો બધાં એમ કરે. પણ બેન ! ગમે તેવા સારા શુકન જોઈને કામ શરૂ કરીએ, તે છતાં નઠારૂં પરિણામ આવવાનું હોય તો તે અટકાવી શકાતું નથી; માટે કોઈ પણ જાતનો વહેમ ન લાવવો. 'મંછા ભૂત ને શંકા ડાકેણ,' એ કહેવત તમે સાંભળી હશે. ભૂત, પ્રેત, ને ડાકેણની બધી વાતો ખોટી છે. મન દઢ રાખવું. પ્રભુ પર વિશ્વાસ રાખવો. ધુતારા લોકો પેટ ભરવા ગમે તેમ સમજાવે તેમનું સાંભળવું નહિ. બેન ! તમે ભોળાં છો, માટે હું તમને ચેતવું છું.

જડાવ૦—બહુ સારૂં. બેન, હું તમારી સલાહ પ્રમાણે વર્તીશ.

# पाठ १३मो

## साहस

### लावणी

सहु चळो जीतवा जंग, ब्यूगलो वागे,
या होम करीने पडो, फतेह छे आगे. टेक.
केटलांक करमो विषे, ढील नव चाले,
शंका भय तो बहु राज, हामने खाळे;
हजि समय नथी आवियो, कही दिन गाळे,
जन ब्हानु करे नव सेर, अर्थ को काळे;
झंपलावाथी सिद्धि, जोई बळ लागे,
या होम० सहु चळो० या होम० १

साहसे ज्ञातिना बंध, कापि झट नाखो,
साहसे जाओ परदेश, ब्हीक नव राखो;
साहसे करो वेपार, जमे बहु लाखो,
साहसे तजी पाखंड, ब्रह्मरस चाखो;
साहसे नर्मदादेश, दुःख सहु भागे,
या होम० सहु चळो० या होम० २

नर्मद

# પાઠ ૧૪મો

## સાવિત્રી ને સત્યવાન, ભાગ ૧લો

પૂર્વે અશ્વપતિ નામનો એક ઘણો ધર્મિષ્ઠ રાજા રાજ્ય કરતો હતો. તેને એકે પુત્ર નહોતો; માત્ર એક પુત્રી હતી. તે સાવિત્રી દેવીની કૃપાથી જન્મી હતી, માટે તેનું નામ સાવિત્રી પાડવામાં આવ્યું હતું.

પુત્રી પર રાજાને ઘણું વહાલ હતું. વખત જતાં તે મોટી થઈ, એટલે તેના લગ્નને માટે રાજાને ફીકર થવા માંડી. મનગમતો વર શોધી લેવા પિતાએ પુત્રીને રજા આપી.

દ્યુમત્સેન નામે રાજા હતો. તે આંધળો થયો એટલે તેના એક વેરીએ તેનું રાજ્ય લઈ લીધું, તેથી તે વનમાં જઈને વસ્યો. તેનો પુત્ર સત્યવાન સાવિત્રીને પસંદ પડ્યો.

અશ્વપતિને સાવિત્રીએ કહ્યું કે મને સત્યવાન લાયક લાગે છે; એમની સાથે મને પરણાવો. અશ્વપતિ પાસે આ વખતે નારદ ઋષિ બેઠા હતા. તેમણે સાવિત્રીનું વાક્ય સાંભળીને કહ્યું કે હે રાજા! સત્યવાન ગુણવાન છે. પણ એને પરણવાની ઇચ્છા કરી, એ સાવિત્રીએ અજાણતાં ઘણું હાનિકારક કામ કર્યું છે. સત્યવાન તેજસ્વી છે, વીર છે, ક્ષમાવાન છે. વળી એ ઉદાર છે, સત્યવાદી છે, દેખાવડો છે. છતાં, આ બધા ગુણોને ઢાંકી દે એવી તેના સંબંધમાં એક બાબત છે. તે એ કે એક વર્ષ રહીને તેનું આવરદા પૂરું થશે. એવાને વર તરીકે કેમ પસંદ કરાય?

આ સાંભળી અશ્વપતિએ સાવિત્રીને કહ્યું કે પુત્રી ! તું બીજા વરને પસંદ કર.

સાવિત્રીએ કહ્યું, ભલે તેનું આવરદા ટૂંકું હો. મારા મનથી હું તેને વરી ચૂકી છું. એક વાર મનથી જેને હું વરી ચૂકી તેનેજ હું પરણીશ. મારૂં મન ડગે એમ નથી. હે પિતા ! મારો વિચાર ફેરવવો એ મને પાપ લાગે છે.

નારદે જોયું કે સાવિત્રી મક્કમ છે, તેથી તેમણે અશ્વપતિને કહ્યું, હે રાજા ! ભલે તારી પુત્રી સત્યવાનને પરણે. તેને મારો આશીર્વાદ છે.

રાજાએ સાવિત્રીને સત્યવાનની સાથે પરણાવી. સત્યવાન ને સાવિત્રી એકબીજાંને ઘણું ચહાતાં ને આનંદમાં રહેતાં હતાં.

લગ્ન થયા પછી વર્ષ થવા આવ્યું ને સાવિત્રીના પેટમાં ફાળ પડી. નારદે કહેલો મરણનો દિવસ જેમ જેમ નજીક આવતો ગયો, તેમ તેમ સાવિત્રી સાવચેત બનતી ગઈ. છેવટે, તે ભયંકર દિવસ આવ્યોજ.

---

# પાઠ ૧૫મો

## સાવિત્રી ને સત્યવાન, ભાગ ૨જો

તે ભયંકર દિવસે સત્યવાન વનમાં લાકડાં ને ફળ લેવા ગયો હતો. સાવિત્રી તેને જરા પણ છૂટો મૂકતી નહોતી. વનમાં તે તેની જોડે ગઈ હતી. વનમાં ઝાડની ડાળી કાપતાં તે થાકી ગયો. આજ મને કંઈ ચહેન પડતું નથી. એમ કહી તે સાવિત્રીના ખોળામાં માથું મૂકી સૂતો.

સાવિત્રી સમજી કે એ ઊંઘી જશે, પણ એ ઊંઘ કારમી થશે. જે થતું હતું તે તે ધ્યાનથી જોયા કરતી હતી. એટલામાં હાથમાં દોરી લઈને આવેલો તેણે એક દેવતાઈ પુરુષ જોયો. તે સત્યવાનની પાસે ઊભો હતો અને તેના પર તેની નજર હતી. તેને સાવિત્રીએ પૂછયું, તું કોણ છે ?



તેણે કહ્યું, હું યમરાજા છું. સત્યવાનનું આવરદા પૂરૂં થયું છે. હું તેને લઈ જવા આવ્યો છું. એમ કહી યમે તેનો જીવ લીધો અને દક્ષિણ તરફ જવા માંડયું.

સાવિત્રી અત્યંત દુઃખી થઈ અને યમની પૂંઠે પૂંઠે ગઈ. યમે કહ્યું, હે સાવિત્રી ! તેં તારા ધણીની બને તેટલી સેવા કરી છે. હવે તું જા. પાછી ફર. તારા ધણીની મરણક્રિયા કર.

સાવિત્રી—જ્યાં મારા ધણી જાય ત્યાં મારે જવું એ મારી ફરજ છે. તમે એમનો જીવ લઈ જાઓ છો, માટે હું તમારી પાછળ આવું છું.

યમ—બેન, તું પાછી ફર. તેં બહુ શ્રમ વેઠયો છે. તારા મીઠા શબ્દથી તેં મારૂં મન હરી લીધું છે. તારા ધણીના પ્રાણ સિવાય તારે જે માગવું હોય તે માગ. હું તે આપીશ.

સાવિત્રી—મારા સસરા આંધળા છે. તે દેખતા થાય, એવી કૃપા કરો.

યમ—તથાસ્તુ! જા, તારૂં માગ્યું થશે. હવે તું પાછી ફર. બેન, તું થાકી ગઈ છે.

સાવિત્રી—મારા સ્વામીની પાછળ જવામાં મને લગારે થાક લાગતો નથી. એમને સુખે હું સુખી, ને એમને દુઃખે હું દુઃખી. જે એમની ગતિ તેજ મારી ગતિ હોવી જોઈએ.

યમ—બેન, તું ખરી પતિવ્રતા છે. એથી હું તારા પર બહુ રાજી થયો છું. તારા ધણીના પ્રાણ સિવાય ફરી તારે જે માગવું હોય તે માગ. હું તે આપીશ.

સાવિત્રી—મારા સસરાજીનું રાજ્ય ગયું છે, તે તેમને પાછું મળે એવી કૃપા કરો.

યમ—તથાસ્તુ! બેન, હવે તો પાછી ફર. તું બહુ થાકી ગઈ છે.

સાવિત્રી—દયાળુ દેવની પાછળ જવામાં થાક કેવો ! આપ બહુ કૃપા કરો છો. હું તો આપની પાછળ પાછળ આવવાની.

યમ—આ તારૂં ઘણું મીઠું વચન સાંભળી હું પ્રસન્ન થયો છું. તારા ધણીના પ્રાણ સિવાય તારે જે ત્રીજું માગવું હોય તે માગ.

સાવિત્રી—મારા પિતાને એકે પુત્ર નથી, તેથી તે બહુ દુઃખી છે. તેને સો પુત્ર થાઓ !

યમ—તથાસ્તુ ! હવે તો તું જરૂર પાછી ફર. તું બહુ દૂર આવી છે.

સાવિત્રી—સારાના સંગમાં હમેશાં હર્ષજ હોય. મને આપની પાછળ આવવામાં થાક લાગનાર નથી.

યમ—બેન, તારી વાણીથી હું વશ થયો છું. તારે ચોથી વાર જે માગવું હોય તે માગ.

સાવિત્રી—સત્યવાનથી મને સો પુત્ર થાય એવું વરદાન આપો.

યમ—જા, તેમ થશે.

સત્યવાન જીવતો થયો ને પતિપત્નીએ ત્યાર પછી સુખમાં દિવસ ગાળ્યા.

# પાઠ ૧૬મો

## કાચ

તમે કાચની ઘણી ચીજો જોઈ હશે. રકાબી, ચમચા, પ્યાલા, ચલાણાં, ચિમની, ખડીઆ, ફાનસ, હાંડી, તકતા, ઝુમ્મર, આરસી, આરસા, એ બધું કાચનું બને છે. એ બધું તમે જોયું હશે. પણ કાચ શેનો બને છે તે વિષે તમે વિચાર કર્યો છે?

ચકમક એ એક જાતનો કઠણ પત્થર છે. દીવા કરવાની દીવાસળી નહોતી, ત્યારે લોકો ચકમકના ઘસારાથી દેવતા પાડતા. એ ચકમક કે રેતી ને સોડા કે પોટાશ જેવા ખારની મેળવણીથી કાચ બને છે. એ કાચા પદાર્થોને ભઠ્ઠીમાં ગાળે છે ને એના રસમાંથી કચરો કાઢી નાંખે છે.

કાચ ઘણો બરડ છે. તેને ટકાઉ કરવા ધીમે ધીમે ટાઢો પાડે છે.

કાચ ઘણી જાતના થાય છે, તેમાં મુખ્ય ત્રણ જાત છે.

૧. એક જાતના કાચને ચકમકનો કાચ કહે છે. એ ઘણો સાફ અને સુંદર કાચ છે. મોટી નળી મારફત બીબામાં રસ રેડવાથી એ કાચના પ્યાલા, રકાબી, ચમચા, વગેરે વાપરવાના પદાર્થો બને છે.

૨. બારીનો કાચ—આ કાચ બારીના કામમાં વપરાય છે. પોચા કાચના જથાને લોઢાની નળીના છેડા પર રાખી ભઠ્ઠી પાસે ફેરવવાથી એ કાચ બને છે.

૩. આરસાનો કાચ—આ ઉત્તમ જાતનો કાચ છે. લોઢાના મેજ પર કાચ બનાવવાના રસને રેડવાથી એ કાચ બને છે. પછી એને દબાવીને સાફ કરવામાં આવે છે.

ગરમીથી કાચને પોચો કરે છે ત્યારે તે બહુ ચીકણો થાય છે અને તેના બધી તરેહના ઘાટ થઈ શકે છે. તે લાલચોળ ગરમ હોય છે ત્યારે તેના કકડા જોડી શકાય છે. તે ઓછો ગરમ હોય છે ત્યારે તેને વાળવો હોય તેમ વાળી શકાય છે અને ચપ્પુ કે કાતરથી કાપી શકાય છે. ઠંડો થાય છે ત્યારે તે છેક બરડ થાય છે.

ભાંયતળીએ, દિવાલ પર, ને છાજ પર કાચ જડી શકાય છે. કાચની એવી દિવાલ, ભાંય, ને છત સુંદર દેખાય છે. આરસાના કાચ જાતજાતના આવે છે. કેટલાકમાં આપણો ચહેરો બહુ મોટો દેખાય છે ને કેટલાકમાં ઊંધો ને હસતો દેખાય છે.

ઘણા જૂના વખતથી લોકો કાચ બનાવી જાણે છે. સહુથી પહેલાં મીસર દેશના લોકોએ કાચ બનાવવાની કળા શોધી કાઢી. ત્યાંથી તે દુનિયાના જુદા જુદા ભાગમાં ફેલાઈ.

આપણા દેશમાં ઘણી સાદી ને અસલી રીતે કાચ તૈયાર થાય છે. એ કાચની બંગડી તેમજ શીશીઓ થાય છે.

ઇંગ્લંડમાં કાચ બનાવવાની ઉત્તમ રેતી મળી આવે છે. ચીનમાં કાચનું ઘણું કામ થાય છે.


કાગળ અને છીંટને ભીનાં કરી તે પર સરસનો આછો હાથ દઈ તે પર કાચનો ભૂકો નાંખે છે. આ કાગળ ને કપડું લાકડાંને સફાઈ કરવામાં વપરાય છે.

કાચને જાતજાતના રંગ દેવાય છે. તે પર તરેહવાર ચિત્રો કઢાય છે.

કાચ પારદર્શક છે; પરંતુ આરપાર ન જોવાય એવો પણ કાચ આવે છે. એવા કાચની બારી બનાવાય છે.

હીરાકણીથી કાચને કાપવો હોય તેમ કાપી શકાય છે.

# પાઠ ૧૭મો
## ગધેડું



ગરીબ માણસ પણ ગધેડું પાળી શકે છે. ઘોડાના કરતાં એ બહુજ સસ્તું મળે છે ને થોડે ખર્ચે એનો નિભાવ

થઈ શકે છે. વળી એ શરીરે મજબૂત ને સહનશીલ હોય છે. ભાર ઉપાડનાર જાનવર તરીકે એ બહુ કામમાં આવે છે. ગધેડાં પર ઈંટ, માટી, રેતી, કે બીજો બોજ લાદી લઈ જતા કુંભારને તમે જોયો હશે.

દસબાર ગધેડાંને સાથે લઈ જતાં તેમાંનાં એકએકને જોરથી ડીફે ડીફે મારતા કુંભારને જોઈને તમારામાંનાં કેટલાંક ખુશ પણ થયાં હશો. પણ એ ખોટું છે.

નિર્દોષ કામ કરનાર જાનવરને નિર્દય રીતે મારવું કે કોઈ મારતો હોય તે જોઈ રાજી થવું, એ ઠીક ન કહેવાય. જે કોઈને ઈજા ન કરે તેને મારવું કે તેને માર પડતો હોય ત્યારે રાજી થવું, એ બાયલા માણસોને છાજે.

ગધેડું દેખાવમાં ઘોડાને કેટલીક રીતે મળતું આવે છે. એના મોંની સીકલ, એના પગ, ને એના શરીરનો બાંધો ઘોડાને હોય છે તેવાં જણાય છે. પણ તપાસીને જોશો તો તમને જાણવા લાયક ફેર પણ જણાશે.

ઘોડાની ગરદન લાંબી ને વાંકવાળી હોય છે. ગધેડાની ગરદન ટૂંકી ને સીધી હોય છે. ગધેડાનું ડોકું સીધું ને નીચુંજ રહે છે. આથી ઘોડો શોભિતો જણાય છે, ત્યારે ગધેડું રૂઆબ વગરનું જણાય છે.

ઘોડાના કાન નાના હોય છે ને તે આગળ પડતા રહે છે. ગધેડાના કાન લાંબા હોય છે ને તે પાછળ પડતા રહે છે.

ઘોડાની માફક ગધેડાની આંખો પણ માથાની બાજુ પર હોય છે. ડોકું ફેરવ્યા વગર ગધેડું દરેક દિશા તરફ

જોઈ શકે છે; તેથીજ ગધેડાને પણ ઘોડાની માફક અંધારી ચઢાવવામાં આવે છે.

ચાવતી વખત ઘોડાના દાંત માત્ર ઉપરનીચે હાલે છે; ગધેડાના દાંત ઉપરનીચે તેમજ પાસાં તરફ પણ હાલે છે. બંનેને આગળ ૭ દાંત હોય છે ને પાછળ ચોવીસ દાઢ હોય છે.

ઘોડા કાળા, વાદળી, રાતા, સફેદ, એમ જુદા જુદા રંગના હોય છે. ગધેડાંની ખાંધ ને પીઠ પર કાળો પટો હોય છે; ઘોડાને તે નથી હોતો.

ગધેડાંના પગ પાતળા ને મજબૂત હોય છે. દરેક પગે એક આંગળી હોય છે ને તે પર એક ખરી હોય છે. એ ખરીને નાળ મારવામાં આવે છે, એટલે ગધેડાંને ચાલતાં પત્થરની ઈજા થતી નથી.

ગધેડું ઘણું નરમ હોય છે. તે કોઈને ઈજા કરતું નથી. તેના પર દયા બતાવીએ તો તે અનહદ કામ આપ્યા કરે; પણ ઘણુંખરૂં તેને ઓછામાં ઓછું ખવડાવી, ઓછામાં ઓછો આરામ આપી, તેની પાસે વધારેમાં વધારે કામ લેવામાં આવે છે. રસ્તામાં જે કંઈ નજરે પડે તે ખાવા તે ઊભું રહે છે, તે જોઈ અજાયબ પામવા જેવું નથી.

# पाठ १८मो

## हिंमतवान् थाओ.

छप्पो

हारण नर जे होय, मूर्खमां तेज गणाये;
हारण नर जे होय, उदय तेनो नहि थाये;
हारण नर जे होय, सर्वमां ते निंदाये;
हारण नर जे होय, पांचमां नहि पंकाये.
वळी हारण नर जे होय ते, संबंधीने साल छे;
अणसमजू वयथी वध्यो, पण ते नानो बाल छे. १


हारण नहि वखणाय, तणाय बिजाने जोरे;
हारण शुभ करि काम, नहीं यश कदी वधारे;
हारण माने मोत, जीववा करतां सारूं;
हारण लेखे खरूं, सर्व दुख सदैव खारूं;
वळि हारण नर जे हाय ते, बीजाने पूजी करे;
सारूं नरतूं थाय तो, काया तेनी थरथरे. २

केशव

# પાઠ ૧૯મો

## સાદા જીવનનો આનંદ

લલિતા નામની એક ગોવાળની દીકરી હતી. તેનો પિતા મરણ પામ્યો હતો અને માતા મંદવાડને લીધે



પથારીવશ હતી. આથી ગાયો ચરાવવાનું કામ તેને માથે હતું. ગામની બહાર નાની નાની ટેકરીઓ હતી, તે પર તે દરરોજ ગાયો ચરાવવા લઈ જતી. સાંજે પાછા ફરતાં તે આથમતા સૂર્યનો દેખાવ જોઈ બહુ રાજી થતી. સૂર્યનું બિંબ ધીમે ધીમે ઓછું થતું ને છેવટે દેખાતું તદ્દન બંધ થતું, તે જોવામાં તે ગોપકન્યાને ખૂબ મઝા પડતી. તે વખતનો

આકાશનો સોનેરી દેખાવ નિહાળીને તો તે ગાંડી જેવી થઈ જતી. તે ઘેર આવતી ત્યારે એક ખેડુતની સ્ત્રી તેને ઊનો રોટલો ખાવા આપતી. તે રોટલો ખાતી ખાતી, કુદરતની ખુબી જોતી, અને ગાયોની ઘંટડીનો મધુર ઝણુકારો સાંભળતી, તે આનંદમાં ઘેર પાછી ફરતી.

તે ગામના રાજાને એક કુંવરી હતી. તેની કાંતિ લલિતાની કાંતિને આબેહૂબ મળતી હતી. નસીબને જોગે તે કુંવરી મરણ પામી. રાજાને તે ઘણી વહાલી હતી, તેથી તેના મરણથી તે શોકમાં ડૂબી ગયો. તેને કોઈ પણ રીતે ચહેન પડ્યું નહિ. તે જાણતો હતો કે લલિતા નામની ગોપકન્યા રાજકુંવરી જેવીજ દેખાતી હતી. આથી તેણે લલિતાને મહેલમાં બોલાવી, પોતાની પાસે રાખી.

હવે તો લલિતાની સ્થિતિ તદ્દન બદલાઈ ગઈ. તેને પહેરવાને સુંદર પોશાક, ખાવાને મિષ્ટાન્ન, અને સૂવાને સુંવાળી પથારી, એમ જાતજાતનાં સુખ મળ્યાં. ક્યાં તેની જન્મની કંગાલ હાલત અને કયાં આ સુખ !

પણ લલિતાને આ સ્થિતિમાં બહુ રસ પડયો નહિ. તેને પોતાની ગાયો, ટેકરી પર ફરવાની મઝા, અને સાંજે ઘેર ફરતાં મળતો ઊનો રોટલો, એ બધું રોજ યાદ આવતું અને એ સ્થિતિમાં પાછા ફરવાનું મન થતું. એક દિવસ બારણા આગળ ગાયની ઘંટડીનો રણુકાર સાંભળી તે પોતાનું મન વશ રાખી શકી નહિ. તે મહેલ છોડી એકદમ પોતાને ઘેર ચાલી ગઈ.

જે સ્થિતિમાં જે ટેવાયું હોય છે તેજ સ્થિતિમાં તેને રહેવું ફાવે છે. સાદા જીવનના શુદ્ધ આનંદ આગળ રાજ-મહેલનાં મોજશોખ પણ તુચ્છ છે.

ઉપજાતિ

જે જે દશામાં જન ઊછરે છે,
તે તે દશામાં સુખમાં ફરે છે;
સ્વતન્ત્ર સાદૂં જિવવૂં જિવે જે,
વિલાસથી દૂર સદા વસે તે.

---

# પાઠ ૨૦મો

## હરિશ્ચંદ્ર, ભાગ ૧લો

ત્રિશંકુ નામે રાજા હતો. તેને હરિશ્ચંદ્ર નામનો પુત્ર હતો. હરિશ્ચંદ્ર રાજા મોટો દાતાર ને સત્યવાદી હતો. તેને તારા નામની રાણી હતી અને રોહિત નામનો પુત્ર હતો.

વસિષ્ઠ ઋષિ એ રાજાના કુળગોર હતા. રાજાએ ઘણા યજ્ઞ કર્યાં અને બ્રાહ્મણોને પુષ્કળ દાન આપ્યું. વસિષ્ઠે ઇંદ્રસભામાં જઈ રાજાનાં બહુ વખાણ કર્યાં, તેથી વિશ્વામિત્ર ઋષિને ગુસ્સો ચઢ્યો. તેમણે કહ્યું, હું હરિશ્ચંદ્ર રાજાનું સત્ય મુકાવું ત્યારે ખરો.

એક દિવસ રાજા વનમાં શિકાર કરવા ગયો. ત્યાં તે એક હરણની પાછળ દોડ્યો. એટલામાં તે હરણ ગૂમ થયું.

એટલે કેટલીક સ્ત્રીઓએ આવી રાજા પાસે ગાયન કર્યું. રાજા તેમના પર પ્રસન્ન થયો અને તેણે તેમને કહ્યું કે જે માગવું હોય તે માગો. સુંદરીઓએ કહ્યું, રાણીને કાઢી મૂકો ને અમને પરણો. રાજાએ ગુસ્સે થઈ તેમને કાઢી મૂકી.

વિશ્વામિત્ર ઋષિનો મિજાજ ગયો અને તે રાજા પાસે આવ્યા. તેમણે કહ્યું, હે રાજા, તેં મારી દાસીઓને કાઢી મૂકી મારૂં અપમાન કર્યું છે. રાજાએ ઋષિને પગે લાગી શાંત કર્યા.

એક વખત રાજા સૂતો હતો, તેને એવું સમણું આવ્યું કે મેં મારૂં આખું રાજ્ય કોઈ બ્રાહ્મણને દાનમાં આપી દીધું. રાજા જાગ્યો એટલે તેણે વિશ્વામિત્ર ઋષિને પાસે ઊભેલા દીઠા. રાજાએ તેમની પૂજા કરી કહ્યું, હે મહારાજ! જે જોઈએ તે માગો. ઋષિએ કહ્યું, મને બે ભાર સોનું આપ. ઋષિને જોઈતું સોનું આપવા રાજાએ ભંડારીને હુકમ કર્યો. વિશ્વામિત્રે કહ્યું કે હે રાજા, તું તારૂં બધું રાજ્ય તો સમણામાં મને આપી ચૂક્યો છે. માટે તું, તારી રાણી, ને કુંવર રાજ્ય છોડી નગરમાંથી બહાર નીકળો અને મારૂં સોનું માગી લાવીને મને આપો. એમ કહી ઋષિએ તેમનાં વસ્ત્ર ઉતારી લઈ તેમને વનમાં કાઢ્યાં.

ઋષિ બ્રાહ્મણને વેશે તેમની પાસે વનમાં ગયા અને તેમણે તેમના જોડા માગ્યા. રાજા, રાણી, તથા કુંવરે તેમને જોડા કાઢી આપ્યા. પછી ઋષિએ વનને સળગાવી મૂક્યું ને રાજાથી ને કુંવરથી રાણીને વછૂટી પાડી.



ત્યાર પછી ઋષિએ બળતું શબ લીધું અને રાણીની પાસે જઈ તેને કહ્યું કે તારો સ્વામી વન સળગવાથી બળી મુઓ છે. જો, આ તેનું શબ. રાણી સ્વામીની પાછળ સતી થવા તૈયાર થઈ એટલે મુનિએ તેને કહ્યું, સાંજને વખતે સતી થવાય નહિ; તું મારે આશ્રમે ચાલ. રાણીએ તેમ કરવાની ના કહી અને શબને ખોળામાં લઈ રોવા માંડયું, એટલામાં વાઘ આવી તે શબને ખેંચી ગયો.

થોડા વખત પછી, રાજા, રાણી, ને કુંવર ભેગાં થયાં અને કાશી ગયાં.

# પાઠ ૨૧મો

## હરિશ્ચંદ્ર, ભાગ ૨જો

રાજા, રાણી, અને કુંવર કાશી પહોંચ્યાં એટલ ઋષિએ રાજાને કહ્યું, મને મારૂં સોનું આપ. હવે આવનાર નથી. ત્રણે જણાં બજારમાં વેચાવા ઊ એક બ્રાહ્મણે રાણી અને કુંવરને એક ભાર સોનું વેચાતાં લીધાં અને એક ઢેડાએ એક ભાર સોનું આપી રાજાને



પાઠ ૨૧મો

.મ મેળવેલું બે ભાર સોનું ઋષિને આપી
.યો.

.ંગે ઢેડાને ચઢાવ્યો, તેથી તે રાજાને રોજ
.તું ખાવાનું પણ આપે નહિ. તેણે કર ઉઘરાવવા
.ાણ મોકલવા માંડયો.

.માં વિશ્વામિત્રે એક સાપ મોકલ્યો, તે રોહિતને
.. ડંખથી કુંવર મરણ પામ્યો. રાણી કુંવરનું શબ લઈ
મસાણ ગઈ. ત્યાં તેને ખોળામાં લઈ તે કલ્પાંત કરવા લાગી.

વિશ્વામિત્રે તેની પાસે જઈ કહ્યું કે તું શબને વહેલું બાળી મૂક; નહિ તો પેલો ઢેડો કર લીધા વિના તેને બાળવા નહિ દે. આથી રાણીએ તેને બાળવાની તૈયારી કરવા માંડી. એટલે હરિશ્ચંદ્ર મસાણમાં કર લેવા બેઠો હતો, તેણે ત્યાં આવી ચિતા હોલવી નાંખી અને કર ચુકવ્યા વગર શબ બાળવા માટે તે રાણી સાથે લડયો.

પછી બંને જણે એકબીજાને ઓળખ્યાં. કુંવરનું મરણ જાણી રાજા બેભાન થઈ ધરણી પર પડયો. ભાન આવ્યા પછી શબને બાળવા રજા લેવા તે ઢેડા પાસે ગયો. એટલામાં વિશ્વામિત્રે બિહામણો વેશ કરી રાણીને બિવડાવી, તેથી તે શબને લઈ પાસેના દહેરામાં ગઈ.

શોક ને થાકની મારી રાણી ઊંઘમાં પડી; એટલે વિશ્વામિત્રે લોકોને ભેગા કરી કહ્યું કે એક રાક્ષસી શબને લઈ આ દહેરામાં ભરાઈ છે.

એ ઉપરથી ઢેડાએ હરિશ્ચંદ્રને હુકમ કર્યો કે તું એને મારી નાંખ. રાજા ખંજર ઉગામી તેનું માથું કાપવા જતો

હતો, એવામાં વિષ્ણુએ દર્શન દઈ તેનો હાથ ઝાલ્યો અને કુંવરને જીવતો કર્યો. એમ કથામાં છે.

વિશ્વામિત્ર ઋષિ પ્રસન્ન થયા. તેમણે રાજાને કહ્યું, હે રાજા, તું મારી કસોટીમાંથી પાર ઉતર્યો છે. ધન્ય છે તારા સત્યવાદીપણાને ! એમ કહી, આશીર્વાદ દઈ ઋષિએ તેને તેનું રાજ્ય પાછું આપ્યું.

ગમે તેવાં દુઃખો માથે પડે, લોકો વખાણે કે વખોડે, મરણ તત્કાળ આવીને ખડું થાય, તોપણ સત્યવાદી પુરુષો કદી સત્ય છોડતા નથી.

---

# પાઠ ૨૨મો

## રાજા અને કેદીઓ

એક રાજા એક વખતે પોતાના રાજ્યના કેદખાનામાં કેદીઓની સ્થિતિ જોવા ગયો. કેદખાનામાં ઘાતકીપણું બતાવવામાં ન આવે તેને માટે એને ઘણી કાળજી હતી.

રાજાએ કેદખાનામાં અનેક કેદીઓને જુદાં જુદાં કામ કરતા જોયા. જેમને સખ્ત મજુરી સાથે કેદ ભોગવવાની હતી તેમાંના કેટલાક પત્થર ભાંગતા હતા, કેટલાક ઘંટી ફેરવતા હતા, અને કેટલાક ખેતર ખેડતા હતા. કેદખાનાના ઉપરિ અમલદારની સારી દેખરેખ ને બંદોબસ્ત જોઈ રાજાને સંતોષ થયો.

રાજા પાછો ફરતો હતો એટલામાં તેણે ચાર કેદીને બેડી સાથે કેદખાનાના એક ભાગમાંથી બીજા ભાગમાં જતા



જોયા. તે કેદીઓ રાજાની પાસે થઈને જતા હતા, એટલે તેમને વિષે રાજાને કૌતુક થયું. તેણે પહેલા કેદીને પૂછ્યું, તને શા ગુના માટે કેદ કર્યો છે ?

તેણે કહ્યું, મેં કશો ગુનો કર્યો નથી. કેટલાક માણસો કચેરીમાં આવી મારી સામે ખોટી સાક્ષી પૂરી ગયા. ન્યાયાધીશે તેમનું કહ્યું ખરૂં માની મને ચોરીના ગુના માટે કેદની શિક્ષા ફરમાવી.

રાજાએ બીજા કેદીને પૂછ્યું, તને શા ગુના માટે કેદ કરવામાં આવ્યો છે ?

તેણે કહ્યું, મેં પણ કંઈ ગુનો કર્યો નથી. અમારા ગામના નગરશેઠને ત્યાં ચોરી થઈ. પોલીસને ખરો ચોર જડયો નહિ, તેથી મારે ત્યાં થોડોક ચોરાએલો માલ પોલીસે રાતે છૂપી રીતે ગોઠવી દીધો ને મને ચોર ઠેરવ્યો. હું તો બિનગુનેગાર છું, મારા માબાપ !

રાજાએ ત્રીજા કેદીને પૂછ્યું, તેં શો ગુનો કર્યો છે?

તેણે કહ્યું, અમારી શેરીમાં મારામારી થઈ. પોલીસ આવતા પહેલાં તોફાની માણસો નાસી ગયાં. મારા હાથમાં કડીઆળી ડાંગ હતી, તેથી પોલીસે આવતાં વારને મને પકડ્યો ને આટલાજ પરથી ન્યાયાધીશે મને ગુનેગાર ઠેરવ્યો.

રાજાએ ચોથા કેદીને પૂછ્યું, તેં શો ગુનો કર્યો છે?

તેણે કહ્યું, માબાપ, હું જૂઠું નહિ બોલું. હું બહુ ગરીબ છું. મારી પાસે ખાવાનું ખૂટ્યું; તેથી પેટ ભરવા માટે મેં જગાભાઈ શેઠને ત્યાં રાતે દિવાલમાં ખાતર પાડી ચોરી કરી. મેં બસેં રૂપીઆ ચોર્યા. હું પકડાયો અને મને સજા થઈ.


રાજા છેલ્લા કેદીના જવાબથી રાજી થયો. તેણે કેદીઓને કહ્યું, મારા અમલદારો ખોટી રીતે કોઈને ગુનેગાર ઠેરવતા નથી. આ ચોથો કેદી સાચું બોલ્યો. સાચું બોલનારને હું બહુ ચહાઉં છું. એણે ગુનો કર્યો છે, છતાં હું એને માફી આપું છું. એમ કહી સાચું બોલનાર કેદીને રાજાએ છોડી મૂક્યો. રાજાનો ઉપકાર માની એ ચોરે ત્યાર પછી હમેશ સારૂં જીવન ગાળ્યું.

---

# પાઠ ૨૩મો

## શરીરના અવયવો

શરીરના ત્રણ ભાગ છેઃ—માથું, ધડ, અને હાથપગ. માથા ને ધડની વચ્ચે ગરદન આવેલી છે. ધડના ઉપલા ભાગ સાથે હાથની જોડ ને નીચલા ભાગ સાથે પગની જોડ



જોડાએલી છે. હાથ ખભા વડે ધડ સાથે જોડાએલા છે અને પગ કેડ સાથે જોડાએલા છે.

હાથ અને પગ વડે આપણે કામ કરીએ છીએ, માટે એ કામ કરવાની ઇંદ્રિય કહેવાય છે. આંખ, કાન, નાક, જીભ, અને ચામડી, એ પાંચ જ્ઞાન મેળવવાની ઇંદ્રિય છે. આંખ વડે આપણે કોઈ પણ વસ્તુના રૂપનું જ્ઞાન મેળવીએ છીએ; કાન વડે શબ્દનું; નાક વડે ગંધનું; જીભ વડે સ્વાદનું; અને ચામડી વડે કોઈ ચીજ સુંવાળી કે કરગરી, પોચી કે કઠણ છે, એમ સ્પર્શનું જ્ઞાન મેળવીએ છીએ.




માથું એ હાડકાંનો પોલો ભાગ છે. એમાં સફેદ અને

રાખોડી રંગનો પદાર્થ છે, તે મગજ કહેવાય છે. મગજમાંથી શરીરના બધા ભાગ સુધી અનેક તંતુઓ આવ્યા છે, તેની મારફત આપણને જ્ઞાન મળે છે, તેથી એ જ્ઞાનતંતુ કહેવાય છે.

ધડનો ઉપલો ભાગ તપાસીશું તો બંને તરફ પાંસળાં જણાશે. એ પાંસળાંની અંદરના ભાગમાં છાતી આવેલી છે. એને ઈશ્વરે એક પેટી જેવી બનાવી છે. એમાં શરીરના અગત્યના ભાગ આવેલા છે: હૃદય ને ફેફસાં.

હૃદય એ આપણી છાતીની લગભગ મધ્યમાં આવેલું છે. તમે ત્યાં હાથ મૂકશો તો તમને તેનો ધબકારો માલમ પડશે.



ફેફસાં બે છે ને તે હૃદયની બે બાજુએ આવેલાં છે. એ ધમણના જેવું કામ કરે છે. હૃદય એ બંબા જેવું છે. એ લોહીને શરીરના બધા ભાગોમાં મોકલે છે. શરીરમાં ફરવાથી લોહી અસ્વચ્છ થાય છે, તેને ફેફસાં સ્વચ્છ કરે છે.

શરીરના નીચલા ભાગને પેટ કહે છે. એમાં હોજરી આવેલી છે. આપણે જે ખાઈએ છીએ તે દાંત વડે ચવાય છે. તે ગળામાંથી અન્નનળીમાં થઈને હોજરીમાં જાય છે અને ત્યાં તેના પચવાની ક્રિયા થાય છે.

હોજરીની જમણી બાજુએ કાળજું આવેલું છે. કાળજું એ લાલાશ પડતો કાળો ભાગ છે. એમાં પીળો રસ થાય છે, તેથી પાચનશક્તિને મદદ મળે છે. એ રસ તે પિત્ત.

પેટમાં આંતરડાં આવેલાં છે.

---

## પાઠ ૨૪મો

### રેશમ

રેશમી કપડાં તમે બધાંએ જોયાં હશે. પુરુષો રેશમી કોરનાં ધોતીઆં પહેરે છે, રેશમી કોરની પિછોડી ઓઢે છે, રેશમી પાઘડી બાંધે છે. સ્ત્રીઓ રેશમી સાડી પહેરે છે. છોકરાં રેશમી અંગરખા ને રેશમી ટોપી પહેરે છે. રેશમની ફીત ને કોર બને છે, તે પર સોનેરી કે રૂપેરી કસબ ભરાય છે. મખમલ ને સાટીન પણ રેશમીજ કાપડ છે અને તેનાં લુગડાં સિવડાવાય છે. મુગટા ને અબોટીઆં રેશમનાં બને છે. કીમતી પીતાંબર પણ રેશમનાં થાય છે. એ રેશમ શું છે?

એક જાતના કીડા થાય છે, તે પોતાના મોંમાંથી તાંતણા કાઢે છે, તેનું નામ રેશમ. એ કીડો રેશમ કેવી રીતે બનાવે છે, તે જાણુવાની તમને રમુજ પડશે.



રેશમનો કીડો એક પતંગીઆનો થાય છે. એ પતંગીઉં દેખાવમાં સાધારણ પતંગીઆના જેવુંજ હોય છે, પણ તેનું શરીર વધારે જાડું ને લાંબા વાળથી ભરેલું, તેના પગ વધારે મજબૂત, અને પાંખ ધોળી અને કાળા પટાવાળી હોય છે. એ પતંગીઆની માદા સેંકડો ઈંડાં મૂકે છે. તે બહુ નાનાં હોય છે. તેને સેવવા તે તડકામાં રહેવા દે છે. દરેક કીડા-માંથી એક નાની ઇયેળ નીકળે છે.

રેશમનો કીડો સેંતુરનાં પાંદડાં ખાઈ પુષ્ટ થાય છે. જેમ સાપ કાંચળી ઉતારે છે, તેમ વખતે વખતે રેશમનો કીડો પોતાની ચામડી ઉતારે છે. પછી તે સેંતુર ખાતો બંધ થાય છે.

હવે ઇયેળનું પતંગીઉં બનવાની તૈયારી થાય છે. તે પોતાને રહેવા માટે એક ખોખું બનાવે છે, તેને કોશેટો કહે

છે. એ કોશેટામાં કીડો પોતાની આસપાસ પીળી રેશમની દોરી કાઢી વિટાળ્યા કરે છે. તેના મોંમાં બે નાની નળી છે, તેમાંથી એ દોરી નીકળે છે.

ઇયેળનું પતંગીઉં બને છે ત્યારે તે કોશેટાનો એક છેડો કરડી બહાર આવે છે. પણ એમ થવાથી રેશમ બગડે; માટે કોશેટામાંથી કીડો બહાર નીકળે તે પહેલાં કોશેટાને ગરમ વાસણમાં મૂકવામાં આવે છે, એટલે કીડો મરી જાય છે. પછી કોશેટામાં થએલું રેશમ ઉકેલવામાં આવે છે.

આ પ્રમાણે કીડાની ચાર સ્થિતિ થાય છે ત્યારે તેનું પતંગીઉં બને છેઃ—પ્રથમ ઇંડું હોય છે, પછી તેની ઇયેળ બને છે, પછી કોશેટામાં રહેલો કીડો, ને છેવટે પતંગીઉં.

રેશમનો કીડો પ્રથમ ચીનમાં ઉછેરવામાં આવતો હતો. જૂના વખતથી ચીના લોકો એ કળા જાણતા હતા. ચીનથી એ કળા હિંદુસ્તાનમાં ને બીજા દેશોમાં ફેલાઈ.

હિંદુસ્તાનમાં દહેરાદૂન, કાશ્મીર, આસામ, મ્હૈસૂર, અને પૂર્વ બંગાળામાં રેશમના કીડા ઉછેરી રેશમ કઢાય છે.

મધ્ય હિંદુસ્તાનમાં ભીલ લોકો એક જાતના તસર નામના કીડા જંગલમાં ઉછેરે છે. આ કીડાના રેશમનું તાસ નામનું કપડું બને છે.

રેશમના કીડા દિવેલીનાં પાંદડાં પણ ખાય છે. બીજા કીડાની માફક રેશમ ઉકેલવા આ કીડાને મારી નાંખવા પડતા નથી.

# पाठ २५मो

## संसार कोने सुखद छे?

### हरिगीत

विद्या वडे विनये विवेके विश्वमां वखणाय छे,
सहुने सुखे देखी हृदयमां रोज राजी थाय छे;
जेने धरा धन धामना वैभव विषे धिकार छे,
एवा सदाचरणी पुरुषने सुखद आ संसार छे. १

सत्संग साचो संत ने गुणवंतनो जेने गमे,
खळलोक खार कदी करे, अपराध खांते ते खमे;
जेने जगतमां जन्मथी ईश्वरतणो आधार छे,
एवा सदाचरणी पुरुषने सुखद आ संसार छे. २

चिंताचितामां चित्त जेनुं लेश पण तपतुं नथी,
परधन अने परधाम जेने जन्मथी खपतुं नथी;
अतिदुष्ट दुर्गुण दोषथी जे हृदयमां डरनार छे,
एवा सदाचरणी पुरुषने सुखद आ संसार छे. ३

केशव

# પાઠ ૨૬મો

## ખલીફા હઝરત ઇમામ અલી, ભાગ ૧લો

હઝ્રરત અલી હઝ્રરત મુહંમદ પેગંબરના કાકાના દીકરા ને જમાઈ હતા. અરબ લોકો જે ત્રણ ગુણોને કીમતી ગણે છે તે ત્રણે તેમનામાં હતા–હિંમત, છટા, અને ઉદારતા. અરબોએ સંઘરેલાં કેટલાંક કાવ્ય ને કહેવતમાં તેમની છટા જણાઈ આવે છે. તેમની હિંમતને લીધે પેગંબર સાહેબ તરફથી તેમને 'શેરે–ખુદા' (ઈશ્વરનો સિંહ) એવી પદવી મળી હતી. દરેક જાતના જૂઠાણા ને નીચપણાને તેઓ તિરસ્કારતા હતા.

હઝ્રરત મુહંમદ પેગંબરે નવા ધર્મનો બોધ કર્યો તે વખતે શરૂઆતમાં જે થોડા એમના ચેલા થયા તેમાંના હઝ્રરત અલી એક હતા. પેગંબર સાહેબે લોકોને ઉપદેશ કર્યો અને પૂછ્યું, મારાં પવિત્ર કામમાં તમારામાંથી કોણ મારી સાથે જોડાશો ?

સાંભળનારાઓમાંથી કોઈએ જવાબ દીધો નહિ. આખરે, તેમનામાંના ઉમરે નાનામાં નાના, માત્ર ૧૧ વર્ષના, હઝ્રરત અલી ઉત્સાહથી બોલી ઊઠ્યા, " હે અલ્લાહના પેગંબર, હું, હું તમારી સાથે જોડાઈશ. "

એઓ પેગંબર સાહેબને ઘણા વહાલા હતા. જ્યારે પેગંબર સાહેબના દુશ્મનો એમનો જીવ લેવા એમના ઘરની આસપાસ એકઠા થયા ત્યારે એઓ હઝ્રરત અલીને ઘર

સોંપી મક્કાથી ચાલ્યા ગયા. હઝ્રત અલી તેમાં પેગંબર સાહેબની પથારીમાં સૂઈ રહ્યા.

કાફરોએ ઘરમાં પેસીને તેમને પૂછ્યું કે હઝ્રત મુહંમદ ક્યાં છે ? હઝ્રત અલીએ કહ્યું, “ખુદાના પેગંબરની ખુદાને ખબર.” આ પ્રમાણે તેમણે પેગંબર સાહેબને બહુ કીમતી મદદ કરી હતી.

હઝ્રત મુહંમદ પેગંબરની પછી એક પછી એક એમ ત્રણ ખલીફા થયા. આમાંના છેલ્લા ખલીફાની સામા તરકટ થવાથી બંડ થયું. છેવટે, તેમનું ખૂન થયું. આથી ખલીફાની જગા ખાલી પડી. આ સ્થિતિમાં ખિલાફત માટે ચાર ઉમેદવાર હતા, તેમાંના એક હઝ્રત અલી હતા.

---

## પાઠ ૨૭મો

### ખલીફા હઝરત ઇમામ અલી, ભાગ ૨જો

હઝ્રત અલીનો ખિલાફતનો હક કેટલાક લોકોએ કબૂલ કર્યો. પરંતુ હઝ્રત મુહંમદ પેગંબરનાં પત્ની આએશા તેમની સામાં હતાં. એક વાર હઝ્રત અલીએ તેમના શિયળ પર શક બતાવ્યો હતો, તે વાત તેમના મનમાંથી ગઈ નહોતી.

હઝ્રત અલીને ખલીફા તરીકે પસંદ કરવામાં આવ્યા, ત્યારે એમના ત્રણ હરીફ હતા. તેમાંના એક હરીફ

હઝરત મોઆવીઆ દૂર હતા ને બાકીના બએ તેમને ખલીફા તરીકે કબૂલ કર્યાં. હઝરત અલીએ તેમને કહ્યું કે હું સ્વતંત્રતાથી અમલ ચલાવીશ ને ન્યાય પ્રમાણે વર્તીશ. તમે ખરા દીલથી કહો કે તમે મારો હક કબૂલ કરો છો? ન કબૂલ કરતા હો તો હું તમને ખલીફા તરીકે કબૂલ કરવા અને મદદ કરવા તૈયાર છું. તેમણે હા કહી, પણ પાછળથી તેઓ તેમની સામા થયા.

હઝરત અલીએ હાથ નીચેના જૂના હાકમોને કાઢી નવા નીમવા માંડ્યા. તેમના સલાહકારોએ તેમને એમ કરવા ના કહી, પણ તે તેમણે માની નહિ. તેમણે નીમેલા પાંચ હાકેમોમાંથી ચાર પોતાના પ્રાંતોનો કબજો લઈ શક્યા નહિ.

પછી તેમણે હઝરત મોઆવીઆને પત્ર લખ્યો કે તમે મારી તરફ વફાદારી બતાવો. એ પત્ર તેમણે પોતાના ખાસ માણસ સાથે મોકલ્યો. હઝરત મોઆવીઆએ જવાબમાં એક કાગળ સિક્કો મારી પોતાના ખાસ માણસ સાથે મોકલ્યો. તેના પરબીડીઆ પર 'મોઆવીઆ તરફથી અલીને' એવું લખ્યું હતું.

હઝરત મોઆવીઆના માણસે મદીનામાં આવી લાકડીના છેડા પર આ પત્ર ઊંચો કર્યો કે બધા માણસો સરનામું વાંચી શકે. લોકો ભેગા થયા ને હઝરત અલીએ તેમના દેખતાં તે પરબીડીઉં ખોલ્યું તો તે ખાલી દીઠું. આ રીતે હઝરત મોઆવીઆએ બતાવેલો તિરસ્કાર ખુલ્લો થયો.

બીબી આએશાએ ઘણાં માણસોને હઝરત અલીની સામે ઉશ્કેર્યાં. તેઓ પણ હઝરત અલીની સામે લડ્યાં. પણ છેવટે તેમની હાર થઈ.

આ જીતથી હઝરત અલીની સત્તા મક્કમ થઈ. માત્ર હઝરત મોઆવીઆ તેમની સામા રહ્યા.

---

## પાઠ ૨૮મો

### ખલીફા હઝરત ઈમામ અલી, ભાગ ૩જો

હઝરત અલી અને હઝરત મોઆવીઆની વચ્ચે લડાઈ ઘણા દિવસ ચાલી ને તેમાં ઘણા માણસો માર્યા ગયા. હઝરત અલીનું લશ્કર જીત પર હતું ત્યારે સામા પક્ષે તરકટ રચી ભાલાની અણી પર કુરાનનાં પાનાં ઊંચાં કર્યાં. આ તરકટમાં તેઓ ફાવ્યા. એ જોઈ હઝરત અલીના સિપાઈઓએ હથિયાર મૂકી દીધાં. હઝરત અલીએ સમજાવ્યા કે આ તો યુક્તિ છે; પણ તેમણે તે માન્યું નહિ.

પછી બંને પક્ષ તરફથી મધ્યસ્થ નીમી કજીઆનો અંત લાવવાનું નક્કી થયું. હઝરત અલીએ પોતાની તરફના મધ્યસ્થ માટે બે નામ કહ્યાં, તે હઝરત મોઆવીઆએ કબૂલ કર્યાં નહિ. આખરે, હઝરત અલીને પોતાના મધ્યસ્થ તરીકે અબુ મુસાને કબૂલ કરવો પડ્યો. હઝરત મોઆવીઆ તરફથી અમ્ર મધ્યસ્થ નિમાયો.

ઘણા દિવસ મસલત કર્યા પછી અમ્રે અબુ મુસાને સમજાવ્યો કે બંનેને ખલીફાના પદ પરથી ઉઠાડી ત્રીજાને

નીમવો. આથી અબુ મુસાએ જાહેર કર્યું કે હું મારી આંગળી પરથી વીંટી ઉતારૂં છું તેમ બંને ખલીફાને પદવી પરથી ઉઠાડી મૂકું છું. પછી અમ્રે જાહેર કર્યું કે અબુ મુસાએ હઝરત અલીને પદવી પરથી ઉતાર્યો છે. હું પણ એને ઉતારૂં છું ને મારી આંગળી પર આ વીંટી દાખલ કરૂં છું તેમ હઝરત મોઆવીઆને હું ખિલાફતમાં દાખલ કરૂં છું.

ત્યાર પછી હઝરત અલીની સત્તા ધીમે ધીમે ઓછી થવા માંડી અને હઝરત મોઆવીઆની સત્તા વધવા માંડી. કેટલાક ઝનુની મુસલમાનોએ લડાઈનાં કારણરૂપ હઝરત અલી, હઝરત મોઆવીઆ, ને અમ્ર, ત્રણેનાં ખૂન કરવાનો ઠરાવ કર્યો. ત્રણ ખૂની ત્રણ માર્ગે ગયા. હઝરત મોઆવીઆ પર ઘા થયો, પણ તેમાંથી તે ઊગર્યો. હઝરત અલીને મસ્જિદમાં ઘા થયો, તે નાશકારક નીવડ્યો. ઘાયલ થયા પછી ત્રણ દિવસે તેઓ ગુજરી ગયા. તેમની ઉમર ૬૩ વર્ષની હતી. તેઓ વિદ્વાન હતા ને વિદ્યાને ઉત્તેજન આપતા.

તેમનાં કેટલાંક ઉત્તમ વચનો નીચે આપ્યાં છેઃ—

૧. તક જાય છે જલદી, આવે છે ધીમી.

૨. મૂર્ખ મિત્ર કરતાં ડાહ્યો દુશ્મન સારો.

૩. જિંદગી વાદળાની છાયા છે; તે સમણા જેવી છે.

૪. માણસ કેવો છે તે આચરણથી જણાય છે; તેની બુદ્ધિ કેવી છે તે ભાષણથી જણાય છે.

# પાઠ ૨૯મો

## અભિમન્યુ, ભાગ ૧લો

અભિમન્યુ અર્જુન ને સુભદ્રાનો પુત્ર હતો. શ્રીકૃષ્ણનો એ ભાણેજ હતો. એવું માનવું હતું કે એ કૃષ્ણનો આગલા જન્મારાનો વેરી હતો. તેથી કૃષ્ણ એનો ઘાટ ઘડવામાં રાજી હતા.

પાંડવો વિરાટ રાજાના દેશમાં છૂપે વેશે રહેતા હતા, તે વખતે તે રાજાની પુત્રી ઉત્તરા અર્જુનની શિષ્ય હતી. પાંડવો છૂપો વેશ છોડી વિદાય થયા ત્યારે વિરાટ રાજાએ અર્જુનને કહ્યું કે તમે ઉત્તરાને પરણો. અર્જુને કહ્યું કે મેં એને ભણાવી છે. ગુરુ ને શિષ્યનો સંબંધ બાપ ને છોકરાંના સંબંધના જેવો છે; માટે હું એને નહિ પરણું.

"જે ભણાવી મેં પુત્રી કરી, તેને કયમ કહું સુંદરી,
જો ગુરુ ઇચ્છે શિષ્યાથી સંતાન, તો ઉદયાચળ કેમ ઉગે ભાણ;
અભિમન્યુ છે મારો બાળ, જેનો મામો શ્રીગોપાળ,
તેને પુત્રી આપો તમે, સગા વેવાઈ થાશું અમે."

અભિમન્યુની સાથે એને પરણાવો. વિરાટ રાજાએ ઉત્તરાને અભિમન્યુની સાથે પરણાવી.

અભિમન્યુ ઘણો પરાક્રમી હતો. મહાભારતનું યુદ્ધ થયું તેમાં એણે ઘણું પરાક્રમ બતાવ્યું હતું.

પાંડવોને હરાવવા માટે કૌરવોએ ભારે પ્રયત્ન કર્યાં હતા. તેમાં એક દ્રોણના ચક્રાવાનો હતો. દ્રોણે એ ચક્રાવાની ગોઠવણ એવી કરી હતી કે જે એ સમજી ન શકે તે અંદર ગયા પછી સપડાઈ જાય. એ ગોઠવણને દ્રોણનો ચક્રાવો કહે છે.

અર્જુન સિવાય બીજો કોઈ જોદ્ધો આ ચક્રાવાની ગોઠવણ સમજતો નહોતો. એ ચક્રાવામાં સાત કોઠા હતા. અભિમન્યુને છ કોઠા વિષે સમજણ હતી.

અર્જુને મહાભારતના યુદ્ધમાં પહેલા બાર દહાડા કૌરવોને માર્યા. તેરમે દહાડે કૃષ્ણે અર્જુનને કૌરવોના લશ્કરના એક ભાગ સાથે લડવા જવા યુક્તિથી ફરજ પાડી અને યુદ્ધનો બોજો ચક્રાવાની જેને સમજ હતી એવા અભિમન્યુને માથે નાંખ્યો. સાતમા કોઠાનું જ્ઞાન અભિમન્યુને નહોતું. તે ઠેકાણે તેના કાકા ભીમે મદદ આપવા વચન આપ્યું હતું. ભીમે કહ્યું હતું કે મારી ગદાથી હું એ કોઠામાં પૂરો પડીશ.

અભિમન્યુને એકાએક રણમાં જવાની ફરજ પડી ત્યારે માતા સુભદ્રાને વિચાર આવ્યો કે તે પહેલાં ઉત્તરાની સાથે એનો મેળાપ કરાવવોજ જોઈએ. કદાચ રણમાંથી એ જીવતો ન આવે તો પાંડવો નિર્વંશ રહે. એમ ધારી સુભદ્રાએ ઉત્તરાને પિયેરથી તેડાવી.

ઉત્તરા ને અભિમન્યુનો મેળાપ થયો. ઉત્તરાએ કહ્યું,

હે સ્વામી! હું તમને યુદ્ધમાં નહિ જવા દઉં. આમ તેણે સ્નેહને બળે અભિમન્યુને રણમાં જતો અટકાવવા

કોશીશ કરી. પણ અભિમન્યુને લડવું એ અત્યારે ફરજ હતી. એક પાસ પ્રેમ ને એક પાસ ફરજ, એ બળો તેના મનને સામસામું ખેંચતાં હતાં. ક્ષત્રિયને છાજે તેમ ફરજનું બળ આખરે ફાવ્યું.

અભિમન્યુ લડવા જશેજ એમ ઉત્તરાને નક્કી લાગ્યું ત્યારે તે પણ એક ક્ષત્રિયાણીને છાજે તેમ બોલી, ભલે, જવુંજ છે તો જાઓ; મારો કે મરો; પણ કાયર થઈ પાછા ન હઠશો. તું કાયર પુરુષની પત્ની છે એવું મહેણું મને ઘણું સાલશે. જાઓ ને જીત મેળવો.

---


# પાઠ ૩૦મો

## અભિમન્યુ, ભાગ ૨જો

તે શૂર યુવાન એ પ્રમાણે યુદ્ધમાં ગયો.

પ્રથમ તેણે શલ્ય અને બીજા મોટા યોદ્ધાઓ સાથે લડાઈ કરી તેમને હરાવ્યા. એ લડાઈમાં તેણે આગળ જતાં દુર્યોધનના પુત્ર લક્ષ્મણને ઠાર કર્યો.

છ કોઠાઓ વીંધી લડતો લડતો ને કૌરવોને હરાવતો હરાવતો અભિમન્યુ સાતમા કોઠા આગળ ગયો. હવે તેને પોતાની ફોજથી છૂટો પાડવા માટે જયદ્રથે તેની ને તેની ફોજની વચમાં પોતાની ફોજ ગોઠવી.



અભિમન્યુનો ચકાવો

આવી નોંધારી હાલતમાં દ્રોણે અભિમન્યુના સારથિનું માથું કાપી નાંખ્યું. તેના રથના ઘોડાનો ને સારથિનો નાશ કરવામાં આવ્યો. એટલે તે રથ વિના લડયો ને બાહુબળે જેટલાને મરાયા તેટલાને તેણે માર્યા. હવે તે નિરાધાર બન્યો હતો. તેણે ભીમને સંભાર્યો.

"જેમ પારધીએ પોપટ વીંધ્યો, તરફડે વનમાંય;
તેમ કુંવર ત્યાં કષ્ટ પામ્યો, કોણ આવે તેની સહાય.
કૃષ્ણ અર્જુન ત્યાં સંભાર્યો, પિતા માતુલ કો ધાય;
વાઘે વિંટયો જવ મૃગલો, શી જીવ્યાની આશાય.

કાકા કહીને સાદ કીધો, કો ન સાંભળે મારો બોલ;
ભીમને કર્ણે પડે નહીં, માટે કૌરવ વગાડે ઢોલ.”


અંતે એ વીર યુવાન હણાયો.

પાંડવો આથી ઘણા ગમગીન થયા. અર્જુનને ઘણુંજ ખુંનસ ભરાયું. કાલ સાંજ પહેલાં જયદ્રથને ન મારૂં તો હું બળી મરીશ એમ અર્જુને પણ લીધું. તે પ્રમાણે પોતાના જુવાન છોકરાના મારનાર જયદ્રથને મારી તેણે પોતાના વેરનો ભડકો શમાવ્યો.

---

# પાઠ ૩૧મો

## સાપ



ઉપલું ચિત્ર સાપનું છે. એના શરીરને વિષે તમને કંઈ નવાઈ જેવું લાગે છે ?

હા, ગુરુજી. એ લાંબું ને વાંકુંચુકું છે.

ખરૂં છે. પણ બીજું કંઈ તમને ખાસ લાગે છે? એના હાથપગ ક્યાં છે?


ગુરુજી, હાથ કે પગ જણાતાજ નથી. એ શું?

ખરૂં કહ્યું. સાપને હાથ કે પગ હોતા નથી.

ગુરુજી, ત્યારે એ ચાલે છે કેવી રીતે? અમને આજ સાપ વિષે શિખવો.

ઠીક. જુઓ. આની પછીને પાને સાપનું હાડપિંજર છે. જુઓ, એને કેટલાં બધાં પાંસળાં છે! તમારા શરીરમાં છાતીની દરેક બાજુએ જ્યારે બાર પાંસળાં છે ત્યારે સાપને આખે શરીરે દરેક બાજુએ ત્રણસેં પાંસળાં છે. એ બાજુનાં પાંસળાંની વચમાં તમારે જેમ કરોડ છે તેમ એને પણ કરોડ છે. સાપની કરોડ ગાંઠાગાંઠાવાળાં હાડકાંના કકડાઓની બનેલી છે, સલંગ હાડકાંની નહિ. તેથી તેને જેમ વાળવી હોય તેમ વાળી શકાય છે. પાંસળાં આ કરોડ સાથે જોડાએલાં છે, તેથી તે આગળ, પાછળ, તેમજ આજુબાજુ વાળ્યાં વળી શકે છે. સાપને ગૂંછળું થઈને પડવું આથીજ ફાવી શકે છે.

સાપને પગ નથી, એ ખરી વાત છે. પણ પગની ગરજ એનાં પાંસળાંની નીચે જોડાંએલાં શરીરનાં એક જાતનાં ભીંગડાં સારે છે. સાપને ચાલવું હોય ત્યારે એનાં પાંસળાં હાલે છે ને પાંસળાં હાલે છે એટલે એનાં ભીંગડાં હાલે છે. આ ભીંગડાં હાલેથી સાપ આગળ સરે છે ને જે જમીન કે ઝાડ પર તેને ચાલવું હોય તે પર શરીરને સ્થિર કરે છે.



હાડપિંજર

સાપને વિષે વધારે વિચિત્ર વસ્તુ એ છે કે એને અણીવાળા દાંત નથી. એના દાંત મોંમાં ગળા તરફ વળેલા હોય છે, તેથી એ ચાવી શકતો નથી. દેડકાં, ઉંદર, ખિસકોલી, ને નાનાં પક્ષીઓને ખાઈને એ જીવે છે. શિકારને એ આખો ને આખો ગળી જાય છે.

સાપને ગાયન ઘણું ગમે છે. મદારી મોરલી વગાડે છે ત્યારે એ ધ્યાન દઈને સાંભળે છે. ગાયન ચાલે તેટલો વખત એ તેમાં ગુલતાન બને છે.

બધા સાપ ઝેરી હોતા નથી; કેટલાકજ ઝેરી હોય છે. તેમના મોંના પાછલા ભાગમાં બે કોથળી હોય છે, તેમાં

ઝેર હોય છે. સાપ કરડે છે ત્યારે આ ઝેર સાપના આગળ પડતા બે પોલા દાંતમાંથી બીજાં પ્રાણીનાં શરીરમાં દાખલ થાય છે.

અજગર એ એક જાતનો મોટો સાપ છે. એ ઘણો લાંબો હોય છે. મોટાં પ્રાણીઓને પણ એ ગળી શકે છે. એકાદ મોટું પ્રાણી ગળ્યા પછી એ થોડાક દિવસ સુધી સુસ્તીમાં કે ઊંઘમાં પડી રહે છે ને ગળેલું પ્રાણી હજમ થાય છે ત્યારે જાગે છે.

---

# પાઠ ૩૨મો

## ખોટા રિવાજ

રિવાજ એટલે ઘણા વખતથી ચાલતી આવેલી રીત. એ રીત હાલ સારી હોય કે ખોટી હોય, એથી લાભ થતો હોય કે ગેરલાભ, તોપણ લોકોને એ એકદમ છોડવી ગમતી નથી.

લાંબા વખતથી આ રિવાજ ચાલ્યો આવે છે, શું આપણા ઘરડા મૂર્ખ હતા, અને આપણે તેમનાથી વધારે ડાહ્યા છીએ, એમ કહી અણસમજુ લોકો ખોટા રિવાજને પણ વળગી રહે છે.

અમુક ધારો શરૂ થયો ત્યારે ફાયદાકારક હોય; પણ તે હમેશ તેવો રહે નહિ. વખતે વખતે સુધારો કરવાની જરૂર જણાયે તેમાં સુધારો કરવોજ જોઈએ.

જૂના વખતમાં જ્યાંસુધી વિદ્યાભ્યાસ પૂરો થયો ન હોય અને ગુરુ તરફથી રજા મળી ન હોય ત્યાંસુધી લોકો લગ્ન કરતા નહોતા. આથી, મોટી વયે લગ્ન થતાં હતાં અને તેમ થવાથી વરકન્યાનાં શરીર બરાબર ખીલતાં ને તેમનાં છોકરાં પણ મજબૂત બાંધાનાં રહેતાં.

ધીમે ધીમે, આ રિવાજ તદ્દન બદલાઈ ગયો. લોકોએ છોકરાછોકરીને બહુ નાની વયમાં પરણાવવા માંડ્યાં. આથી દિવસે દિવસે પ્રજા બહુ નબળી થતી ગઈ અને અકાળ મરણ થવા માંડ્યાં. ઘણી કન્યાઓ બાળપણમાંજ વિધવા થઈ અને જે ન્યાતમાં પુનર્લગ્નનો ધારો નથી તે ન્યાતમાં તેમનાં દુ:ખનો પાર રહ્યો નહિ.

વિધવાઓનાં દુ:ખ જોઈને દયાળુ પુરુષને કમકમાટ છૂટ્યા વિના રહેતો નથી. આથી તેમજ કેળવણીના ફેલાવાથી દિવસે દિવસે બાળલગ્ન ઓછાં થતાં જાય છે; પણ હજી તે તદ્દન નાબૂદ થયાં નથી.

છોકરાંને કેળવણી આપી ઠેકાણે પાડવાનું કામ માબાપનું છે. છોકરીને માટે સારૂં ઠેકાણું શોધવામાં માબાપને ઘણી હરકત નડે છે. પસંદગી કરવાનું મંડળ સાંકડું હોય છે, તેથી મુશ્કેલી વધે છે.

સાધારણ રીતે વર પસંદ કરવામાં કન્યા રૂપ જુએ છે, મા ધન, ને બાપ તેની વિદ્યા જુએ છે; સગાંસંબંધી કુળ જુએ છે, ને ન્યાતના બીજા લોકો મિષ્ટાન્ન તાકે છે. ઘરનાં

માણસે રૂપ, વિદ્યા, ગુણ, અને કુળની સ્થિતિ, એ બધાં પર નજર રાખી વરની પસંદગી કરવી જોઈએ. કન્યાની ઉમર કરતાં વરની પાંચેક વર્ષ મોટી હોવી જોઈએ.

લગ્નને વખતે તેમજ મરણને વખતે ન્યાતવરા ને બીજો ખર્ચ ગુંજાશ ઉપરાંત કરવાથી માણસની પાયમાલી થાય છે. તેને માટે કોઈ દિવસ દેવું કરવું નહિ. લોકો થોડો વખત વાહવાહ કરશે, પણ તમારે જીવતાં સુધી વેઠવું પડશે.

હમેશ કરકસરથી ઘરવહેવાર ચલાવવો. કરકસર એ મોટો ભાઈ છે, મતલબ કે એથી બે જણ રળ્યા જેટલો ફાયદો થાય છે, એ કદી ભૂલવું નહિ.

મુઆંની પાછળ રોવાકૂટવાની હદપાર ઘેલછા કરવાની ચાલ બધી રીતે વખોડવા લાયક છે. શોક થાય ને રોવું આવે એ સ્વાભાવિક છે, પણ તેને માટે રાગડા તાણવાની જરૂર નથી.

---

# પાઠ ૩૩મો

## ઇમામ હસન અને હઝરત મોઆવીઆ

હઝ્રરત અલીની શહાદત પછી તેમના પુત્ર હઝ્રરત હસન ખલીફા થયા. પણ હઝ્રરત અલીના સ્વર્ગવાસ પહેલાં હઝ્રરત મોઆવીઆએ પોતાને ખલીફા તરીકે જાહેર કર્યા હતા; તેમણે હઝ્રરત હસનનો દાવો કબૂલ કર્યો નહિ.

હઝરત હસન હઝરત અલીના જેવા ધર્મચુસ્ત હતા, પણ તેમના જેવા હિંમતબાજ નહોતા. તેઓ શાંત સ્વભાવના હતા, તેથી તોફાની સમયને પહોંચી વળવાની તેમનામાં શક્તિ નહોતી. આથી તેમણે છએક મહીના ખિલાફત ભોગવી હઝરત મોઆવીઆ સાથે શરત કરી ખિલાફતનું રાજીનામું આપ્યું. એ શરત પ્રમાણે હઝરત મોઆવીઆના ગુજરી ગયા પછી હઝરત હસન કે તેમના વારસ ખલીફા થાય, એવું નક્કી થયું.

આવી શરત કરી હઝરત હસન શાંત જિંદગી ગાળવા મદીના ગયા. ત્યાં ગયા એટલે આવી સહેલાઈથી પદવી છોડવા માટે તેમના મિત્રોએ તેમને ઠપકો દીધો.

હઝરત મોઆવીઆને લાગ્યું કે જ્યાંસુધી હઝરત હસન જીવતા છે ત્યાંસુધી મારી પછી મારા પુત્ર યઝીદનો ખિલાફત મેળવવાનો માર્ગ સરળ નથી. આથી તેમણે હઝરત હસનનું કાસળ કાઢવા યત્ન કર્યો. એ કામને માટે તેમણે તેમની સ્ત્રીને હાથમાં લીધી. તેને અમુક રકમ આપવી અને હઝરત હસનના મરણ પછી યઝીદે તેની સાથે નિકાહ પઢવા, એવું નક્કી કરવામાં આવ્યું.

તે સ્ત્રીએ આ ઠરાવ પ્રમાણે રૂમાલમાં ઝેર નાંખી તે તેમને શરીરે ફેરવ્યો. આથી હઝરત હસનને ઝેર ચઢ્યું ને તે ઝેરથી તેઓ ગુજરી ગયા. મરણને વખતે તેમના ભાઈ હુસેને તેમને પૂછ્યું કે તમને ઝેર દીધાનો કોના પર શક છે; પણ તે તેમણે કહ્યું નહિ. તેમણે કહ્યું,

"અરે ભાઈ ! આ દુનિયાનું જીવન રાત્રીઓનું બનેલું છે અને તે ચાલી જાય છે; ખુદાની પાસે એ ને હું, અમે બંને એકઠા થઈએ ત્યાંસુધી એનું નામ દેવું નહિ." તેમનું જીવન ધર્મિષ્ઠ અને દાખલો લેવા લાયક હતું.

હઝરત મોઆવીઆ પોતાનાજ કુળમાં ખિલાફત રાખવા ઘણા આતુર હતા, તેથી તે માટે તેમણે ઘણો પ્રયત્ન કર્યો. તેઓ હઝરત અલી કરતાં વધારે વિવેકી, સ્નેહાળ, ને પહોંચવાળા હતા. તેમને મનુષ્યસ્વભાવની વધારે માહીતી હતી અને પોતાનું કામ પાર પાડવા કેવા ઉપાયો ઘડવા તે તેઓ બરાબર જાણતા હતા. ઘણાં વર્ષ થયાં તેમની મરજી ખિલાફત પોતાના વંશમાં રહે એવી હતી. આથી તેમણે ખુલ્લી રીતે યઝીદને પોતાનો વારસ નીમ્યો અને જુદા જુદા પ્રાંતોના હાકેમોને લખી મોકલ્યું કે એને ખલીફા તરીકે કબૂલ કરો.

હઝરત મુહંમદ પેગંબરે પણ પોતાની પછી વારસ તરીકે કોઈને નીમ્યો નહોતો; પણ હઝરત મોઆવીઆની સત્તા એવી તો જબરી હતી કે એના રાજ્યના બધા ભાગમાંથી એલચીઓ આવ્યા ને તેમણે યઝીદને ખલીફા તરીકે કબૂલ કરવાનું વચન આપ્યું. આમ પોતાના પુત્ર યઝીદને માટે ખિલાફત દૃઢ કરી હઝરત મોઆવીઆ લગભગ વીસેક વર્ષ ખલીફા રહી, મોટી વયે ગુજરી ગયા.

# पाठ ३४मो

## जेने वीती होय ते जाणे.

काफी

जेने वीती होय ते जाणे, अजाण्यो कांइ न जाणे. टेक

कांटो बराबर बोरडीकेरो, हाथमां वाग्यो होय,
वाग्या विनानो वेदना तेनी, जाणी शके शुं कोय ?
अनुभव होय न जेने, शणे समजावीए तेने ? जेने०१

अग्निए अंग बाळ्युं होय तेथी बळतर जे बहु थाय,
उनुं पाणी नहि ओळखे एथी, केम करी समजाय ?
हैयानी वेदना एवी, नथी समजाये तेवी. जेने०२

चाकरी केवी आकरी छे ते, जाणी शके शुं शेठ ?
दुःख दबाण सदा समजे छे, होय दबाणो हेठ,
भूख्यानुं दुःख शुं जाणे, जम्या होय भावतुं भाणे ? जेने०३

कानमां वेण कठोर पड्याथी, उपजे ताप अमाप,
बाण खुंच्युं होय हैयामां, केवो करे छे काप,
थयो होय म्हावरो जेने, पूछो जइ प्रेमथी तेने. जेने०४

नाथ तजी पर लोक जवाथी, बालपणे रंडाय,

हड हड थाय बधेय विचारी, केम करी भव जाय?
सुवासण होय जे नारी, शके केम ते विचारी? जेने०५

निर्धननो तो क्यांहि धडो नहि, कोइ सुणे नहि वात,
एक सांधे त्यां तेर तुटे छे, दोडे भले दिनरात,
धनिकने होय शुं पीडा, करे कल्लोलमां क्रीडा. जेने०६

केशव

---

# પાઠ ૩૫મો

## ગામ અને શહેર, ભાગ ૧લો

જેમાં ઝૂંપડાં કે સાદાં એક માળનાં ઘર ઘણે ભાગે હોય અને જેની વસ્તી પાંચેક હજાર માણસથી ઓછી હોય તેને આપણે ગામ કહીએ છીએ. પાંચથી પચીસેક હજારની વસ્તી જેમાં હોય તેને આપણે કસ્બો કહીએ છીએ અને તેથી વધારે વસ્તી જેમાં હોય તેને શહેર કહીએ છીએ.

હિંદુસ્તાનમાં ગામડાં ઘણાં છે. જ્યારે ઇંગ્લંડમાં એકંદર વસ્તીના સેંકડે ૭૮ માણસ ને જર્મનિમાં સેંકડે ૪૫ માણસ કસ્બામાં અને શહેરમાં વસે છે; ત્યારે આપણે ત્યાં સેંકડે ૯,૧૦ માણસજ કસ્બામાં ને શહેરમાં વસે છે; બાકીનાં ૯૦ માણસ ગામડાંમાં વસે છે. વળી એક લાખ કે તેથી વધારે માણસની વસ્તીવાળાં શહેર માત્ર ત્રીસેકજ છે.

જે ગામમાં છે તે શહેરમાં નથી અને શહેરમાં છે તે ગામમાં નથી. ગામમાં ચોકૂખી ને ખુલ્લી હવા છે, તે શહેરમાં નથી. શહેરમાં સુખ ભોગવવાનાં ને કેળવણી મેળવવાનાં અનેક સાધન છે, તે ગામમાં નથી.

ગામમાં પટેલ, તળાટી, ને મહેતાજી, એ મુખ્ય માણસ ગણાય છે. વરતણીઓ ગામની રખેવાળી કરે છે ને પટેલ બંદોબસ્ત રાખે છે. તેના હાથમાં ફોજદારી સત્તા છે. તળાટી મહેસૂલ ઉઘરાવે છે અને મહેતાજી છોકરાંને કેળવે છે. ગામમાં વાળંદ, ધોબી, સોની, કડીઓ, સુથાર, લુહાર, દરજી, નેસ્તી, વગેરે જોઈતા વસવાયા લોકો હોય છે.

ગામો ભેગાં થઈ તાલુકા બને છે; તાલુકાના જિલ્લા બને છે; જિલ્લાના વિભાગ બને છે; અને વિભાગનો ઇલાકો બને છે.

દરેક તાલુકામાં એક ઉપરિ અમલદાર હોય છે, તેને મામલતદાર કહે છે. વડોદરા રાજ્યમાં એને વહીવટદાર અને ઉત્તર હિંદુસ્તાનમાં તહસીલદાર કહે છે. એનું કામ તાલુકામાં આવેલી જમીનની મહેસૂલ ઉઘરાવી સરકારને ભરવાનું છે. એને ફોજદારી સત્તા આપેલી હોય છે, તેથી એ તાલુકાનાં ફોજદારી કામનો ફેંસલો આપે છે.

દીવાની કામનો નિકાલ કરવા તાલુકાનું ગામ મોટું હોય તો તેમાં મુનસફની કચેરી હોય છે. તેમાં મુનસફ દીવાની મુકદ્દમા સાંભળી ન્યાય આપે છે. મોટાં ગામમાં સરકારી દવાખાનું પણ હોય છે.

કલેકટર એ જિલ્લાનો ઉપરિ અધિકારી છે. 'કલેકટર' એ અંગ્રેજી ભાષાનો શબ્દ છે. એનો અર્થ એકઠું કરનાર થાય છે. જિલ્લાની મહેસૂલ એકઠી કરી સરકારમાં ભરવાનું કામ એનું છે. એને પહેલા વર્ગના માજિસ્ટ્રેટની-ફોજદારી અમલદારની સત્તા હોય છે. જિલ્લાનાં બધાં ખાતાં પર એની દેખરેખ હોય છે. એના હાથ નીચે ડેપ્યુટિ કલેકટર ને મામલતદાર હોય છે.

વડોદરા રાજ્યમાં કલેકટર જેવા અમલદારને સુબા કહે છે.

જિલ્લામાં બંદોબસ્ત રાખવા અને બખેડા અટકાવવા પોલીસ ખાતાના અધિકારી હોય છે. સિપાઈઓના ઉપરિ જમાદાર અને જમાદારના ઉપરિ ફોજદાર કહેવાય છે. તાલુકામાં ને શહેરમાં ફોજદાર હોય છે. ફોજદારના ઉપરિ ઇન્સ્પેકટર કહેવાય છે.

શહેરમાં ફોજદારી કામ ચલાવવાને માજિસ્ટ્રેટ હોય છે. દીવાની કામ મુનસફની કચેરીમાં ચાલે છે. મુનસફના ઉપરિ જજ-ન્યાયાધીશ કહેવાય છે.

---

# પાઠ ૩૬મો

## ગામ અને શહેર, ભાગ ૨જો

જિલ્લાઓના વિભાગ બને છે, તે તમે જાણો છો. વિભાગનો ઉપરિ અમલદાર કમિશનર કહેવાય છે. વડોદરા રાજ્યમાં એને સરસુબા કહે છે.

વિભાગોનો ઇલાકો થાય છે. આપણે મુંબઈ ઇલાકામાં છીએ. મુંબઈ ઇલાકામાં ત્રણ વિભાગ છેઃ—ઉત્તર વિભાગ, મધ્ય વિભાગ, અને દક્ષિણ વિભાગ. એ ઉપરાંત સિંધ પ્રાંત પણ મુંબઈ ઇલાકામાં આવેલો છે.

ગુજરાત ઉત્તર વિભાગમાં આવેલું છે. ઉત્તર વિભાગમાં ૬ જિલ્લા છેઃ—૧. અમદાવાદ, ૨. ખેડા, ૩. પંચમહાલ, ૪. ભરૂચ, ૫. સુરત, ૬. થાણા.

વડોદરા રાજ્યમાં ૪ પ્રાંત છેઃ—૧. વડોદરા, ૨. કડી, ૩. અમરેલી, અને ૪. નવસારી. પ્રાંતમાં પેટા મહાલ હોય છે.

મુંબઈ ઇલાકાનું મુખ્ય શહેર મુંબઈ છે. એ વિશાળ ભવ્ય નગર છે અને વેપારનું જંગી મથક છે. એમાં ૧૧ લાખ માણસની વસ્તી છે. એનાં મોટાં મોટાં મકાન, ગોદી, ટંકશાળ, દરિયાકિનારો, તે પરનો દેખાવ, મલબાર ને બીજી ટેકરી પરનાં મકાન, અને લોકોની ધમાલ, વેપારની ઉથલપાથલ, ટ્રામ, મોટર, અને બીજાં વાહનોની દોડધામ જોઈ નવો આવનાર તાજૂબ થયા વિના રહેતો નથી. ખરેખર, મુંબઈને મોહમયી નગરી કહે છે તે વાજબી છે. તે જોઈ લોકો મોહ પામ્યા વિના રહેતા નથી.

શહેરનો સ્થાનિક વહીવટ ચલાવવા સારૂ મ્યુનિસિપાલિટિ કે સુધરાઈખાતું હોય છે. એમાંના સભ્યોનો મોટો ભાગ નીમવાની સત્તા સરકારે લોકોને આપેલી છે.

સુધરાઈખાતાનું કામ શહેરમાં રસ્તા સારા રાખવાનું, તે પર પાણી છાંટવાનું, રસ્તા પર દીવા કરવાનું, લોકોને

શરૂઆતની કેળવણી આપવાનું, શહેરનું આરોગ્ય જાળવવાનું, વગેરે છે.

આવી સ્થાનિક બાબતમાં શહેરનું સ્વરાજ્ય બ્રિટિશ સરકારે મોટે ભાગે લોકોને સોંપેલું છે. વડોદરા શહેરમાં પણ મ્યુનિસિપાલિટિમાં પોતાના કેટલાક સભ્યો નીમવાનો અધિકાર મહારાજા સાહેબે લોકોને સોંપ્યો છે.

જિલ્લાના કામકાજમાં કલેકટરને મદદ કરવા જિલ્લા–સભા હોય છે. તાલુકામાં એવી તાલુકા–સભા હોય છે.

---

# પાઠ ૩૭મો

## ઇમામ હુસેન, ભાગ ૧લો

હઝરત મોઆવીઆના મરણથી ઘણા લોકો રાજી થયા. તેઓ તેમને બિનહકદાર ને જુલમગાર સમજતા હતા. તેઓ હઝરત હુસેનને લગભગ ખુદાના કુળના ગણી માન આપતા હતા.

ઇમામ હુસેન ઇમામ હસનના જેવા શાંત સ્વભાવના નહોતા. તેઓ ઘણા બહાદુર હતા. કૂફાના લોકોનો તેમના પર એટલો બધો પ્રેમ હતો કે તેમણે તેમને ત્યાં બોલાવવા એક પછી એક દૂતો મોકલ્યા. ઇમામ હુસેને પ્રથમ પોતાના પિતરાઈ ભાઈ મુસ્લિમને ખાતરી કરવા કૂફા મોકલ્યો. તે ત્યાં ગયો, એટલે ૧૮,૦૦૦ માણસો ઇમામ હુસેનના પક્ષમાં તૈયાર થયાં. આ વાતની ખબર યઝીદને પડી. એટલે યુક્તિ કરી પોતાનાં માણસની મારફતે તેણે ત્યાંની બાજી ફેરવાવી

નાંખી. યઝીદનાં માણસોએ મુસ્લિમને એક વૃદ્ધ સ્ત્રીના ઘરમાં પકડ્યો. તેઓ તેને કિલ્લા પર લઈ ગયા. ત્યાં તેનું માથું કાપી નીચેના મેદાનમાં નાંખી દીધું. પછી નઝરાણા તરીકે યઝીદને તે મોકલવામાં આવ્યું.

જ્યારે ઇમામ હુસેને કૂફામાં મોકલેલાં માણસ પાછા ન ફર્યાં ત્યારે કંઈક ખોટો બનાવ બન્યો હશે એમ ઇમામ હુસેને વિચારવું હતું અને તેમની તપાસ કરાવવી હતી. તેમ કરવા તેમના મિત્રોએ તેમને સમજાવ્યા; પણ તેમણે તેઓનું કહ્યું માન્યું નહિ. કૂફાથી તેમના પર એટલા બધા પત્ર આવ્યા હતા કે તેમને કૂફાના લોકો પર પૂરો ભરોસો હતો. તેમણે બૈરાંછોકરાંને પણ પોતાની સાથે કૂફા લઈ જવાનું નક્કી કર્યું. મિત્રોએ તેમને તેમ કરવા ના કહી, પણ તે પણ તેમણે માની નહિ.

કૂફે જતાં રસ્તામાં તેમને ચાર ઘોડેસવાર મળ્યા. તેમણે કહ્યું કે કૂફાના તમામ અમીર તમારી સામા છે; લોકોનાં હૃદય તમારી તરફ છે, પણ કાલે તેઓ તમારી સામા તલવાર ખેંચે એવા ઢચુપચુ મનના છે. પોતાના ભાઈ મુસ્લિમની જે દશા થઈ હતી, તેની પણ ખબર તેમને તે સવારો તરફથી થઈ; તોપણ તેમણે કૂફા તરફ જવાનું જારી રાખ્યું.

છેવટે, તેઓ યુફ્રેટીસ નદીને કિનારે કરબલાના મેદાનમાં આવી પહોંચ્યા. અહિં તેમણે અમ્ર સરદારના હાથ નીચે મોટું લશ્કર દીઠું. એ લશ્કર બસ્રાના હાકેમે તેમની સામું મોકલ્યું હતું.

# પાઠ ૩૮મો

## ઇમામ હુસેન, ભાગ રજો

હવે તેમને ખુલ્લું સમજાયું કે દગો થયો છે. દિવસો સુધી તેમના તંબુ દુશ્મનોથી ઘેરાએલા રહ્યા. શત્રુઓએ તેમનો યુફ્રેટીસ નદીનો માર્ગ ઘેરી લીધો, તેથી તેમને ને તેમના સાથીને પાણીના સાંસા પડ્યા. બસ્રાના હાકેમે પોતાના સરદારને કહાવ્યું કે જો ઇમામ હુસેન તાબે થાય તો તેમને માન આપવું, નહિ તો છૂંદી મારવા.

મુહર્રમ મહીનાને નવમે દિવસે સાંજે જ્યારે ઇમામ હુસેન પોતાના તંબુ આગળ નમાઝ પઢવાની તૈયારીમાં હતા ત્યારે તેમને શત્રુ તરફનો સંદેશો પહોંચ્યો. તેમણે કહ્યું, હું વિચાર કરી સવારે જવાબ દઈશ. રાત્રે તેમની બેને દયામણા વિલાપથી તેમને વાર્યા, પણ તેઓ ડગ્યા નહિ. તેમણે રાત બંદગીમાં કાઢી.

સવારે બંને બાજુએ લડવાની તૈયારી કરી. સામી તરફ ચાર હજારથી વધારે માણસ હતાં, ત્યારે ઇમામ હુસેન પાસે માત્ર ૨૩૦ ઘોડેસવાર ને ૪૦ પાયદળ, એટલુંજ લશ્કર હતું. ઇમામ હુસેનનાં માણસ બહુ બહાદુરીથી લડ્યાં અને કૂફાના લડવૈયામાંથી એક પણ જીવતો રહ્યો નહિ.

પછી અસ્રે તીરંદાજો પાસે તીરોનો વરસાદ વરસાવ્યો. ઇમામ હુસેનના લડવૈયામાંથી એક પણ માણસ જીવતો

રહ્યો નહિ. અમ્રે તંબુ સળગાવી મૂકવા કહ્યું. ઇમામ હુસેને બીધેલાં બૈરાંની ચીસ સાંભળી. તેઓ ગુસ્સે થઈ બોલ્યા, શું તું મારા કુટુંબને બાળી મૂકે છે ? ખુદા તને બાળો.

આ લડાઈ મુહર્રમને ૧૦મે દિવસે થઈ હતી. આ વખતે બપોર થયા હતા અને આટલાં દુઃખમાં પણ ઇમામ હુસેન નમાઝ પઢવી ભૂલ્યા નહિ.

પાછી લડાઈ શરૂ થઈ. ઇમામ હુસેને પોતાના પુત્રને મરણ પામેલો જોયો. તેમને દિલગીરી થઈ, પણ તેઓ બહાદુરીથી લડ્યા. છેવટે, તેમના માથામાં તલવારનો ઝાટકો વાગ્યો. તેમણે મુગટ ઉતારી પાઘડી પહેરી, પણ તેઓ થાકી ગયા હતા. તેઓ પોતાના તંબુના બારણા આગળ બેઠા ને પોતાના પુત્રને તેમણે ખોળામાં લીધો. એટલામાં તે બાળક પર એક તીર આવ્યું, તેથી તે મરણ પામ્યો.

ઇમામ હુસેનને તરસ લાગી. તે પાણી પીવાની તૈયારીમાં હતા, એટલામાં તેમના મોંમાં એક તીર વાગ્યું. તેઓ જમીન પર પડ્યા, એવામાં તેમનો ભત્રીજો તેમને ભેટવા આવ્યો. પણ એક ઘાતકી સિપાઈએ તેનો હાથ કાપી નાંખ્યો.

આથી ખૂબ ક્રોધે ભરાઈ ઇમામ હુસેન પાછા રણમાં ઘૂમ્યા. હુમલો ખૂબ જોરથી કરવામાં આવ્યો. સિંહથી હરણો નાસે તેમ શત્રુઓ નાસવા માંડ્યા. પણ શત્રુની સંખ્યા ઘણી વધારે હોવાથી તેઓ ફાવ્યા નહિ. તેમની ગરદનમાં ઘા થવાથી તેઓ જમીન પર પડ્યા, એટલે એક શત્રુએ આવી

તેમની છાતીમાં ભાલો ભોંક્યો. આ રીતે તેમના પ્રાણ ગયા. મુહર્રમનો ૧૦મો દિવસ તેમની શહાદતનો થયો.

આવી હાલતમાં શત્રુએ તેમનું માથું ધડથી કાપી નાંખ્યું ને તે યઝીદને પહોંચાડયું. પણ તે ખલીફાને તે જોઈ દયા આવી ને તેમના મરણ માટે તેણે શોક બતાવ્યો.

---

# પાઠ ૩૯મો

## ખેતી અને ખેડુત

"ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર, અને નક્ફટ નોકરી" એ કહેવત મોટે ભાગે ખરી છે. ખેતીનો ધંધો સહુ ધંધામાં ઉત્તમ છે; તેનાથી ઉતરતો વેપાર છે; અને નોકરીમાં માણુસ સ્વમાન બરાબર જાળવી શકતો નથી, તેથી એને નક્ફટ કહી છે.

કોઈ પણ પ્રાણી અન્ન વગર જીવી શકતું નથી અને તે અન્ન જમીનમાં ખેડુતની મહેનતે પાકે છે. ખેડુત પોતાનાજ ઉપયોગ જેટલું અન્ન પકવતો નથી. તેનું પકવેલું અન્ન બીજા બધા ધંધામાં વળગેલા માણસોને કામ લાગે છે. દરેક માણસને પોતાના ને પોતાના કુટુંબના નિભાવ માટે જરૂરનું અન્ન પોતેજ પકવું પડે તો અન્ય ધંધા, કળા, ને સાહિત્યની ખિલવણીને માટે મનુષ્યને બહુ થોડો વખત મળે અને દુનિયામાં સુધારાનો પ્રવાહ બહુ મંદ ચાલે. ખેડુત બીજા ધંધા માટે જનમંડળને જોગવાઈ કરી આપે છે, તેથી તે દુનિયાનો મોટો ઉપકાર કરે છે.

ખેડુત અને વેપારી જેટલી સ્વતંત્રતા ભોગવી શકે છે તેટલી નોકર ભોગવી શકતો નથી. બીજા ધંધાદારીઓ કરતાં ખેડુત શરીરસુખ વધારે મેળવે છે. હરરોજ તેને ખુલ્લી હવામાં મહેનત કરવાની છે, તેથી તે તંદુરસ્ત અને પુષ્ટ રહે છે.

આપણા દેશમાં વસ્તીના મોટા ભાગનું જીવન ખેતી પર છે. જમીન રસાળ છે. વરસાદ માફક હોય છે ત્યારે થોડી મહેનતે ઘણું ફળ થાય છે. આપણા ખેડુત પોતાના કામમાં હોશિયાર છે. પણ બીજા દેશોમાં ધરતી એરાન જેવી કે ઓછી ફળદ્રુપ હોય છે તોપણ ત્યાંના લોક કળાથી સારૂં ફળ મેળવે છે, તેના પ્રમાણમાં આપણા ખેડુતને બહુ ઓછું ફળ મળે છે.

આપણા ખેડુત જૂની ઢબને વળગી રહે છે; ખેડવાનાં અસલી ઓજારમાં તેઓ કંઈ સુધારોવધારો કરતા નથી. તે કરવાને તેમજ જમીનને વધારે રસાળ કરવાને વધારે ને જોઈતા પ્રકારનું ખાતર નાંખવાને તેમની પાસે પૈસા નથી. હાલ સરકારે ‘ સહકારી ધીરધારમંડળ ’ સ્થાપ્યાં છે, તેથી ખેડુતને ઓછે વ્યાજે જોઈતા પૈસા મળી શકે છે.

પશ્ચિમ તરફના સુધરેલા દેશોમાં ઘણી જમીન એકઠી ખેડાય છે, યંત્રોનો ને નવાં નવાં ઓજારોનો ઉપયોગ થાય છે, અને કયું ખાતર કયા પાકને માફક થશે અને જમીનમાંથી વધારે પાક કેમ કાઢી શકાશે તેનું બરાબર જ્ઞાન મેળવવામાં આવે છે. આપણે ત્યાં બહુ મોટાં ખેતર હોતાં નથી; બેથી પંદર વીંઘાં સુધીનાં ખેતર હોય છે; એથી

મોટાં ભાગ્યેજ હોય છે. મોટાં ખેતરના નાના વિભાગ થયા કરે છે; તેથી મોટા પાયા પર ખેતી થઈ શકતી નથી.

ચોમાસાના પાકને ખરીફનો ને શિયાળાના પાકને રવીનો પાક કહે છે. ખરીફના પાકવખત ખાતર નાંખવામાં આવે છે; પણ રવીના પાકવખત ખેતી પર વધારે લક્ષ આપવામાં આવે છે; કેમકે તે વખત જમીન સૂકી હોય છે.

પંજાબ, સિંધ, જોડીઆ પ્રાંત, અને મદ્રાસમાં સરકારે નહેરો કરી છે, તેથી નદીઓમાંથી ખેતરોને પાણી પૂરૂં પાડવામાં આવે છે. એ પ્રાંતોમાં નદીઓ ઘણી હોવાથી નહેરો બાંધી શકાઈ છે. મધ્ય અને દક્ષિણ હિંદુસ્તાનમાં તળાવોમાંથી નહેરો કાઢી છે.

---

## પાઠ ૪૦મો

### નળ અને દમયંતી, ભાગ ૧લો

ઘણા જૂના વખતમાં હિંદુસ્તાનની ઉત્તરે નિષધ નામનો દેશ હતો, તેમાં વીરસેન રાજાનો પુત્ર નળ રાજા રાજ્ય કરતો હતો. તે રૂપનો ભંડાર હતો અને બાણવિદ્યા ને અશ્વવિદ્યામાં ઘણો કુશળ હતો. તે સત્યવાદી ને પવિત્ર હતો.

એ સમયે વિદર્ભ દેશમાં ભીમક રાજા રાજ્ય કરતો હતો. તેને દમયંતી નામની કુંવરી હતી. તે ઘણીજ રૂપવંતી હતી.

નળ રાજાના દરબારમાં દમયંતીનાં અને ભીમકના દરબારમાં નળનાં રૂપ અને ગુણ ગવાતાં હતાં. તેથી નળ અને દમયંતી એકબીજાની ઝંખના કર્યાં કરતાં હતાં અને લગ્નની ગાંઠથી જોડાવા આતુર હતાં.

એક દિવસ નળ રાજા વનમાં શિકાર કરવા ગયો. ત્યાં તેણે હંસની સુંદર હાર દીઠી. તેમાંના એકને તેણે પકડ્યો એટલે તે માણસની પેઠે બોલ્યો, રાજા, તું મને મૂકી દે. અમે વિદર્ભદેશ જઈ દમયંતી આગળ તારાં વખાણ કરીશું એટલે તેનું મન હમેશ તારામાંજ રહેશે અને તને પરણશે ત્યારેજ તે જંપશે. એમ કહેવાથી તેને નળે છોડ્યો. હંસો વિદર્ભ પહોંચ્યા. ત્યાં તેમણે દમયંતીને વાડીમાં સખીઓ સાથે રમતી જોઈ. તેઓ વાડીમાં હારબંધ બેઠા. તેમનું સુંદર રૂપ અને સોનેરી પાંખ જોઈ દમયંતી તાજૂબ થઈ. તે હંસને પકડવા ગઈ, પણ તે તેને હાથ આવ્યો નહિ. એક હંસે ત્યાંથી થોડેક છેટે ઝાડ પર બેસી નળનાં ખૂબ વખાણ કર્યાં. તેણે કહ્યું, રૂપમાં ને ગુણમાં નળ રાજાની બરોબરી કરે એવો અમે સ્વર્ગમાં પણ જોયો નથી. તું એને પરણીશ તો સુખી થઈશ. પ્રભુએ તમારૂં જોડું જુગતું સર્જ્યું છે. દમયંતી કહે, ભાઈ, તું નળ આગળ મારાં વખાણ કરજે. હંસે તેમ કરવાનું વચન આપ્યું. બધા હંસ ત્યાંથી ઊડી ગયા અને નળને આ વાત કહી વનમાં ગયા.

ભીમક રાજાએ દમયંતીને પરણાવવા સ્વયંવર રચ્યો. તેણે દેશદેશના રાજાઓને પોતાને નગર બોલાવ્યા. નળ રાજાને પણ તે સ્વયંવરમાં જવાનું નોતરૂં મળ્યું.



એવામાં નારદ ઋષિ સ્વર્ગમાં ગયા. તેમણે ઇંદ્રને કહ્યું, ભીમક રાજાએ દમયંતીનાં લગ્ન માટે સ્વયંવર રચ્યો છે. ત્યાં નળ રાજા જશે ને દમયંતી તેને વરશે. રૂપ અને ગુણમાં કોઈ દેવ પણ તેને પહોંચે એમ નથી. આ સાંભળી, ઇંદ્ર, અગ્નિ, વરુણ, અને યમ, એ ચાર દેવ દમયંતીના સ્વયંવરમાં જવા નીકળ્યા. રસ્તામાં તેમણે નળ રાજાને દીઠો. તેમણે તેને કહ્યું, રાજા! તું સત્યવાદી ને પવિત્ર છે. તારો સ્વાર્થ છોડી દે ને અમારૂં કામ કર. તું અમારો દૂત થા અને

દમયંતીની પાસે અમારો સંદેશો લઈ જા કે દેવો તને પરણવા ઇચ્છે છે, માટે તારી મરજીમાં આવે તે દેવને વર. અમારા બળને લીધે તને રાજમહેલમાં જતાં કોઈ અટકાવશે નહિ અને દમયંતી સિવાય કોઈ જોઈ શકશે નહિ. નળે તેમ કરવાનું કબૂલ કર્યું.

તેણે દેવદૂતનું કામ ઉત્તમ રીતે કર્યું. દમયંતીને તેણે બહુ બહુ સમજાવી કે ગમે તે દેવને વર. દેવને મૂકી માણસને પસંદ કરવો એ અજુગતું છે. ધન્ય છે એ રાજાને! એણે પોતાની ફરજ બરાબર બજાવી ને સ્વાર્થ પર નજર રાખી નહિ.

પણ દમયંતીએ તેનું કહ્યું માન્યું નહિ. તેણે નળ રાજાને કહ્યું, હું તો તમને મનથી વરી ચૂકી છું.

નળે નિરાશ થઈ જે બન્યું તે દેવોને કહી સંભળાવ્યું. દેવોએ કહ્યું, તારૂં રૂપ ધરી અમે પણ સ્વયંવરમાં આવીશું.

દમયંતીએ સ્વયંવરમાં એકને બદલે પાંચ નળ જોયા, તેથી તે ગભરાઈ. પણ દેવો અધર ઊભા હતા અને તેમની આંખ પલકતી નહોતી, તેથી દમયંતીએ તેમને ઓળખ્યા ને નળને વરમાળા પહેરાવી. દેવો પાછા ફર્યા અને નળ રાજા દમયંતીને પરણી પોતાને દેશ ગયો.

થોડાં વર્ષ સુખમાં વહી ગયાં. દમયંતીને ઇંદ્રસેન કુંવર ને ઇંદ્રસેના કુંવરી, એમ બે સંતાન થયાં.

# પાઠ ૪૧મો

## નળ અને દમયંતી, ભાગ રજો

દેવો સ્વયંવરમાંથી પાછા ફર્યાં, તેમને રસ્તામાં કલિ મળ્યો. તે સ્વયંવરમાં જતો હતો અને દમયંતી નળને વરી એમ તેણે દેવો તરફથી જાણ્યું એટલે તેના ગુસ્સાનો પાર રહ્યો નહિ. તેણે નળદમયંતીને દુઃખી કરવાનો ઠરાવ કર્યો.

નળને પુષ્કર કરીને ભાઈ હતો, તેને કલિએ નળ સાથે જુગટું રમવાને ઉશ્કેર્યો. એક પોઠીઆમાં કલિ પેઠો અને પુષ્કર તે પોઠીઆને લઈ નળની પાસે ગયો ને તેને કહ્યું કે તું મારી સાથે જુગટું રમ. હું હારીશ તો આ પોઠીઓ તને આપી દઈશ.

કલિ નળ રાજામાં દાખલ થવાની તક શોધતો હતો. રાજા એવો પવિત્ર હતો કે ઘણાં વર્ષ સુધી તેને એ તક મળી નહિ. એક દિવસ રાજાની પવિત્રતામાં સહેજ ખામી આવી એટલે કલિ તેના શરીરમાં પેઠો. આથી તેની બુદ્ધિ બગડી અને તે પુષ્કર જોડે જુગટું રમવા કબૂલ થયો.

આરંભથીજ નળની હાર થઈ. તે હારતો ગયો તેમ તેમ વધારે વધારે શરત કરતો ગયો. પ્રધાને, બીજા અમલદારોએ, ને દમયંતીએ તેને બહુ બહુ વાર્યો; પણ તેણે કોઈને પત કર્યાં નહિ. છેવટે, તેણે રાજ્ય ખોયું. દમયંતીએ છોકરાંને મોસાળ મોકલી દીધાં. રાજારાણીને એકેક વસ્ત્ર સાથે શહેર

છોડી વનમાં જવું પડ્યું. પુષ્કરે ઢંઢેરો પિટાવ્યો કે રાજાને કે રાણીને કોઈ આસરો આપશે તેને ગરદન મારવામાં આવશે. નળ અને દમયંતી ત્રણ દિવસ નગર બહાર રહ્યાં, પછી તેઓ વનમાં ગયાં.

વનમાં બંનેને ભારે દુઃખો વેઠવાં પડ્યાં. નળે સોનેરી પાંખવાળાં કેટલાંક પંખી દીઠાં. ઓઢેલું ઉપરણું એક પંખી પર નાંખી તેને તે પકડવા જાય છે એટલામાં તે ઉપરણું લઈ ઊડી ગયું. દમયંતીની દયા આવવાથી નળે તેને કહ્યું, અહિંથી દક્ષિણમાં રસ્તો જાય છે, ત્યાં થઈ તું તારે પિયર જા. તેણે તેને બહુ બહુ સમજાવી, પણ તેણે તે માન્યું નહિ.

ભૂખ અને તરસથી રિબાતાં તેઓ વનમાં જાય છે, એવામાં નળે એક માછલું દીઠું. નળે તેને મારી દમયંતીને આપ્યું, અને જેવું તે પાસેના તળાવમાં સાફ કરવા જાય છે કે તેવું તે હાથમાંથી જીવતું થઈ સટકી ગયું. નળને વહેમ ભરાયો કે દમયંતી એ ખાઈ ગઈ, તેથી તેણે તેને ન કહેવાનું કહ્યું. રાતે તે વનમાં સૂતી હતી ત્યારે નળને વિચાર આવ્યો કે હું એને તજીને જતો રહું તો મારે એનું દુઃખ જોવું ન પડે. એમ વિચારી તેનું અર્ધ વસ્ત્ર કાપી, પોતે તે પહેરી, તેને એકલી મૂકી તે ચાલતો થયો.

દમયંતી જાગી ત્યારે પોતે એકલી છે એમ જોઈ બહુ શોકમાં પડી. વનમાં બધે તે નળને શોધવા લાગી. જે જે પ્રાણીને તે જોતી તેને તેમજ રસ્તામાં ઝાડને તે પૂછતી કે તમે નળ રાજાને જોયો છે ? કવિએ કહ્યું છે કે—

'ભૂલી ભમે છે ભામની, નિષધનાથની નાર રે,
ઓ નળ, ઓ નળ, બોલતી, ભીમકરાજકુમાર રે.'

વનમાં એક અજગરના મોંમાં તેનો પગ પડ્યો, તેમાંથી તેને એક પારધીએ છોડવી. પછી વણજારાના ટોળા સાથે તે એક નગરમાં ગઈ. ત્યાં છોકરાં તેની મશ્કરી કરતાં હતાં. ફરતાં ફરતાં તે રાજમહેલ આગળ ગઈ. રાજમાતાની નજર તેના પર પડી. તેણે તેને ઉપર બોલાવી બધી હકીકત પૂછી. દમયંતીએ પોતાનું નામ કહ્યા વિના બધું કહ્યું. રાજમાતા તેની માસી થતી હતી, પણ તેણે તેને ઓળખી નહિ. તેણે



દમયંતીને પોતાની પાસે રાખી ને પોતાની પુત્રી સુનંદાનેઃ સોંપી. વળી તેના પતિની શોધ કરવાનું પણ તેણે માથે લીધું.

---

# પાઠ ૪૨મો

## નળ અને દમયંતી, ભાગ ૩જો

દમયંતીને છોડીને નળે એકલા વનમાં ભટકવા માંડ્યું. એવામાં તેણે એક અજગરને દવમાં બળતો જોયો. તેણે કહ્યું, મારૂં નામ કર્કોટક છે. એક ઋષિના શાપથી મારી આ દશા થઈ છે. તને નળ રાજા છોડવશે એમ તેમણે મને કહ્યું છે. નળે તેને બળતો ઉગાર્યો એટલે તે નળને કરડ્યો. આથી નળનું રૂપ તદ્દન ફરી ગયું. તે કાળો અને બિહામણો થઈ ગયો. આ જોઈ તે આશ્ચર્ય પામ્યો. કર્કોટકે કહ્યું, તું ગભરાઈશ નહિ. તારા ભલાને માટેજ મેં આમ કર્યું છે. મારા ઝેરની વેદના તને લાગશે નહિ અને તારા શરીરમાં કલિ પેઠો છે તે એથી અકળાશે. તું અયોધ્યાના રાજા ઋતુપર્ણને ત્યાં જજે, બાહુક નામ ધારણ કરજે, અને તેની ઘોડારમાં નોકર રહેજે. તે તને પાસા રમવાની વિદ્યા શિખવશે અને તું તેને અશ્વકળા શિખવજે. આ વસ્ત્ર આપું છું તે તું પહેરીશ એટલે તારૂં મૂળ રૂપ તું પામીશ. આમ કહી તે ગૂમ થયો. નળરાજા બાહુક નામ ધરી ઋતુપર્ણ રાજાને ત્યાં ઘોડારમાં નોકર રહ્યો.

હવે ભીમક રાજાએ નળ અને દમયંતીને શોધવા જુદા જુદા દેશોમાં બ્રાહ્મણ મોકલ્યા. તેમાંનો સુદેવ બ્રાહ્મણ જે નગરમાં દમયંતી હતી ત્યાં આવ્યો. દમયંતીના ભમ્મરની વચ્ચે લાખું હતું તે પરથી તેણે તેને ઓળખી કાઢી. રાજમાતા ને સુનંદાએ તેને ઓળખી નહિ તેથી તેઓ દિલગીર થયાં. દમયંતીએ તેમનું મન વાળ્યું અને તેમનો ઉપકાર માની સુદેવ સાથે તે પિયર ગઈ.

પછી દમયંતીએ નળની શોધ કરવા બ્રાહ્મણ મોકલ્યા. તેમાંના એક બ્રાહ્મણે શોધ કરી દમયંતીને કહ્યું કે અયોધ્યાના ઋતુપર્ણ રાજાને ત્યાં બાહુક નામે સારથિ છે, તેણે તમારા ઉખાણાનો જવાબ દીધો. દમયંતીને શક પડ્યો કે એજ નળ રાજા છે, તેથી તેણે સુદેવને અયોધ્યા મોકલ્યો ને ઋતુપર્ણને કહાવ્યું કે દમયંતી કાલે સ્વયંવર કરે છે, તેમાં તમારે પધારવું.

ઋતુપર્ણ બાહુકને સારથિ બનાવી સ્વયંવરમાં જવા નીકળ્યો. બાહુકે પવનવેગે ઘોડા ચલાવ્યા. રસ્તામાં એક બેડાના ઝાડમાં કેટલાં પાંદડાં છે તે ઋતુપર્ણે કહ્યું. તે જોઈ બાહુક અચંબો પામ્યો. પછી બાહુકે ઋતુપર્ણને અશ્વવિદ્યા શિખવી અને તેની પાસેથી ઝાડનાં પાંદડાં ગણવાની ને પાસા ખેલવાની વિદ્યા તે શીખ્યો.

નળને એ વિદ્યાનું જ્ઞાન થયું કે કલિ તેના શરીરમાંથી બહાર નીકળ્યો. નળ રાજા શાપ દેશે એવી બીકથી તેણે તેને નમી પડીને કહ્યું, રાજા! મેં તને બહુ દુઃખ દીધું છે, પણ

જે તારી કથા સાંભળશે તેને હું નહિ પીડું. એમ કહી તે એડાના ઝાડમાં પેસી ગયો.



દૂરથી આવતા ઋતુપર્ણના રથનો અવાજ સાંભળી દમયંતીને લાગ્યું કે રથ હાંકનાર બાહુક નળ હોવો જોઈએ. ભીમકે ઋતુપર્ણને આવકાર દીધો. દમયંતીએ બાહુકની પાસે દૂતી મોકલી ઉખાણા પુછાવી ખાતરી કીધી. તેણે તેની પાસે બે બાળકો મોકલ્યાં. તેમને જોઈ નળની આંખમાંથી આંસુની ધારા વહી ચાલી. પછી તેણે કર્કોટકે આપેલું વસ્ત્ર પહેર્યું એટલે તે પોતાનું મૂળ રૂપ પામ્યો. દમયંતી તથા ભીમક બહુ રાજી થયાં.

નળ રાજા નિષેધ દેશ ગયો. તેણે પુષ્કરને જુગટામાં હરાવી પોતાનું રાજ્ય પાછું મેળવ્યું. દયા લાવી તેણે પુષ્કરને પોતાને ગામ મોકલ્યો. પછી તેણે દમયંતીને પિયરથી બોલાવી અને રાજારાણીએ સુખમાં દિવસો ગાળ્યા.

---

## पाठ ४३मो

### उत्तरा अने अभिमन्यु

राग परजियो

मने मारीने रथडा खेड रे, बाळा राजा रे,
मने जुद्ध साथे तेड रे, बाळा राजा रे.

आपणे सरखा सरखी जोड रे, बाळा०,
मने जुद्ध जोयाना कोड रे, बाळा०.
लावो हुं धारुं हथियार रे, बाळा०,
करुं कौरवनो संहार रे, बाळा०.
छांडी जुद्ध वळो घेर आज रे, बाळा०,
मारा बापनुं अपावुं राज रे, बाळा०.
में तो शो रे कीधो अधर्म रे, बाळा०,
मारे किया जनमनां कर्म रे, बाळा०.

में तो वेलो वाधतां तोडी रे, बाळा०,
में तो धावती धेन वछोडी रे, बाळा०.

वळती बोल्यो अभिमंन रे, घेली राणी रे;
तमे वात विमासो मंन रे, घेली राणी रे.

ढाळ

उत्तरा कुंवरी वाणी बोली, सांभळ मुज भरथार;
तमे जुद्ध करवा संचरो छो, चक्रव्यूह मोझार.

मरजो के मारजो तमे, नव देशो पूंठ लगार;
सहियर मेणां मारी कहेशे, कायरनी आ नार.

अवनी पर जे अवतर्यो, तेने मरवुं एकज वार;
मोत थकी डरिये नहि, ते माटे भरथार.

लज्जाराम

---

# પાઠ ૪૪મો

## તાબૂત

તાબુત તો તમે બધાંએ જોયાં છે. મુસલમાન લોકો તાબૂત શા માટે કાઢે છે તે તમે આ પાઠમાં શીખશો.



તાબૂતને તાજિયાં પણ કહે છે.

જે સાંજે બીજનો ચાંદ દેખાય છે તેની પછીને દિવસે મુસલમાન લોકોનો નવો મહીનો બેસે છે. મહીનાની ૨૯મી તારીખે બીજનો ચંદ્ર દેખાય તો તે મહીનાના ૨૯ દહાડા ગણાય છે અને ૩૦મી તારીખે દેખાય તો તે મહીનાના ૩૦ દહાડા ગણાય છે.

હઝરત મુહંમદ પેગંબરે મક્કામાં મુસલમાન ધર્મ ચલાવ્યો ત્યારે મક્કાની પ્રજાએ તેમના પર ઘણો જુલમ કીધો, તેથી તેમને મક્કા છોડી મદીના જવું પડ્યું. આને હિજરત (છોડવું) કહે છે. એની યાદગીરીમાં મુસલમાન લોક હિજરી સાલ પાળે છે.

ઇમામ હુસેન અને યઝીદના લશ્કર વચ્ચે યુફ્રેટીસ નદીને કાંઠે કરબલામાં યુદ્ધ શરૂ થયું, તે દિવસે મુહર્રમ મહીનાની સાતમી તારીખ હતી. મુહર્રમને દસમે દિવસે બપોરે એક વાગે ઇમામ હુસેન ને એમના ગણ્યાગાંઠ્યા ચેલા ગુજરી ગયા. ત્યાં તેમના શિષ્યોએ તેમની કબર બંધાવી છે. ભાવિક મુસલમાનો ઇમામ હુસેન તરફ અદબથી જુએ છે.

આ શહાદતથી મુસલમાન લોકો મુહર્રમના ૭માથી ૧૨મા સુધીના છ દિવસ બહુ દિલગીરીમાં ગાળે છે. એ દિવસોમાં તેઓ તાજિયાં બનાવે છે. એ ઇમામ હુસેનની કબરના નમુના છે.

મુગલ પાદશાહ તિમુરલિંગે ઇમામ હુસેનની શહાદતની યાદગીરીમાં એક તાબૂત બનાવ્યું, ત્યારથી દર વર્ષે એ દિવસોએ હિંદુસ્તાનમાં તાબૂત બનાવવાની ચાલ પડી. તિમુરલિંગ પાદશાહ ભાવિક હતો. તેણે ઇમામ હુસેનની કબરની નકલ કરાવી. તેને જોઈ તે પોતાનું મન વાળવા લાગ્યો. ત્યારથી તાબૂતનો રિવાજ પેઠો.

મુહર્રમનો દસમો દિવસ ઇમામ હુસેનની શહાદતનો છે, તેથી તે દિવસે સાંજે તાબૂત ઠંડાં કરવામાં આવે છે. હિંદુસ્તાનમાં એ રિવાજ એટલો બધો વધી ગયો છે કે જ્યાં જ્યાં મુસલમાન લોકોની વસ્તી છે ત્યાં દર વર્ષે તાબૂત બનાવાય છે.

તાબૂતમાં કેટલાક લોક શરીર રંગી વાઘ બને છે. આ

વાધ બનવાનો રિવાજ ગુજરાતમાં બહુ જોવામાં આવે છે. તાબૂતના દિવસોમાં કેટલાક ફકીર બને છે.

ધર્મચુસ્ત મુસલમાનો આ દિવસો ભારે ગમગીનીમાં પસાર કરે છે. તેઓ ઇમામ હુસેનના યુદ્ધની કથા સાંભળે છે ને ગરીબને દાન કરે છે. તે દિવસે મુસલમાન લોક શરબત ને પાણી આપે છે.

આ તહેવારથી મુસલમાન લોકને પોતાના બાપદાદાનાં શુરાતન, ધીરજ, ને ભક્તિ યાદ આવે છે.

---

# પાઠ ૪૫મો

## સ્વચ્છ હવા ને અસ્વચ્છ હવા, ભાગ ૧લો

શિક્ષક—જુઓ, હું ટેબલ પર પાણી રેડું છું. શું થાય છે?

છોકરાં—સાહેબ, પાણી જમીન પર પડ્યું અને જમીન પર વહેતું વહેતું જાય છે.

શિક્ષક—એવો બીજો કોઈ પદાર્થ જાણો છો?

છોકરાં—હા, જી. દૂધ અને તેલ પણ એવાંજ છે.

શિક્ષક—ખરૂં. એ બધાં પ્રવાહી પદાર્થ કહેવાય છે. એ પદાર્થોનો રેલો નીકળે છે અને એ નીચી જગાએ વહે છે. લાકડું, પત્થર, માટી, વગેરે જે પદાર્થનો રેલો જતો

નથી, તે નક્કર પદાર્થ કહેવાય છે. નક્કર પદાર્થ અને પ્રવાહી પદાર્થ, બંનેને આપણે જોઈ શકીએ છીએ; હવાને જોઈ શકતાં નથી. જુઓ, પાણીમાં ને હવામાં બીજો ફેર છે તે સમજાવું છું. નાના વાસણનું પાણી મોટા વાસણમાં રેડું છું. વાસણ ભરાયું ?

છોકરાં—ના, સાહેબ. થોડો ભાગ ખાલી રહ્યો છે.

શિક્ષક—ખરૂં. નાના વાસણની હવા યન્ત્ર વડે મોટા વાસણમાં ઠાલવીએ તો તે મોટું વાસણ અધુરૂં રહેશે કે બધું ભરાશે ?

છોકરાં—સાહેબ, કોઈ પણ ખાલી જગા હવા વગરની નથી, માટે આખા વાસણમાં હવા ફરી વળશે.

શિક્ષક—ખરી વાત. હવા એક ગૅસ છે. એના અવયવ એકએકને વળગતા નથી; તે બધે ફેલાઈ જાય છે. તેમાં ઑક્સિજન ને નાઇટ્રોજન નામના બે ગૅસ એવા પ્રમાણમાં છે કે તે આપણી તંદુરસ્તીને લાભ કરે છે. સ્વચ્છ હવામાં ચાર ભાગ નાઇટ્રોજન ને એક ભાગ ઑક્સિજન છે. આપણું જીવન ટકાવવાને બંને ગૅસની જરૂર છે. એકથીજ જીવી શકાય નહિ.

ઑક્સિજનને પ્રાણવાયુ કહે છે; કેમકે એના વગર આપણે જીવી શકતાં નથી. એના વગર દેવતા સળગતો નથી. સળગેલા દેવતા પર કે પ્રગટાવેલા દીવા પર તમે કંઈ ઢાંકી દેશો તો થોડા વખતમાં દેવતા અને દીવો, બંને ઘેર જશે. તેમા હવા આવી

શકતી નથી, એટલે દેવતાને ને દીવાને ઑક્સિજન મળતું નથી, તેથી એ હોલવાઈ જાય છે. ઑક્સિજન વગર અગ્નિ બળતો નથી.

---

# પાઠ ૪૬મો

## સ્વચ્છ હવા ને અસ્વચ્છ હવા, ભાગ રજો

શિક્ષક—આપણા શ્વાસમાંથી ચોખ્ખી હવા નીકળે છે કે ખરાબ ?

છોકરાં—સાહેબ, ખરાબ હવા નીકળે છે.

શિક્ષક—તમે એ હવા ખરાબ છે એમ શાથી જાણ્યું ?

છોકરાં—સાહેબ, ઘણાં માણસોની ગિરદીમાં એવી હવાથી અમારો જીવ ફરી જાય છે તેથી.

શિક્ષક—ખરૂં. એ હવા ઝેરી છે. આપણે શ્વાસ લઈએ છીએ ત્યારે હવા નાક અને મોંમાં થઈ ગળાને માર્ગે, ઘણી નાની નળીઓ, જેનાં આપણાં ફેફસાં બનેલાં છે, તેમાં જાય છે. આ નાની નાની નળીઓને બીજે છેડે લોહી છે, તેને એ હવામાંનું ઑક્સિજન સ્વચ્છ કરે છે.

તમે 'ખોરાક'ના પાઠમાં શીખી ગયાં છો કે આપણા શરીરમાં ગરમી ઉત્પન્ન કરવાને ખોરાકની જરૂર છે.

એવા ખોરાકમાં કાર્બન આવે છે. શ્વાસવાટે આપણા શરીરમાં ઑક્સિજન જાય છે, તે ખોરાકમાં રહેલા કાર્બન સાથે ભેગું થાય છે ને તેનો નવો ગૅસ બને છે, તે કાર્બોનિક ઍસિડ ગૅસ કહેવાય છે. એ ઝેરી છે. તમામ પ્રાણી મોંમાંથી ને નાકમાંથી તેમજ છિદ્રોમાંથી આ ગૅસ બહાર કાઢે છે.

નયનસુખલાલ—બધાં પ્રાણીના શ્વાસમાંથી આવી ઝેરી હવા બહાર નીકળે છે ત્યારે તો હવામાં બહુ બગાડ થવો જોઈએ. આપણને એ ઝેર કેમ લાગતું નથી ?

શિક્ષક—શાબાશ ! આવી રીતે વિચાર કરશો ને ન સમજાય ત્યાં પૂછશો તો તમને ઘણો લાભ થશે.

તમે જાણો છો કે વનસ્પતિને પણ હવાની જરૂર છે. તે મૂળ અને પાંદડાંની મારફત ખોરાક લે છે. પાંદડાં એ વનસ્પતિનાં મોં ને પેટ જેવાં છે. નાનાં છિદ્રની મારફત પાંદડાં હવામાંથી કાર્બોનિક ઍસિડ ગૅસ ચૂસે છે. એ એનો ખોરાક છે. માણસને હવામાંના ઑક્સિજનની જરૂર છે, ત્યારે વનસ્પતિને કાર્બોનિક ઍસિડ ગૅસની જરૂર છે. વળી આપણે શ્વાસની મારફત કાર્બોનિક ઍસિડ ગૅસ બહાર કાઢીએ છીએ ત્યારે વનસ્પતિ પાંદડાંનાં છિદ્રની મારફત ઑક્સિજન બહાર કાઢે છે. આ પ્રમાણે પ્રાણી અને વનસ્પતિ એક-એકની સેવા બજાવે છે. આપણને જે નકામું ને ઝેરી છે તે વનસ્પતિનો ખોરાક છે અને વનસ્પતિને જે

નકામું છે તે આપણને બહુ કામનું છે. કુદરતની કેવી ખુબી છે! ઈશ્વરની આપણા પર કેવી મહેર છે!

---

# પાઠ ૪૭મો

## ભાગ્યદેવી ને ભિખારણ

એક ભિખારણ ભાગ્યદેવીના ગેરઇનસાફ માટે બબડતી બબડતી ચાલતી હતી. અરે રામ! આ ગામમાં આટલાં બધાં માણસ સુખી છે ને હુંજ એકલી દુઃખી છું. તેઓ કેવાં કલ્લોલ કરે છે! તેમને મનગમતું ખાવાનું છે, મનમાન્યું પહેરવાઓઢવાનું છે, ને સારાં સારાં મકાનમાં રહેવાનું છે. મારે તો હમેશ ખાવાના સાંસા છે, પહેરવાને આવાં ચિથરેહાલ કપડાં છે, ને રહેવાનું ગામની શેરીમાં કે જંગલનાં ઝાડ નીચે છે.

છતાં, આ ગામનાં બધાં માણસ મને સંતોષ વિનાનાં લાગે છે. તેઓ વધુ ને વધુ પૈસા મેળવવા વલખાં મારે છે. તેમને કોઈને હું શાંત ને સંતોષી જોતી નથી. તે બધાં પૈસાના ગુલામ છે. મને તો ખાવાપીવાનું સુખ મળે તો હું હમેશ શાંત ને સંતોષી બનું. આ પ્રમાણે તે ભિખારણ એકાંતમાં બબડતી હતી. તે શબ્દો ભાગ્યદેવીના સાંભળવામાં આવ્યા.

ભાગ્યદેવીએ તે ભિખારણને કહ્યું, બાઈ, હું તને સુખી કરવા ઇચ્છું છું. તારા વસ્ત્રનો છેડો લંબાવ. હું તેમાં ખૂબ

રૂપીઆ નાંખીશ. તું કહીશ તેટલા રૂપીઆ નાંખીજ જઈશ. પણ આટલું યાદ રાખજે કે જો એક પણ રૂપીઓ તારા વસ્ત્રમાંથી બહાર પડ્યો તો બધા રૂપીઆના કોયલા થઈ જશે.

ભિખારણે કહ્યું, વારૂ. પછી તેણે પોતાનું વસ્ત્ર ધર્યું અને ભાગ્યદેવીએ તેમાં રૂપીઆ નાંખ્યા. જોતજોતામાં ભિખારણનો પાલવ રૂપીઆથી ભરાઈ ગયો. રૂપીઆના ભારથી તે બાઈ લચી પડી.



પછી ભાગ્યદેવીએ તેને પૂછ્યું, કેમ સંતોષ થયો ?

ભિખારણે કહ્યું, બરાબર નહિ. ભાગ્યદેવીએ થોડા વધુ રૂપીઆ નાંખ્યા. ભિખારણે તેથી વધુ નાંખવા કહ્યું. તેનું વસ્ત્ર જૂનું ને જરી ગએલું હતું. વસ્ત્ર ફાટવાની તેને ફીકર તો થઈ. પણ તેણે ધાર્યું, કંઈ નહિ. છો વધુ રૂપીઆ આવતા. ક્યાં ફરી ફરીને આવો લાગ આવવાનો છે?

ભાગ્યદેવી બોલી, કેમ બાઈ! હવે તો બસ થયું કે નહિ? ભિખારણે કહ્યું, હજી થોડા વધારે નાંખ. તારો હું હમેશ ઉપકાર માનીશ.

ભાગ્યદેવીએ કહ્યું, જો, તારૂં કપડું ફાટી જવાની તૈયારીમાં છે. ચેતીને બોલ.

ભિખારણ બોલી, કંઈ નહિ. બેચાર રૂપીઆ હજી નાંખ.

જ્યાં એકબે રૂપીઆ વધુ પડ્યા કે ફ્ચ દઈને કપડું ફસકયું ને તે ભિખારણના રૂપીઆ કોયલા બની ગયા. ભાગ્યદેવી જતી રહી ને ભિખારણ ગરીબની ગરીબ રહી. તેણે કહ્યું, અરે રામ! રૂપીઆ તો ગયા, પણ મારૂં એકનું એક વસ્ત્ર પણ ફાટી ગયું.

એમ કહી તે ભિખારણ ચાલતી થઈ ને તેને પોતાના અસંતોષી સ્વભાવ પર તિરસ્કાર આવ્યો.

# પાઠ ૪૮મો

## નવજોત

પારસી લોકમાં છોકરા ને છોકરીને ધર્મમાં દાખલ કરવાની ક્રિયા ૭થી ૧૨ વર્ષની ઉમર સુધીમાં કરવામાં આવે છે. બાળક ૬ વર્ષ ને ૩ મહીનાનું થાય તે પહેલાં એમના ધર્મ પ્રમાણે એ ક્રિયા કરી શકાતી નથી. પછી સદરો પહેરાવવામાં આવે છે ને કેડે કુસ્તી બાંધવામાં આવે છે. આ સદરો પહેરવાની ને કુસ્તી બાંધવાની ક્રિયાને નવજોતની ક્રિયા કહે છે. આ ક્રિયા બહુ ભપકાથી કરવામાં આવે છે.

જે બાળક કે બાળકીની નવજોત ક્રિયા થાય છે તેને મોબેદની પાસે બેસાડે છે. તે કેટલીક પ્રાર્થના કરી તેને નહાન નવડાવી ચોકખાં કપડાં પહેરાવે છે. ત્યાર પછી જે ઠેકાણે નવજોતની ક્રિયા કરવાની હોય તે ઠેકાણે તેને લઈ જાય છે. ત્યાં દસ્તુર તેમજ સગાંસ્નેહીઓ ભેગાં હોય છે. જેટલો વખત ક્રિયા પહોંચે છે તેટલો વખત પૂરેપૂરી શાંતિ રહે છે. કોઈ કંઈ બોલતું નથી. દસ્તુર અને મોબેદો શેત્રંજી પર બેસે છે અને બીજાઓ ખુરસી કે કોચ પર બેસે છે. જેને સદરો પહેરાવવાનો હોય તે બાળક કે બાળકી પાટલા પર સૂર્યની દિશા તરફ મોં કરી બેસે છે. તેની પાસે દસ્તુર કે મોબેદ હોય છે તે પ્રથમ પતેત ભણી પોતાનાં પાપને માટે પસ્તાવો કરે છે. બાળકને એ ભણતાં આવડતું હોય તો તે ભણવામાં સામેલ થાય છે.

પછી દસ્તુર બાળક પાસે બે હાથે સદરો ઝલાવે છે અને પોતાના હાથ તે પર મૂકી તેની પાસે નીચેની મતલબનું ભણાવે છે:—

'અહુરમઝદે પેદા કરેલા પવિત્ર ધર્મનો વિજય થાઓ! જે સારો, ખરો, અને પવિત્ર ધર્મ પર્વર્દગારે પોતાનાં પ્રાણીને મોકલ્યો છે તે પેગંબર જરથોસ્તે આણ્યો છે. એ ધર્મ જરથોસ્તનો છે. એ ધર્મ અહુરમઝદે જરથોસ્તને આપેલો છે.'

આ પછી દસ્તુર બાળકને શરીરેથી જૂનું વસ્ત્ર કાઢી નાંખી તેના હાથમાં ઝાલેલો સદરો તેને પહેરાવે છે. પછી દસ્તુર તેની કેડે કુસ્તી ત્રણ વાર વિંટાળે છે. ત્રણ વાર વિટલાય એટલી તે લાંબી હોય છે. આ થઈ રહ્યા પછી કોપરૂં, ચોખા, બદામ, વગેરે શુભ પદાર્થોની મેળવણી દસ્તુર તે બાળકના માથા પર નાંખી તેને આશીર્વાદ દે છે ને તંદુરસ્તી ભણે છે. પછી દસ્તુરને ને મોબેદોને દક્ષિણા અપાય છે, એટલે નવજોતની ક્રિયા પૂરી થાય છે.

ક્રિયા થઈ રહે છે એટલે સગાંસંબંધીઓ તે બાળક કે બાળકીને બખ્શીસો આપે છે અને તેનાં માબાપ તે સાંજે સગાંને ને મિત્રોને મિજબાની આપે છે.

કુસ્તી એ હિંદુઓની જનોઈને મળતી છે. પારસી બૈરાં ઝીણા ઊનના ૭૨ તાંતણા ગૂંથીને એ બનાવે છે. કુસ્તીને ત્રણ આંટામાં પહેરવી પડે છે અને તેને ચાર ગાંઠ હોય છે, બે આગળ ને બે પાછળ. પહેલી ગાંઠ બાંધતી વખત

દસ્તુર કહે છે કે ઈશ્વર એક છે અને એની સાથે કોઈનો મુકાબલો થઈ શકશે નહિ. બીજી ગાંઠ વખત તે ભણે છે કે જરથોસ્તે આણેલો ધર્મ ખરો છે. ત્રીજી ગાંઠ વખત તે કહે છે કે જરથોસ્ત એ ખરો પેગંબર છે. એણે પોતાનો પેગામ ઈશ્વર પાસેથી આણ્યો છે. ચોથી ગાંઠ વખત તે એવું કહે છે કે સારાં કામ કરો અને નઠારાં કામથી દૂર રહો.

કુસ્તી એક વાર પહેરી એટલે તે હમેશ પહેરવી પડે છે. દરરોજ છોડી નાંખી પ્રાર્થનાને વખતે તે ફરી બાંધવામાં આવે છે. જૂની થાય છે ત્યારે તે બદલી નંખાય છે.

આ દિવસથી તે જરથોસ્તી થએલો ગણાય છે અને ધર્મને લગતી ફરજ તેને અદા કરવી પડે છે.


---

# પાઠ ૪૯મો

## કરોળીઓ, ભાગ ૧લો

ઘરમાં કરોળીઆનું જાળું તો તમે જોયું હશે. એ પોતાનું જાળું શી રીતે બનાવે છે ને તેમાં પોતાના શિકારને કેવી રીતે ફસાવે છે તે જાણવામાં તમને ઘણો રસ પડશે.

કીડી ને વંદાની પેઠે કરોળીઓ જંતુના વર્ગમાં આવતો નથી. જંતુના શરીરના ત્રણ ભાગ હોય છે: માથું, છાતી, ને પેટ. કરોળીઆના શરીરના બે ભાગ હોય છે; ઉપલામાં



માથું અને છાતી આવે છે; નીચલામાં પેટ. જંતુની દરેક આંખ નાની નાની આંખોના જથા જેવી છે. આંખ એ તેના રક્ષણનું મુખ્ય સાધન છે; તેથી તે ચારે તરફથી શત્રુને જોઈ શકે છે. કરોળીઆની આંખ તેવી હોતી નથી. જંતુને પાંખ હોય છે, કરોળીઆને નથી હોતી. જંતુને આખા શરીર પર હવા લેવાની નાની નળીઓ હોય છે, તેથી તે શ્વાસ લે છે. કરોળીઓ ફેફસાં વડે શ્વાસ લે છે. જંતુને છ પગ હોય છે; કરોળીઆને આઠ હોય છે. આ રીતે, કરોળીઓ જંતુ નથી, પણ કાચબાની પેઠે ઢાંકણવાળા પ્રાણીના વર્ગમાં આવે છે.

કરોળીઆનું શરીર ટૂંકું ને પહોળું હોય છે; એનું માથું ને ગરદન એકઠાં હોય છે; એનાં જડબાં મજબૂત હોય છે

ને બંને જડબાંમાં દાંત હોય છે. એના મોંની દરેક પાસે એક જબરો, વાંકો દાંત હોય છે.

ઘણાખરા કરોળીઆને આઠ આંખ હોય છે; કેટલાકને બે, ને કેટલાકને છ હોય છે.

કરોળીઆને આઠ પગ હોય છે, તે દરેકને સાત સાંધા હોય છે. પગે વાળ હોય છે ને ઘણા કરોળીઆના પગને તળીએ વાળવાળી ગાદી હોય છે, તેથી તે ઉપરનીચે દોડી શકે છે. એને પગે ત્રણ નખ હોય છે, તે કાંસકીના દાંતા જેવા અણીદાર હોય છે. તે વડે તે તાંતણા કાઢે છે.

કરોળીઆના શરીરમાં ઘણી નાની કોથળીઓ હોય છે, તેમાં જાડો, ગુંદર જેવો, ચીકણો પ્રવાહી પદાર્થ હોય છે. તેના શરીરને છેડે નાનાં છિદ્ર હોય છે, તે કાંતવાનાં યંત્ર જેવાં છે. એ છિદ્રને માર્ગે તેની કોથળીમાંથી રસ નીકળે છે. એ રસ હવામાં રહે છે એટલે ઘણો સખ્ત થાય છે. કરોળીઆના તાંતણા અનેક ઝીણી દોરીના બનેલા હોય છે, તેથી ઘણા જબરા હોય છે. 'બહુ તાંતણા બળવંતા.' ઘણી વસ્તુઓ નાની હોય છે તોપણ ભેગી થયે તેમાં બહુ બળ આવે છે.

# પાઠ ૫૦મો

## કરોળીઓ, ભાગ ૨જો

કરોળીઓ ઘણો ઉદ્યોગી છે. એ પોતાની જાળ ઘણી સુંદર રીતે બાંધે છે. એ કામ એને શિખવવું પડતું નથી. જેમ પંખી વગર શિખવે પોતાનો માળો બાંધે છે, અને જેમ મધમાખ વગર શિખવે મધપુડો બનાવે છે, તેમ કરોળીઓ વગર શિખવે જાળ બાંધે છે.

કરોળીઓ જાળ બનાવવામાં બહુ કારીગરી વાપરે છે. પ્રથમ તે બહારની દોરી સજ્જડ બાંધે છે; પછી તે પૈંડાના આરાની પેઠે દોરીઓ બાંધે છે; ત્યાર પછી તે એ બધી દોરીને જાળની વચ્ચે બાંધે છે; છેવટે, તે તાંતણાઓથી બધા આરાને ઢાંકી દે છે. આવી રીતે જાળ બાંધી તે તેની પાસે કોઈ ઝાડની ડાળ પર પોતાનું રહેઠાણ કરે છે અને જાળ સાથે પોતાના રહેઠાણને દોરીથી જોડી દે છે. વાડીના કરોળીઆ પોતાના તંતુ ઉરાડે છે, તેથી તે એક ડાળીએથી બીજી ડાળીએ જાય છે. એ તંતુ એક જગાથી બીજી જગાએ જવાના રસ્તા કે પૂલ જેવા છે.

કેટલાક કરોળીઆ ઘરના જેવી જાળ બનાવે છે. તે આ રીતે કડીઆનું કામ કરતા જણાય છે. તેઓ જાળને બારણાં કરે છે અને અંદરથી તે બારણાં વાસી દે છે, એટલે તેમાં કોઈ ચોર પેસી શકતો નથી.

કરોળીઓ પોતાના શિકારને જાળમાં ફસાવે છે. કોઈ જંતુ ચીકણા તાંતણામાં આવે કે તરત ચોંટી જાય છે. તે બહાર નીકળવાની કોશીશ કરે તો તે જાળમાં વધારે ગુંચવાઈ જઈ ફસાઈ જાય છે. પછી કરોળીઓ તેને પકડીને મારી નાંખે છે. શિકાર નાનો હોય તો તે તેનો તરત નાશ કરે છે. મોટો હોય તો વધારે વધારે તાંતણાથી તે તેને ઢાંકીને કેદી બનાવે છે.

કેટલાક કરોળીઆ શિકાર પકડવા ફરતા ફરે છે; કેટલાક જળમાં રહે છે; ને કેટલાક ઓરડાને ખૂણે જાળ બાંધે છે.

એક વાર એક કરોળીઓ પાણીની બહાર એકએ ફૂટ રહેલી લાકડીની અણી પર આવ્યો. તે લાકડીની નીચે પાણીની સપાટી લગણ ગયો, પણ બહાર નીકળવાનો રસ્તો તેને સૂજ્યો નહિ. પછી તે લાકડીની ટોચે પાછો ગયો ને ત્યાં રહી તેણે તાંતણા કાઢવા માંડ્યા. તાંતણાનો એક છેડો તેણે લાકડીને મથાળે વળગાડ્યો અને પછી તાંતણા ઉરાડવા માંડ્યા. એમ કરતાં તાંતણો પાસેના ઝાડની ડાળીએ પહોંચ્યો એટલે તે તે રસ્તે સહેલથી નાસી ગયો.

કરોળીઆમાં કયા કયા ગુણ છે તે તમે જોયા ? તે ઘણો ઉદ્યોગી ને ખંતીલો છે. તે પોતાનું કામ ધીમે પણ ચોક્કસ કરે છે. તે દરેક કામ સારૂં કરવામાં મગરૂરી માને છે. પણ તે શિકાર પકડવામાં લુચ્ચો છે.

# पाठ ५१मो

## नळदमयंती बाळकोने मोसाळ वळावतां

राग मेवाडो

मोसाळ पधारो रे बाळक बाळुडां रे, मारां लाडकवायां बे बाळ;
नमायां थइ वर्तो रे, सहेजो मामामामीनी गाळ; मोसाळ०
रुदयामां चांपे रे, पेटने छेलुंवेलुं लाड;
हवे मळवां दोहलां रे, मळिये तो प्रभुजीनो पाड; मोसाळ०
थयां मातावोणां रे, नहि कोइ कहे रुडो साथ;
रोशे हैयुं फाटते रे, हवे कोण फेरवशे हाथ; मोसाळ०
गुरु सुदेवजी रे, तमारे खोळे छे तंन;
कहेजो मुज मातने रे, करे जीवनी पेरे जतंन; मोसाळ०
पुत्रि जमाइए रे, कहेजो वनमां पूर्यो वास;
कहेजो मुज तातने रे, ले विजोगीनो तपास; मोसाळ०
चुंबन करी मावडी रे, फरी फरी ए मुख जोय;
हइयेथी न उतरे रे, दमयंति राणी रोय; मोसाळ०

वलण

रुए राणी अतिघणुं, पछे सोंप्यां गुरुकरमांय;
वोळाव्यां बे बाळको, ऋषि साथे नळराय रे.

प्रेमानंद

# પાઠ પરમો

## રબર

રબર તો તમે જોયું હશે. પેન્સિલના કે સાહીના ડાઘ પડ્યા હોય તો તે કાઢી નાંખવા આપણે રબરનો ઉપયોગ કરીએ છીએ. 'રબર' એ અંગ્રેજી શબ્દ છે. એનો અર્થ 'ઘસનાર', 'ડાઘો કાઢનાર' થાય છે. ગાડીનાં, સાઇકલનાં કે મોટરનાં પૈડાંને રબરની વાટ ચઢાવાય છે. રબરનાં જાત જાતનાં રમકડાં બને છે ને તે મેળાના દહાડામાં પુષ્કળ વેચાય છે. રબરનાં કપડાં ને જોડા બને છે, તેમાં પાણી પેસી શકતું નથી. રબરની પેટી, કાંસકી, ચપ્પુના હાથા, બંબાની સૂંઢ, નળી, બોરીઆં, અને રમવાના દડા બને છે.

એ રબર શું છે ? કપૂર, ગુંદર, અને તાડીની પેઠે રબર એક જાતના ઝાડનો રસ છે.

રબરની દોરીને તાણીને મૂકી દઈએ તો તે હતી તેવી થાય છે. આ રીતે તે મૂળ સ્થિતિમાં પાછું આવે છે, માટે સ્થિતિસ્થાપક કહેવાય છે.

રબરનો રસ શી રીતે મેળવાય છે ? કેટલીક વાર આખા ઝાડને કાપી નાંખી રસ એકઠો કરવામાં આવે છે. પણ એમ કરવાથી નુકસાન થાય છે. બહુ રસ મેળવવો હોય તોજ એમ કરવામાં આવે છે.

સાધારણ રીતે ઝાડના થડમાં કાપ મૂકી રબરનો રસ કાઢવામાં આવે છે. ઝાડની નીચે માટીનાં વાસણ મૂકવામાં આવે છે. તે થોડા વખતમાં થડમાંથી ઝરતા રસથી ભરાઈ જાય છે. તેના થર પાથરી તડકામાં કે દેવતાના ધુમાડાથી સુકવવામાં આવે છે.

જેમાંથી ખૂબ ધુમાડો નીકળે એવાં લાકડાં રસ સુકવવા માટે વપરાય છે. રસ આ રીતે સુકવાય છે. સુકવનાર માણુસ પોતાના એક હાથમાં લાકડાનો મોટો કકડો રાખે છે. તે કકડો હલાવતો જાય છે અને બીજે હાથે તેના પર રબરનો રસ નાંખતો જાય છે. જ્યારે એ રસ જાડો થાય છે ત્યારે નવો રસ નાંખવામાં આવે છે. આ રીતે રબરનાં ચોસલાં તૈયાર થાય છે. પછી તેને કારખાનામાં મોકલી ઊના પાણીમાં નાંખી ઠંડાં પાડે છે ને તેમાંથી કચરો કાઢી નાંખે છે. પછી તેને પતરાની પેઠે પાથરી તેના જુદા જુદા પદાર્થો બનાવવામાં આવે છે.

રબરનો ઉપયોગ વધતો જવાથી તેમજ તેની કિંમત વધારે વધારે ઉપજવાથી સિલોનમાં ચાહ અને બૂનના છોડ કાઢી નાંખી તેને બદલે રબરનાં ઝાડ વવાય છે.

આસામ, બ્રહ્મદેશ, અને મદ્રાસ ઇલાકામાં રબરનાં ઝાડ વવાય છે અને હિંદુસ્તાનમાંથી પુષ્કળ રબર કાચા પદાર્થ તરીકે પરદેશ ચઢે છે. સહુથી વધારે રબર મદ્રાસ ઇલાકામાંથી જાય છે. પરદેશથી તેના તૈયાર થએલા પદાર્થ આપણા દેશમાં આવે છે.

---

# પાઠ ૫૩મો

## સિદ્ધરાજ જયસિંહ, ભાગ ૧લો

ગુજરાતનો રાજા સિદ્ધરાજ સોલંકી કરણ ને મીનલદેવીનો પુત્ર હતો. કરણ રાજા પરાક્રમી ને વિદ્યાનો શોખીન હતો. તેણે એક મોટી પાઠશાળા સ્થાપી હતી. એ પાઠશાળામાં તેણે પંડિતોને ગુરુ તરીકે નીમ્યા હતા. તેમાં ભણેલા વિદ્યાર્થીઓને કોઈ પણ દેશના પંડિત જીતી શકતા નહોતા. શ્રીપાદ અને હેમાચાર્ય, એ બે પ્રખ્યાત પંડિત એજ શાળામાં ભણ્યા હતા. મીનલદેવી ધર્મિષ્ઠ ને ન્યાયી હતી.

સિદ્ધરાજ દસ વર્ષનો થયો ત્યારે કરણ રાજા ગુજરી ગયો; આથી તે મીનલદેવીની દેખરેખ નીચે ઉછર્યો. માતાએ તેના મન પર નીતિની સારી છાપ પાડી.

એક દિવસ સિદ્ધરાજ આબુના જંગલમાં શિકારે ગયો હતો. સાંજ પડી પણ શિકારેથી એ પાછો મુકામે ન ફર્યો, તેથી મીનલદેવીને ઘણી ફીકર થઈ. તેણે માનતા માની કે પુત્ર સલામત પાછો આવશે તો તેને અચલેશ્વર મહાદેવને અર્પણ કરીશ; પછી તેની તુલા કરી તેના ભારોભાર સોનું આપી તેને વેચાતો લઈશ ને તે સોનું ધર્માદાના કામમાં વાપરીશ. સિદ્ધરાજ શિકારેથી બીજે દહાડે સલામત પાછો આવ્યો. માતાએ બાધા પૂરી કરી. સુમારે ત્રણ લાખ રૂપીઆની કિંમતનું તેની તુલાનું સોનું દહેરાં બંધાવવામાં ખરચવાની

દરબારીઓની મરજી હતી. સિદ્ધરાજે કહ્યું કે એ સોનું રાજ્યનું છે ને રાજ્યનો ભંડાર ખેડુત, વેપારી, વગેરે લોકોના ધનથી ભરાય છે; માટે લોકોને ઉપયોગી થાય એવાં કામમાં એ વાપરવું. રાજમાતાને આ સૂચના ગમી ને એ રૂપીઆમાંથી વીરમગામનું મુનસર ને ધોળકાનું મલાવ, એ બે તળાવ બંધાવવામાં આવ્યાં.

બાળ સિદ્ધરાજ માતા સાથે રાજ્યમાં ફરતો હતો, તે વખત માળવાના રાજા યશોવર્માએ ગુજરાત પર ચઢાઈ કરી. મીનલદેવીના વજીરે યશોવર્માને પૈસા આપી પાછો કાઢયો. સિદ્ધરાજને આ વાત ગમી નહિ. તે મુસાફરીમાંથી ઝટ પાછો ફર્યો ને માળવાના રાજા સાથે લડવાની તેણે તૈયારી કરવા માંડી. તે તૈયારીની બીજાં રાજ્યોને ખબર ન પડે તે માટે તેણે એવો દેખાવ કર્યો કે પોતે અણહિલવાડમાં એક મોટા તળાવ બંધાવવાના કામમાં રોકાયો છે. તેણે તે તળાવને ફરતાં શિવનાં એક હજાર દહેરાં બંધાવવાનો હુકમ કર્યો. આથી તે તળાવનું નામ સહસ્રલિંગ તળાવ પડયું.

એક વખત માળવાના કોઈ રહીશે સિદ્ધરાજ આગળ જસમા નામની ઓડણના રૂપનાં ખૂબ વખાણ કર્યાં. સિદ્ધરાજને તેને મેળવવાનું મન થયું. સહસ્રલિંગ તળાવ બંધાતું હતું ત્યારે તેણે માળવાનાં ઓડઓડણોને બોલાવ્યાં. તેમાં જસમા પણ આવી. સિદ્ધરાજે બધા ઓડોને ગામ બહાર રાખ્યા. પણ જસમાને મહેલમાં ઉતારો લેવા ફરમાવ્યું.

તે બોલી, મહેલમાં તો રાણીઓ સૂએ; ઓડણને તો ભોંય પરજ પડી રહેવું શોભે. રાજાએ એને બહુ લલચાવી, પણ એ અડગ રહી. કામ થઈ રહ્યું ત્યારે બધા ઓડને રાજાએ રજા આપી, પણ જસમાને રહેવા કહ્યું. જસમા ઓડોની સાથે છાનીમાની સટકી ગઈ. રાજાએ ઓડોને કેદ પકડ્યા. તેથી જસમાએ પેટમાં કટાર ખોસી આપઘાત કર્યો ને શાપ દીધો કે તારા તળાવમાં પાણી ટકશે નહિ.

સિદ્ધરાજ અયોધ્યાના રાજાની મધુમુખી નામે ભણેલી ને સુંદર પુત્રી સાથે પરણ્યો. પછી તેણે માળવા પર ચઢાઈ કરી. તેણે યશોવર્માને હરાવ્યો ને કેદ કર્યો; છતાં, તેનું અપમાન ન કરતાં તેણે તેને હાથી પર બેસાડી માન સાથે અણહિલપુર આણ્યો.

---

# પાઠ ૫૪મો

## સિદ્ધરાજ જયસિંહ, ભાગ ૨જો

કોઈ કુંભારની પુત્રી રાણકદેવી સાથે સિદ્ધરાજનો અગાઉ વિવાહ થયો હતો. પણ લગ્ન થતાં પહેલાં જુનાગઢનો રાજા રા'ખેંગાર તેને જોરજુલમથી લઈ ગયો અને તેની સાથે પરણ્યો. સિદ્ધરાજે રાણકદેવીને મેળવવા માટે રા'ખેંગાર સાથે લડાઈ કરી ને તેને મારી નાંખ્યો. પછી તેણે રાણકદેવીને પોતાની સાથે લગ્ન કરવા કહ્યું. તે રાણી પતિવ્રતા હતી,

તેથી તેણે સિદ્ધરાજની અરજ કબૂલ કરી નહિ. રાજાએ ઘણી કોશીશ કરી, પણ તે તેમાં ફાવ્યો નહિ. છેવટે, રાણકદેવી વઢવાણ શહેર આગળ ભોગાવા નદીને કિનારે સતી થઈ બળી મરવા ગઈ. તે સમયે કુદરત પણ કોપી ઊઠી. જબરો ઊનો વાયુ વાયો અને રેતાળ દેશની વેળૂ અથવા રેતી પણ ધગી ઊઠી અને ચિતા ભડભડ સળગી ગઈ.

"વાયો વાયુ સવાય, વાયે વેળૂ પરજળે,
ઊભો ત્યાં સિદ્ધરાય, સત જોવા સોરઠિ રાણીનું."

સિદ્ધરાજે પોતાની પામરી રાણી પર નાંખી. બળતી સતીએ તે પાછી નાંખી દીધી. તે બોલી, જો આવતા જન્મારામાં તારે મારા સ્વામી થવું હોય તો હમણાં મારી સાથે બળી મર. સિદ્ધરાજે ના કહી. રાણકદેવી બળી મુઈ. તે ઠેકાણે સિદ્ધરાજે સતીના માનમાં દેવળ ચણાવ્યું.

સિદ્ધરાજ વિદ્વાનોને બહુ માન આપતો. તે માળવેથી જીતીને આવ્યો ત્યારે હરખઘેલી પ્રજાએ તેને પોતપોતાની લાયકાત પ્રમાણે નજરાણાં કર્યાં. તેમાં જૈન આચાર્ય હેમાચાર્યે પોતે રચેલું વ્યાકરણનું પુસ્તક રાજાને ભેટ કર્યું. રાજાએ તે લીધું. પંડિતોની સભામાં રાજાએ તેની પરીક્ષા કરાવી. પંડિતોએ તે મંજૂર કર્યું. તે પરથી રાજાએ તેને ભારે માન આપ્યું. તેણે તે પુસ્તક હાથી પર મુકાવ્યું ને હાથી પર સફેદ છત્ર રખાવ્યું. ચામર ને બીજાં રાજચિહ્ન સાથે તેણે તે રાજ્યના ભંડારમાં અણાવ્યું ને ત્યાં રાખ્યું.

આ પ્રમાણે સિદ્ધરાજ વિદ્યાને ઘણું માન આપતો હતો. તે પ્રતાપી હતો. તે પાતળો ને દેખાવડો હતો. તેનામાં અનેક સદ્‌ગુણો વસ્યા હતા.

---

# પાઠ ૫૫મો

## પારસી લગ્નક્રિયા

હિંદુ લોકોની પેઠે પારસી લોકો જ્યોતિષને માને છે. વરકન્યાનાં માબાપ પોતાનાં છોકરાંના જન્માક્ષર જોષીને બતાવે છે. હાલ વરકન્યા એકબીજાને મળી પસંદગીથી આદરાય છે. બંને કુટુંબનો વિચાર પોતાનાં છોકરાં એક-બીજા સાથે પરણાવવાનો થાય એટલે તેઓ વરકન્યા માટે એકબીજાને વસ્ત્ર મોકલે છે. આથી લગ્નનો કરાર પાકો થાય છે. પછી તે તોડાતો નથી.

પારસીઓ જ્યારે સંજાનમાં વસ્યા ત્યારે ત્યાંના રાજાએ તેમની પાસે વચન લીધું હતું કે અમે હિંદુ લોકોની ક્રિયા પાળીશું. આથી પારસી લગ્નની ક્રિયા હિંદુક્રિયાને ઘણે ભાગે મળતી આવે છે. લગ્નને પ્રસંગે પારસી લોકો વાણીઆ લોકોના જેવા લાંબા જામા પહેરે છે ને કેડે પિછોડી બાંધે છે. તેમનાં લગ્નનો વરઘોડો પણ હિંદુ લોકોના વરઘોડા જેવો હોય છે.

લગ્નનો દિવસ જોષીની સલાહ પ્રમાણે નક્કી કરેલો હોય છે. તે દિવસ પહેલાં ચાર કે આઠ દહાડા અગાઉ 'માંડવ-

સરો' કરે છે. એ ક્રિયા હિંદુઓના માંઠવામૂરતના જેવી હોય છે. ઘર આગળ ખાડો ખોદી તેમાં સોનુંરૂપું નાંખી આંબાની ડાળી રોપાવે છે. આ દિવસથી વરકન્યાને પીઠી ચોળવાનો રિવાજ હતો, તે હવે નીકળી ગયો છે.

લગ્નને દિવસે વરઘોડો નીકળતાં પહેલાં કન્યાનાં સગાં ને સ્નેહીઓ શક્તિ પ્રમાણે કીમતી પોશાક ને ઘરેણાં લઈ વરને ઘેર જાય છે. વરને તે આપી તેઓ પાછાં ફરે છે, એટલે વરઘોડો નીકળે છે. આગળ વાજું ને પાછળ સાજન-ને મોખરે વરરાજા ને મોબેદો ચાલે છે. વરના હાથમાં નાળીએર, કપાળે ચાંલ્લો, ને ગળામાં ફૂલનો હાર હોય છે. એ રીતે વરઘોડો કન્યાને ઘેર જાય છે.

ત્યાં વરકન્યાને સામસામાં ખુરસી પર બેસાડે છે. તેમની વચ્ચે પડદો ધરે છે. તેમની આસપાસ એક બીજો પડદો રાખે છે ને તેના છેડાને બેવડી ગાંઠ બાંધે છે. પડદામાં વરકન્યા પાસે એકબીજાનો જમણો હાથ પકડાવે છે. મોબેદો પડદાની આસપાસ સાત વાર સુતર વિંટાળે છે. વરકન્યાના ભેગા હાથ પર તેમજ તે ઉપરના કપડા પરની બેવડી ગાંઠ પર સાત આંટા લે છે. પછી એક તવા પર રાખેલા અગ્નિમાં ધૂપ નાંખે છે ને પડદો એકદમ નાંખી દે છે, એટલે વરકન્યા હાથમાં રખાવેલા ચોખા એકબીજા પર જલદી વધાવે છે ને ભેગાં થએલાં સ્ત્રીપુરુષો હરખભેર તાળીથી તેમને વધાવી લે છે. બેમાંથી જે પહેલું ચોખા વધાવે છે તેનું ચલણ વધારે થશે એમ મનાય છે. પછી હસ્તુરો

વરકન્યાને આશીર્વાદ દે છે. તે વખતે બંને બાજુ તરફનાં સગાંમાંનો કોઈક ચોખાની થાળી લઈ ઊભો રહે છે ને તે લગ્નના સાક્ષી તરીકે કામ કરે છે.

મોબેદો માબાપને પૂછે છે કે તમને આ લગ્ન કબૂલ છે? તેમની કબુલાત મળ્યા પછી તેઓ વરકન્યાને પૂછે છે કે તમે એકબીજા સાથે વચન પ્રમાણે વર્તવાને બંધાઓ છો? તેઓ હા કહે છે એટલે દસ્તુરો આશીર્વાદ દે છે. છેવટે, વરકન્યા, તેમનાં માબાપ કે પાલકો, અને બંને પક્ષના મોબેદો લગ્નના પ્રમાણપત્ર પર સહી કરે છે ને તે લગ્નપત્ર પારસી લગ્ન નોંધનારા અમલદારની કચેરીમાં નોંધાય છે.

---

# પાઠ ૫૬મો

## મોર

ગાય, બિલાડી, કુતરો, એવાં પ્રાણીના પાઠ તમે શીખી ગયાં છો. એવાં પ્રાણી પશુ કહેવાય છે. ચકલી, કબૂતર, ને પોપટ, તમે બધાંએ જોયાં છે. એ પંખી કહેવાય છે. પશુ ને પંખીમાં શો ફેર છે?

પંખીને પાંખ હોય છે તેથી તે આકાશમાં ઊડી શકે છે. પશુને પાંખ ન હોવાથી તે ઊડી શકતાં નથી. પંખીને શરીરે પીંછાં ને પશુને શરીરે વાળ હોય છે. પશુ બચ્ચાંને ધવરાવે છે. પંખી ઈંડાં મૂકી તેને સેવે છે.



મોરના જેવું સુંદર પંખી ભાગ્યેજ જોવામાં આવશે. તેને માથે ઘણી દેખાવડી કલગી હોય છે. તેની પાછળ પીંછાંનો ભભકાભેર ગુચ્છો હોય છે, તે લીલા અને સોનેરી સુશોભિત રંગનો હોવાથી તેની શોભામાં ઘણો વધારો કરે છે. એ ગુચ્છામાં રંગબેરંગી 'આંખ' જેવા ચાંલ્લા હોય છે, તે ઘણા દીપે છે. તેનું માથું ઘણું નાનું ને પગ ટૂંકા હોય છે. તેને ચાર આંગળાં હોય છે ને મજબૂત નખ હોય છે; તે વડે તે જમીન ખોતરી માંહેથી જીવડાં કાઢી શકે છે.

મોર આનંદમાં આવે છે ત્યારે પીંછાં ઊંચાં કરી તેનો ફેલાવો કરે છે, તેને 'કળા કરવી' કહે છે. એ કળા કરી નાચે છે ત્યારે એનો દેખાવ ઘણો રમણીય થાય છે. તડકામાં એ કળાની શોભાનો પાર રહેતો નથી.

મોરની સ્ત્રીને ઢેલ કહે છે. દેખાવમાં એ મોરથી બહુ ઉતરતી છે, તેથી બેનું જોડું શોભતું નથી.

મોર ને ઢેલ જમીન પર દોડી શકે છે; પણ બહુ ઊંચાં ઊડી શકતાં નથી. ઝાડની ઊંચી ડાળી પર કે ઊંચાં મકાનોને છાપરે તેઓ આરામ લે છે.

આ પંખી અનાજના દાણા અને નાના જંતુઓ ખાઈને જીવે છે. જેમ મધમાખમાં નર આળસુ ને માદા ઉદ્યોગી હોય છે; તેમ ઢેલ જમીન પર અનાજના દાણા શોધે છે ત્યારે મોર મગરૂર દેખાવ ધારણ કરી ફરતો ફરે છે.

---

# पाठ ५७मो

## वैदर्भी वनमां वलवले.

राग रामग्री

वैदर्भी वनमां वलवले, अंधारी रात;
भामनि भय पामी घणुं, एकलडी जात; वैदर्भी० १

रसनाये नाम दे नळतणुं, जाप जपती जाय;
शुद्ध नथी रे शरीरनी, भांगे कांटा पाय; वैदर्भि० २

रोई रोई राती आंखडी, खुट्युं आंसुनुं नीर;
नयणे धारा बे झरे, वहे छे रुधीर; वैदर्भि० ३

हींडंती ते आखडे, वागे पायमां ठेश;
चालंती उभी रहे, भराय कांटामां केश; वैदर्भि० ४

अंगे ऊझरडा घणा, झरे शोणितधार;
ओ नळ ओ नळ बोलती, बिजो नहीं विचार; वैदर्भि० ५

अथडाये वृक्ष अंगशुं, मूके कांटामां पाय;
शुद्ध नथी रे शरीरनी, भजती नळराय; वैदर्भि० ६

दिवसरयणी सीछे नहीं, एवु घाडुं अरण्य;
दमयंती भूली पडी, दहाडा थया छे त्रण्य; वैदर्भि० ७

अन्न उदक नहावुं नहीं, बेसवुं न शयंन;
त्रण्य दिवस एम वही गया, भमती ते वंन; वैदर्भि० ८

वलण


भमतां वन नृपभामनी, त्रण्य दिवस गया वही;
वाट घाट के गाम ठाम, प्रेमदा कांइ पामी नही.

प्रेमानंद

# પાઠ ૫૮મો

## ઝાડનાં ફૂલ, ભાગ ૧લો

શિક્ષક—મૂળ, થડ, ને પાંદડાં એ ઝાડના અવયવ છે, એ તમે શીખી ગયાં છો. ઝાડના જીવન ને વિકાસને માટે એ ત્રણે અવયવ જરૂરના છે અને એ જે કામ કરે છે તે છોડના હિતને માટે કરે છે. પરંતુ એમાંનો એકે અવયવ નવા છોડ ઉત્પન્ન કરવાનું કામ કરતો નથી. જુઓ, મારા હાથમાં આ ફૂલો છે. એ શા કામનાં છે?



છોકરાં—સાહેબ, એને આપણે સૂંઘીએ છીએ.

શિક્ષક—ખરૂં. ફૂલ છોડને પોષણ આપે છે. એનું કામ નવે છોડ ઉત્પન્ન કરવાનું છે. ફૂલ એ છોડનો સુંદરમ સુંદર ભાગ છે. એ છોડનું ભૂષણ છે. આપણને ફૂલ ઘણાં પ્યારાં છે. કુદરતની એ બલિહારી છે. જુઓ

એના રંગ કેવા વિચિત્ર છે! એની વાસ કેવી ખુશબોદાર છે! આપણી નાકની ઇંદ્રિય એથી કેવી તર થાય છે! હિંદુઓ ફૂલને પૂજામાં વાપરે છે. પારસીઓ નદીને ચઢાવે છે; મુસલમાનો કબર પર મૂકે છે. ફૂલનો બીજો કોઈ ઉપયોગ તમે જાણો છો?

છોકરાં—હા, જી. ફૂલની કલગી ને ગોટા બને છે, તે શુભ પ્રસંગે આવકાર દેવામાં વપરાય છે.

શિક્ષક—બરાબર. આપણે ફૂલના હાર ગળામાં ઘાલીએ છીએ. સ્ત્રીઓ માથામાં ફૂલનાં ગજરાં પહેરે છે. લગ્નના દિવસોમાં ગુલાબજળ ને અત્તરોનો ઉપયોગ થતો તમે જોયો છે?

છોકરાં—હા, જી. ગુલાબદાનીમાંથી ગુલાબજળ છાંટવામાં આવે છે ને અત્તરદાનીમાંથી અત્તર અપાય છે.

શિક્ષક—ખરી વાત. ગુલાબનાં ફૂલમાંથી ગુલાબજળ ને અત્તર બને છે. મોગરાનાં ફૂલમાંથી મોગરાનું અત્તર થાય છે ને ઘાસમાંથી પણ અત્તર કઢાય છે. એ અત્તરો મીઠી સુગંધ આપે છે. સુગંધ અને રંગની ખુબીને માટે ફૂલો બધાંનેજ પ્યારાં લાગે છે. ઘરના આંગણામાં લોકો ફૂલના છોડ વાવે છે; અને જેમનાં ઘરને આગણું નથી હોતું તેઓ કુંડાંમાં નાના છોડ વાવે છે. આ ફૂલોના રંગ ને આકાર તપાસો. કેવા લાગે છે?

છોકરાં—સાહેબ, રંગ જુદા જુદા છે. આકાર પણ જુદા જુદા છે.

શિક્ષક—ખરૂં. કેટલાંક ફૂલ પ્યાલાના આકારનાં છે; કેટલાંક પતંગીઆં જેવાં; કેટલાંક ઘંટ જેવાં; એમ તરેહવાર આકારનાં છે. રંગ પણ વિચિત્ર છે. આ એકજ ફૂલમાં કેટલા રંગ છે!

---

# પાઠ ૫૯મો

## ઝાડનાં ફૂલ, ભાગ ૨જો

શિક્ષક—કાલે આપણે ફૂલ વિષે કેટલીક વાત કરી. આજ એની ટેવ વિષે વિચારીએ. તમે કમળનાં ફૂલ જોયાં છે? એ ક્યાં ઊગે છે?

છગન—હા, જી. કમળનાં ફૂલ તળાવમાં ઊગે છે.

શિક્ષક—ખરી વાત. એ ઘણું સુંદર ફૂલ છે. એને ઘણાં પાંદડાં હોય છે. એ શતપત્ર (સો પાંદડાંવાળું) કહેવાય છે. એ એવું ગોળ ને સુંદર છે કે સુંદર મુખને આપણે કમળના જેવું કહીએ છીએ. એ ખીલે છે ત્યારે ઘણું રમણીય લાગે છે. લાંબી, સુંદર આંખને આપણે કમળના જેવી આંખ કહીએ છીએ. કેટલાંક કમળનાં ફૂલ સફેદ રંગનાં, કેટલાંક રાતા રંગનાં, ને કેટલાંક આસમાની રંગનાં હોય છે. કેટલાંક

કમળ સૂર્ય ઊગે છે ત્યારે ખીલે છે ને સાંજે બિડાઈ જાય છે. એને સૂર્યકમળ કહે છે. કેટલાંક કમળ ચંદ્ર ઊગે છે ત્યારે ખીલે છે ને ચંદ્ર આથમે છે ત્યારે બિડાઈ જાય છે. એ ચંદ્રકમળ કહેવાય છે. કેટલાંક ફૂલ અમુક વખતેજ સવારે, બપોરે, પાછલે પહોરે કે સાંજે-ખીલે છે. સૂર્યમુખી બપોરે ખીલે છે. એકજ કયારામાં જુદે જુદે કલાકે ખીલતાં ફૂલ ક્રમવાર રોપ્યાં હોય તો તેનો વિકાસ જોઈ આપણે વખત કહી શકીએ.

તમે મધમાખનો પાઠ શીખ્યાં છો, એ શું કરે છે?

છોકરાં—સાહેબ, એ બધાં ફૂલોમાંથી રસ લઈ મધ બનાવે છે.

શિક્ષક—હા, ઘણા જંતુઓ ફૂલના રસ પર જીવે છે. મધમાખ જેવા જંતુ એક ફૂલની રજ બીજા ફૂલ પર લઈ જાય છે. આથી એજ ફૂલની રજથી બી પોષાય છે તેના કરતાં આ નવી રજથી બી વધારે પોષાય છે. પવન પણ ફૂલની રજ પસરાવે છે ને બીજને વધારે પોષે છે. ફૂલ કરમાઈ જાય છે ત્યારે ઝાડ મરી જાય છે?

છોકરાં—ના, સાહેબ.

શિક્ષક—બરાબર. આપણે બીજ રોપીએ ત્યારે ઝાડ ઊગે છે. એ બીજ ફૂલમાં રહેલું છે. આપણે છોડ ઉપરથી રોજ બધાં ફૂલ ચૂંટી લઈએ ને એકે ફૂલ

રહેવા ન દઈએ તો ફળ થાય નહિ. આ રીતે બીજ નાશ પામવાથી નવો છોડ થાય નહિ.

જેમ પાંદડાંથી ઝાડ ઓળખાય છે, તેમ ફૂલથી પણ ઓળખાય છે. ફૂલની પાંખડી તપાસો. ઝાડનાં પાંદડાંમાં ને એમાં શો ફેર છે?

છોકરાં—પાંખડી તો ઘણી સુંવાળી છે.

શિક્ષક—ખરી વાત. પાંખડી પાંદડા જેવી કઠણ નથી. એ સુંવાળી, પોચી, ને પાતળી છે. બધી પાંખડી સરખી નથી હોતી. એના રંગ અને આકારમાં ફેર હોય છે. જુઓ, એમાં આ ઝીણા રેસા છે તે કેશર કહેવાય છે. એને છેડે બોરીઆ જેવું ગોળ છે, તેમાં ફૂલની રજ રહેલી છે.


ફૂલની પાંખડી પર આ લીલું લીલું શું છે?

છોકરાં—સાહેબ, એ એના ઢાંકણ જેવું દેખાય છે.

શિક્ષક—ખરી વાત છે. કુદરતની કેવી ખુબી છે! હાથમાં લઈએ તો ચિમળાઈ જાય એવી નાજુક પાંખડીનું પ્રભુએ કેવું સુંદર રીતે રક્ષણ કર્યું છે! એ ઢાંકણને વજ્ર કહે છે.

# પાઠ ૬૦મો

## મગર, ભાગ ૧લો



માછલાંની પેઠે મગર જળમાં રહે છે અને ઈંડાં મૂકે છે; પણ તે માછલું નથી. માછલાંને એક ખાસ ઇંદ્રિય હોય છે, તેથી તે જળમાં શ્વાસ લઈ શકે છે. એ ઇંદ્રિયને ચૂંઈ કહે છે. માછલાં જમીન પર જીવી શકતાં નથી. મગર જમીન પર રહી શકે છે અને પાણીની અંદર શ્વાસ લઈ શકતો નથી. એક જાતનાં પેટ ઘસડીને ચાલનારાં પ્રાણી થાય છે તે વર્ગમાં મગર આવે છે ને તે વર્ગમાં એ મોટાંમાં મોટું અને ઘણું બિહામણું પ્રાણી છે.

સાધારણ રીતે મગર પંદરસોળ ફૂટ લાંબા હોય છે; પણ કેટલાક મગર ત્રીસ ફૂટ લગણ લાંબા હોય છે. મગરની ચામડી ઘણી જાડી ને લિલાશ પડતા રંગની હોય છે અને તેમાં કાળાં ધાબાં હોય છે. એની પીઠ પરની ને શરીરના ઉપલા ભાગની ચામડી એવી તો કઠણ હોય છે કે જોરથી નાંખેલો ભાલો પણ તેમાં પેસી શકતો નથી અને બંદુકની ગોળી પણ, તેની આંખ પર કે પાસા પર ન પડે તો, તેને વીંધી શકતી નથી. એ ચામડી શિકારીથી એનું રક્ષણ કરે છે. શરીરના નીચલા ભાગની ચામડી કંઈક પોચી હોય છે.

મગરનો આકાર ઘણો બેડોળ હોય છે. એનું શરીર ચપટું ને સાંકડું હોય છે અને મોં ને પૂંછડી તરફ તે સાંકડું થતું થતું અણીદાર થાય છે. એનું માથું મોટું, પગ ટૂંકા, અને પૂંછડી લાંબી ને અણીદાર હોય છે. એની ગરદન જાડી હોય છે અને મોં બહુ મોટું હોય છે. એનાં જેવાં મોટાં ને પહોળાં જડબાં ભાગ્યેજ કોઈ પ્રાણીનાં હશે. બીજાં પ્રાણીની પેઠે એના શરીરને છેડે પૂંછડીનું જુદું અંગ હોતું નથી. એનું લાંબું શરીર સાંકડું સાંકડું થતું જાય છે ને છેવટે પૂંછડીનો આકાર ધારણ કરે છે.

પ્રાણીઓનો શિકાર કરવાની એની રીત બીજાં પ્રાણીઓની રીત કરતાં જુદીજ છે. એ પાણીમાં પડ્યો હોય છે ત્યારે લાકડાના કકડા જેવો દેખાય છે, તેથી હરણના જેવી ચપળ નજર પણ એનાથી છેતરાય છે. પણ એ જેવો સુસ્ત પડેલો દેખાય છે તેવો સુસ્ત નથી. શિકારને જોઈને એ

પાણીમાં ડૂબકી મારે છે ને શિકારની પાસે જઈ તેને પોતાની જોરાવર પૂંછડીથી પાણીમાં પછાડી મારી નાંખે છે.

---

## પાઠ ૬૧મો

### મગર, ભાગ રજો

મગર બહુ ઝડપથી તરી શકે છે, તેથી તે સહેલથી માછલાં પકડી શકે છે. એ તેનો મુખ્ય ખોરાક છે; પણ ઘોડો, બળદ, કે માણસ પણ તેના સપાટામાં આવે તો તેને તે છોડતો નથી.

સૂકી જમીન પર તેને ચહેન પડતું નથી. તેના ટૂંકા ને નબળા પગને તેનું ભારે શરીર ખેંચવું અઘરૂં પડે છે. પણ પેટ ઘસડીને તે સપાટાબંધ સીધો ચાલી શકે છે. તેને ફરવું અઘરૂં પડે છે; પણ પાણી છોડી કિનારા પર તે ભાગ્યેજ આવે છે.

લગભગ બધાં પેટ ઘસડી ચાલનારાં પ્રાણીની પેઠે મગરી રેતીમાં ઈંડાં મૂકે છે અને ત્યાં સૂરજના તડકામાં સેવવાને રાખે છે. નોળીઆને એ ઈંડાં બહુ ભાવે છે, તેથી તે જમીન ખોદીને એને શોધી કાઢી ખાઈ જાય છે. આથી મગરની ઉત્પત્તિ બહુ વધતી અટકે છે.

ગરમ પ્રદેશમાં લગભગ બધી નદીમાં જુદી જુદી જાતના મગર હોય છે. અજમેરમાં પુષ્કરના તળાવમાં બહુ

મગર છે. કોઈ જાણીતા માણસની મદદ વગર ત્યાં નહાઈ શકાતું નથી. ગંગા નદીમાં પણ મગરની વસ્તી છે.

ગરમ દેશમાં નદીનું પાણી સુકાઈ જાય છે ત્યારે ચોમાસું આવે ત્યાંસુધી મગર કાદવમાં કે રેતીમાં દટાઈ રહે છે. એક વિચિત્ર વાત એવી વર્ણવાએલી છે કે આવે સ્થળે એક માણસે ઝૂંપડું બાંધ્યું. તેણે ભાંયતળીએ ચૂલો સળગાવ્યો. મગરની પીઠ જ્યાં દટાએલી હતી તેના ઉપલા ભાગની જમીન પર તે ચૂલો હોવાથી મગરને ખૂબ ગરમી લાગી. ધીમે ધીમે તે ગરમી વધતી જવાથી તેનાથી તે સહન ન થઈ શકી, એટલે તેણે ખૂબ જોર કરી નદી તરફ ધસારો કર્યો. આથી મોટો ભયંકર અવાજ થયો, તે ઝૂંપડું પડી ગયું, ને તે માણસ કચરામાં દટાઈ મૂઓ.

---

# પાઠ ૬૨મો

## વરસાદ અને ઝાકળ, ભાગ ૧લો

શિક્ષક—આપણે વાડકી પાણીથી ભરીને ચૂલા પર મૂકીએ ને કલાકેક રહીને જોઈએ તો શું માલમ પડશે?

છોકરાં—સાહેબ, પાણી સુકાઈ ગએલું જણાશે.

મહંમદ—સાહેબ, પાણીની વરાળ થઈ હવામાં જતી રહેશે.

શિક્ષક—શાબાશ. લુગડાં ધોઈને સુકાવા નાંખીએ છીએ. થોડી વાર રહીને તે કોરાંકટ્ટ થઈ જાય છે. એમાંનું

પાણી ક્યાં ગયું ? વરસાદ વરસ્યા પછી થોડી વારે રસ્તા સુકાઈ જાય છે. પાણી ક્યાં ગયું ?

છોકરાં—સાહેબ, વરાળરૂપે હવામાં ગયું.

શિક્ષક—પાણીને તો ચૂલાની ગરમી લાગી, તેથી તેની વરાળ થઈ; ભીનાં લુગડાંને શેની ગરમી લાગી ?

નરહરિ—સાહેબ, સૂરજની.

શિક્ષક—ત્યારે રાતે ભીનાં લુગડાં સુકાતાં નથી ?

નલીન—સાહેબ, સુકાય છે. રાતે પણ ગરમી હોય છે; દહાડા કરતાં ઓછી હોય છે, તેથી રાતે સુકાતાં વાર લાગે છે.

શિક્ષક—પાણીની પેઠે હવા છિદ્રાળુ છે. સૂકી હવા ભૂખ્યા માણસના જેવી છે. એનાં છિદ્રને પાણીની જરૂર છે, તેથી સૂકી હવામાં–શિયાળામાં ને ઉનાળામાં–લુગડાં તરત સુકાઈ જાય છે; ભીની હવામાં સુકાતાં વાર લાગે છે.

તમે ચાહેદાની દેવતા પર મૂકો છો ત્યારે તેમાંનું પાણી ઉકળી તેમાંથી વરાળ નીકળે છે તે તમે જોઈ છે. એ વરાળનું શું થાય છે ?

છોકરાં—સાહેબ, વરાળ ઊંચે હવામાં જાય છે.

શિક્ષક—ખરી વાત. આપણે પાણી રેડીએ છીએ ત્યારે તે ભોંય પર પડે છે; કેમકે હવા કરતાં પાણી ભારે છે. પણ વરાળ હવા કરતાં હલકી છે, તેથી તે ઊંચી

જાય છે. જેમ ચાહેદાનીના પાણીની, ભીનાં લુગડાંના ને રસ્તા પરના પાણીની વરાળ થઈ તે ઊંચે ચઢે છે, તેમ નદી, નાળાં, ને દરિયામાં સૂર્યની ગરમીથી હમેશ પાણીની વરાળ થયા કરે છે ને તે વરાળ હવાથી હલકી હોવાથી ઊંચે ચઢ્યા કરે છે. એ વરાળનું પાણી થાય ત્યાંસુધી એ વરાળના રૂપમાંજ રહે છે.

---

# પાઠ ૬૩મો

## વરસાદ અને ઝાકળ, ભાગ રજો

શિક્ષક—કાલે તમે શીખી ગયાં કે સૂર્યની ગરમીથી સમુદ્રના પાણીની વરાળ થઈ તે ઊંચે ચઢે છે અને તેનું પાણી થાય ત્યાંસુધી તે વરાળના રૂપમાં રહે છે. બોલો, એ વરાળનું પાણી ગરમીથી થશે કે ઠંડકથી ?

તુલસીદાસ—સાહેબ, ગરમીથી તો પાણીની વરાળ થઈ, તો ગરમીથી વરાળનું પાણી નજ થાય.

શિક્ષક—ખરી વાત. ઠંડકથી વરાળનું પાણી થશે. ઠંડક ગરમીથી ઉલટું કામ કરે છે; માટે ઠંડી હવામાં વરાળ જવાથી વરાળનું પાણી થશે. લોકો હવા ખાવા પહાડ પર શા માટે જાય છે તે તમે જાણો છો ?

નવનીત—હા, જી. પહાડ પરની હવા ઠંડી હોય છે તેથી.

શિક્ષક—બરાબર. ઊની હવા જેમ જેમ પૃથ્વીથી દૂર જાય છે, તેમ તેમ ઠંડી થાય છે. ઉનાળામાં પણ ઊંચા ડુંગરને મથાળે સખ્ત ટાઢ હોય છે. ગરમ હવા વરાળને લઈ એટલે ઊંચે જાય છે ત્યારે ઠંડકથી હવાનું પાણી થઈ જાય છે અને પાણીનાં વાદળાં બને છે. આપણે જોઈએ છીએ એવાં વાદળાં આપણી ઉપર દસેક માઇલ ઊંચાં હોય છે. જે પાણીનાં બિંદુનાં તે બનેલાં છે તે મોટાં થાય છે ત્યારે વાદળાં પૃથ્વીની પાસે આવે છે ને પાણી જમીન પર પડે છે, તેનું નામ વરસાદ.

કેટલીક વાર વરસાદનાં ફોરાં ઘણી ઠંડી હવામાં થઈને આવે છે, તેથી ઠરીને તેના ઝીણા બરફના કકડા જેવા બંધાય છે, તે પૃથ્વી પર પડે છે. તેને કરાંનો વરસાદ કહે છે.

તમે કેટલીક વાર સવારે ફરવા જાઓ છો ત્યારે ઝાડનાં પાંદડાં પર મોતીનાં દાણા જેવાં ચળકતાં ટીપાં દેખો છો; એ શું છે ?

નવીન—સાહેબ, એ ઝાકળનાં ટીપાં છે.

શિક્ષક—બરાબર. સૂર્ય આથમે છે એટલે પૃથ્વી પરની ગરમી ઓછી થતી જાય છે. ઘાસ ને પાંદડાં જેવા પાતળા પદાર્થો જલદી ઠંડા થાય છે. હવામાં વરાળ રહેલી છે તે ઠંડાં પાંદડાં ને ઘાસને અડકે છે

એટલે ઠંડકથી તેનું પાણી થાય છે. એ પાણી પાંદડાં પર ને ઘાસમાં દેખાય છે. એનું નામ ઝાકળ.

---

## पाठ ६४मो

### काचबोकाचबी

पद

एक काचबो ने एक काचबी, सायरमां रहेतां जी,
दर्शनकारण बहार निकळियां, राखीने विश्वास;
आवंतां नजरे भाळ्यां रे, झालीने बांधी मार्यां रे. १

काचबो कहे छे काचबीने, तुं धारण राखनी धीर,
आपणने उगारशे व्हालो, जुगते जादववीर;
चिंता छोडी शरणे आवो रे, मरवा तने नहि दे मा'वो रे. २

वारे वारे तुंने वारती कंथ, मारुं न मान्युं कहेण,
काळ आव्यो कोण राखशे, तमे नीचां शुं ढाळो नेण;
क्यां गयो तारो शारंगपाणी, माथे आवी मोतनिशानी रे. ३

अबळाने इतबार न आवे, कोटि करो ने उपाय,
कह्युं न माने कोइनुं रे, ए तो गाणुं पोतानुं गाय;
एवी विश्वासनी वो'णी, अंते तारी बुद्धि पोणी. ४

काचबी कहे छे क्यां गयो तारो, राखणहारो राम,
हरि नथी केना हाथमां रे, तमे शुं बोको छो स्वाम;

मरवा टाणे मति मुझाणी रे, त्रूट्या पछी झालवुं ताणी रे. ५

त्रिकमजी त्रण लोकमां मारे, तारो छे इतबार,
अटक पडी हरि आवजो, मारा आतमना उद्धार;
छोगाळा वात छे छेली रे, थाजो बळताना बेली रे. ६

काचबी कहे छे कोण उगारे, जातो रह्यो जगदीश,
चारे दिशाथी सळगावी मूक्यां, ओर्या वीचो वीच;
जेनो विश्वास तारे रे, तेनो इतबार नहि मारे रे. ७

बळती होय तो बेसनी मारी, पीठ पर राखुं प्राण,
निंदा न कर मारा नाथनी, मने लागे छे भालानां बाण;
व्हालो मारो आवशे वारु रे, आपणने उगारवा सारु रे. ८

काचबी कहे करतार न आव्यो, आपणो आव्यो अंत,
हरि नथी कोना हाथमां, तमे शुं बांध्यो तंत;
आमांथी जो उगरिये रे, पाणी बहार पग न भरिये रे. ९


विट्ठलजी मारे वारे चढजो, शामळा करजो सार,
अंत समे नहीं आवशो तो, कोनी करशो वार;
हरि मारी हांसी थाशे रे, प्रभु तारी पतीत जाशे रे. १०

केशवजीए करुणा करी, मोकल्या मेघ मलार,
बळतांमांथी बारणे काढ्यां, काचबाने किरतार;
भोजल कहे भरुंसो जेने रे, त्रिकमजी तारशे तेने रे. ११

भोजाभक्त

# પાઠ ૬૫મો

## પારસી દોખમું



હિંદુ લોકની પેઠે પારસીઓ પોતાનાં શબને બાળતા નથી કે મુસલમાન લોકની પેઠે દાટતા નથી.

તેઓ અગ્નિને પવિત્ર માને છે, તેથી શબને બાળે તો અગ્નિ અપવિત્ર થાય એમ તેઓ સમજે છે. તેમજ જમીનની અંદર દાટવાથી હવા બગડે, તેથી શબનો જલદી નિકાલ કરવા માટે તેઓ વસ્તીથી દૂર એક જુદું મકાન બાંધે છે, તેને દોખમું કહે છે. એની અંદરના ભાગમાં એક મોટો કુવો ખોદેલો હોય છે. તેનું મથાળું ઉઘાડું હોય છે.

ઉપર ગોળ આકારની જાળી હોય છે, તેમાં ત્રણ ભાગ કરેલા હોય છે. એકમાં પુરુષનું, બીજામાં સ્ત્રીનું, ને ત્રીજામાં છોકરાંનું શબ મૂકવાની ગોઠવણ હોય છે. તે પર શબને ખુલ્લું મૂકે છે એટલે મોટાં ગીધ પક્ષીઓ તેનો નિકાલ કરે છે.

મરનારની છેલ્લી ઘડી બહુજ પાસે આવે છે અને તેના જીવવાની આશા બિલકુલ રહેતી નથી ત્યારે તેને નવડાવી સફેદ કપડાં પહેરાવે છે. તેની પાસે મોબેદ કે દસ્તુર ખુદાની બંદગી કરે છે. તેની પાસે સુખડલોબાન બાળવામાં આવે છે.

જીવ ગયા પછી શબને સફેદ કપડાંથી વિંટાળી જમીન પર એક કે વધારે પત્થર પર મૂકે છે ને પાસે દીવો બાળે છે. સ્ત્રીઓ પાસે જમીન પર ને પુરુષો ઓટલા પર બેસે છે. રાત્રે મરણ થાય તો સવાર સુધી શબને ઘરમાં રહેવા દે છે. દિવસે મરણ થયું હોય તો ચારપાંચ કલાકમાં ત્યાં સગાં-સ્નેહી એકઠાં થાય છે.

શબને લોખંડની ઘેઆન પર મૂકે છે. ઉપાડનારા ખાસ પારસી હોય છે. ઘેઆન પર મૂકતી વખતે બે મોબેદો ઘે સારે છે અથવા ઘેસારણું ભણે છે. તેનો સાર એવો છે કે સંસાર ક્ષણિક છે, માટે સર્વેએ હમેશ નીતિમાં રહેવું, પછી ઘેઆન ખભા પર મૂકી દોખમામાં લઈ જાય છે.

મરનારનાં સગાંસંબંધી અને અધ્યારૂઓ બબ્બેની હારમાં રૂમાલોથી એકબીજાને પકડી ગંભીર રીતે શબની પાછળ


જાય છે. ત્યાં ગયા પછી દોખમાના દરવાજાથી થોડેક છેટે ઘેઆન જમીન પર મૂકવામાં આવે છે. સ્નેહીઓ ને સગાં શબને છેલ્લું નમન કરે છે. પછી ઘેઆન દોખમામાં લઈ જઈ, શબને છૂટું કરી અંદરના ભાગમાં મૂકવામાં આવે છે.

પારસી ધર્મ પ્રમાણે મરનારનો રૂહ તેના મુઆ પછી ત્રણ દિવસ સંસારમાં રહે છે, પછી તે પરલોકમાં જાય છે. તેથી શબને સુવાડયું હોય છે ત્યાં મોબેદો ત્રણ દિવસ સુખડ હોમે છે ને ગંદગી ભણે છે. ત્રીજે દહાડે પાછલે પહોરે કે ચોથે દહાડે સવાર પહેલાં મરનારનાં સગાંસંબંધીની આગળ ઘેર કે અગિયારીમાં મરનારના કલ્યાણને માટે ક્રિયા કરવામાં આવે છે. આ ત્રીજો દિવસ ઉઠમણાનો દિવસ કહેવાય છે. તે દિવસે સગાંસ્નેહી મરનારને દિલાસો આપવા તેને ઘેર ભેગાં થાય છે અને ઘરનાં માણસ મરનારની પાછળ શક્તિ પ્રમાણે સખાવત જાહેર કરે છે.

ચોથે દિવસે મોબેદોને જમાડવામાં આવે છે. દશાને દહાડે તેમજ મરણના વર્ષમાં દર મહીને અને દર વર્ષે મરણની તિથિએ મરનારના કલ્યાણને માટે ધર્મક્રિયા કરવામાં આવે છે.

# પાઠ ૬૬મો

## રીંછ



રીંછ જંગલી પ્રાણી છે. છતાં, એને કેળવી શકાય છે. કાળા રંગના રીંછને મદારી સાથે ફરતું કદાચ તમે જોયું હશે. મદારી એને નચાવી શકે છે, પાછલા પગ પર ચલાવી શકે છે, અને પંજામાં લાકડી આપી કુદાવી શકે છે.

કેટલાક બાગમાં જંગલી જાનવર રાખવામાં આવે છે. તેવા બાગમાં કાળા રીંછને માટે ખાડો હોય છે. તે ખાડાની વચમાં ઊભું સીધું લાકડું દાટેલું હોય છે. રીંછને ચઢઉતર કરવું ગમે છે. એને આનંદ પડે તેટલા માટે એવું લાકડું દાટવામાં આવેલું હોય છે.

રીંછ ઝાડ પર ચઢી શકે છે. વગડામાં રીંછ કોઈ માણસની પાછળ પડયું હોય તો ઝાડ પર ચઢ્યાથી તે પોતાનો બચાવ કરી શકતો નથી. મરી ગએલા માણસને રીંછ છેડતું નથી. તે જેની પાછળ પડયું હોય તે માણસ હાલ્યાચાલ્યા વગર જમીન પર પડી રહે તો ઘણું કરીને તે બચી શકે છે.

રીંછને માંસ કરતાં વનસ્પતિ વધારે ભાવે છે. જંગલમાં મધ ક્યાં છે તે વાસથી એ પારખી શકે છે. પછી એ ત્યાં જાય છે. જે ઝાડ પર મધ હોય તે પર એ ચઢી જાય છે ને પછી મધપુડાને પૂરેપૂરો ચૂસી લઈ ધરાય છે.

ઘણા ઠંડા મુલકમાં શિયાળો આવે ત્યારે રીંછ કોઈ ઘાડા ઝાડની નીચે બખોલ કરી, પાંદડાં ને ડાળીઓની પથારીમાં ભરાઈ રહે છે; તેથી તેને ટાઢ વાતી નથી. આખો શિયાળો તે ત્યાં ઊંઘમાં કાઢે છે ને પછી વસંત ઋતુ આવે એટલે જાગે છે. આવી રીતે જાગે છે ત્યારે તે બહુજ ભુખાળું થઈ જાય છે ને ઘણુંજ ભયંકર બને છે.

તમને વિચિત્ર લાગશે કે ખાધા વિના રીંછ દિવસો સુધી શિયાળામાં કેમ રહી શકે? એ શું કંઈજ ખાતું નથી? ના, તેમ નથી. એ તે વખતે પોતાના શરીરની ચરબી પર જીવે છે. જે લોકો ઉપવાસ કરે છે તે પણ પોતાના શરીરની ચરબી પરજ જીવે છે. રીંછના શરીરમાં ચરબી ઘણી હોય છે, તેથી તે ઘણો વખત ખાધા વિના જીવી શકે છે.

રીંછ ઘણું બેડોળ જાનવર છે. વાઘ, સિંહ, બિલાડી, કુતરા જેવાં પ્રાણી પોતાની આંગળી પર ભાર મૂકી ચાલે છે, ત્યારે રીંછ પોતાના પગનાં તળીઆં પર ભાર મૂકી ચાલે છે; તેથી એની ચાલ કઢંગી થાય છે.

રીંછ સફેદ રંગનાં પણ હોય છે. સફેદ રીંછ ઘણાજ ઠંડા દેશમાં વસે છે. આ રીંછ બીજાં રીંછ કરતાં ઘણાં વધારે જંગલી હોય છે. દરેક પ્રાણી પર તેઓ હુમલો કરે છે ને કોઈથી તે ડરતાં નથી. રીંછના આખા શરીર પર પુષ્કળ વાળ હોય છે.

## પાઠ ૬૭મો

### ફળ અને બીજ, ભાગ ૧લો

શિક્ષક—તમે ફૂલ વિષે શીખી ગયાં છો. ફૂલનો શો ઉપયોગ છે?

છોકરાં—સાહેબ, એમાં છોડનું બીજ રહેલું છે, તે નવા છોડ ઉત્પન્ન કરવાના કામમાં આવે છે.

શિક્ષક—ખરી વાત. ફળમાં ઝાડનું બીજ રહેલું છે. જ્યારે ફૂલ કરમાઈને ભોંય પર ખરી પડે છે ત્યારે ફૂલની દાંડીને છેડે ફળ દેખાય છે. બીજ પૂરેપૂરૂં પાકું થાય છે એટલે ફૂલનું ફળ થાય છે ને ફૂલનો બાકીનો નકામો ભાગ જમીન પર ખરી પડે છે. તમને ફળ ભાવે છે?

છોકરાં—હા, જી, એ ઘણાં મીઠાં ને સ્વાદિષ્ટ લાગે છે.

શિક્ષક—ખરૂં. પાકાં હોય છે ત્યારે એ ખાવાથી આપણું લોહી સ્વચ્છ થાય છે ને તબીઅતને લાભ થાય છે. પાકાં ફળ તાજાં ને સ્વાદિષ્ટ હોય છે; પણ કાચાં શરીરને નુકસાન કરે છે. કેટલાંક રસવાળાં હોય છે ને કેટલાંક રસ વિનાનાં હોય છે. તમને કયાં ભાવે છે ?

છોકરાં—સાહેબ, રસ વિનાનાં ફળ કયાં ?

શિક્ષક—તમારો સવાલ ઠીક છે. સાધારણ રીતે આપણે રસથી ભરેલાંનેજ ફળ કહીએ છીએ. પણ, ખરૂં જોતાં, જેમાં બી રહ્યું છે તે ફળ. ફળ એટલે બીજપાત્ર. ફળમાં બધી જાતનાં બીજપાત્ર આવે છે. તમે ફળનો બધો ભાગ ખાઈ જાઓ છો કે કોઈ ભાગ કાઢી નાંખો છો ?

છોકરાં—સાહેબ, આપણે ઉપરની છાલ કાઢી નાંખીએ છીએ અને અંદર ઠળીઓ કે ગોટલો હોય તો તે પણ કાઢી નાંખીએ છીએ ને માંહેનો ગર ખાઈએ છીએ.

શિક્ષક—ખરી વાત. કેરી, દરાખ, આલુ, બોર, જાંબુ, વગેરે કેટલાંક ફળને ઠળીઆ હોય છે. એ ઠળીઆમાં એ છોડનાં બીજ રહેલાં છે. ઠળીઆવાળાં ફળ ઠળીઆ વગરનાં ફળ જેવાં તંદુરસ્તીને લાભકારક નથી. તમે નારંગી, લીંબુ, ને દરાખનાં બી જોયાં છે ?

છોકરાં—સાહેબ, ફળની અંદરજ તે હોવાં જોઈએ.

શિક્ષક—ખરૂ. તમે જાણો છો કે નારંગી ને લીંબુને જાડી, ખરબચડી, પીળી છાલ હોય છે. એમાં પીશીઓ રસની ભરેલી હોય છે. એનાં બી ધોળાં છે ને તે ફળની વચ્ચે રહેલાં છે. લીંબુનો શરબત બનાવાય છે. લીંબુનો રસ તાવમાં ગુણકારક છે. એ ફળ ભૂખ ઉઘાડે છે ને ખોરાક પચાવે છે. દરાખના ઝુમખા થાય છે. એની અંદરના નાના ઠળીઆમાં બીજ રહેલું છે. તમે આલુનું બીજ જોયું છે?

મગન—હા, સાહેબ. આલુમાંહેથી ઠળીઓ નીકળે છે. એ ઠળીઓ ફોડીએ એટલે એમાંથી બદામ નીકળે છે. એ ખવાય છે ને એજ એનું બીજ છે.

શિક્ષક—બરાબર. એ કોપરા જેવું છે. હવે સૂકાં ફળ વિષે. રાંધીને ખવાય એવાં સૂકાં ફળ તમે જાણો છો?

છોકરાં—સાહેબ, પાપડી એ એવું ફળ લાગે છે.

શિક્ષક—ખરી વાત. બધાં કઠોળ ને અનાજ એવાં ફળ છે. વાલ, વટાણા, ચોળા, વગેરેને આપણે કઠોળ કહીએ છીએ. એને પાપડી કે શીંગ આવે છે. આપણે વાલની ઉપલી છાલ કાઢી નાંખી તપાસીશું તો તેમાંથી બે દાળ છૂટી પડશે. બધાં કઠોળમાં એવી બે દાળ હોય છે. એ બે અડધીઆંની વચ્ચે એનું બી રહેલું છે. એમાંથી ફણગો ફૂટે છે. કઠોળ બહુ પુષ્ટિકારક છે.

---

# પાઠ ૬૮મો

## ફળ અને બીજ, ભાગ ૨જો

શિક્ષક—ગયા પાઠમાં તમે કઠોળ વિષે શીખી ગયાં. ઘઉં, બાજરી, જવ, વગેરે પણ સૂકાં ફળ છે. કઠોળની પેઠે એને બે દાળ ને ફાડ નથી હોતી. એ અનાજ કણુસલાંમાં કે ડુંડાંમાં થાય છે. કણુસલાંમાં ફૂલને ઠેકાણે દાણા હોય છે. એજ ફળ છે. અનાજનું બીજપાત્ર પાતળું હોય છે ને તે બીજની આખી સપાટીને વળગેલું હોય છે. બી વવાય છે ત્યારે એ છોડું કાઢી નંખાતું નથી. કણુસલાંમાંથી જેવું અનાજ મળે છે તેવુંજ વવાય છે.

નાળીએર તો તમે જોયું છે. એનું બીજ ક્યાં છે; તે તમે જાણો છો ?

છોકરાં—સાહેબ, બીજ કોપરામાં હોવું જોઈએ.

શિક્ષક—બરાબર. કોપરામાં વચ્ચે જ્યાં બે છિદ્ર દેખાય છે ત્યાં બીજ રહેલું છે. તમે દુકાનમાં જેવું નાળીએર જુઓ છો તેના કરતાં ઝાડ પર ઘણું મોટું હોય છે. એનું બહારનું મોટું ઢાંકણુ કાઢી નાંખ્યા પછીનું નાળીએર તમારા જોવામાં આવે છે. એના ઉપરની ચોટલી કાંઢી નાંખી એને ભાંગે છે એટલે કાચલામાંનું કોપરૂં છૂટું પડે છે. કોપરૂં ખાવામાં મીઠું છે. એ

શાકમાં વપરાય છે. એનું રાયતું થાય છે. કોપરામાંથી તેલ નીકળે છે, તે કોપરેલ બાળવામાં વપરાય છે. એ બધું તમે જાણતા હશો. કોપરામાં રસ છે, તે છોડને કામનો છે. કોપરાની વચ્ચેનાં બે છિદ્રમાંના એકમાંથી છોડ ઊગવા માંડે છે અને એ છોડને જમીન ને હવામાંથી પોષણ મળે તે પહેલાં આ રસ પૂરતું પોષણ પૂરૂં પાડે છે.

કેટલીક વાર આપણે બી વાવેલાં હોતાં નથી, છતાં ઝાડ ઊગે છે. એનું શું કારણ છે ?

છગન—સાહેબ, પવન એક ઠેકાણેથી બીજે ઠેકાણે બી લઈ જાય છે.

શિક્ષક—ખરૂં. બીજ પાકું થાય છે એટલે બીજપાત્ર ફાટે છે. બી હવામાં સુકાય છે તેથી લાંબો વખત જીવી શકે છે. પવન બીજને જુદે જુદે ઠેકાણે ફેલાવે છે. પક્ષીઓ એક ફૂલ પરથી રજ લઈ જઈ બીજા ફૂલ પર મૂકે છે. ફળ ખાઈ તેઓ ઠળીઆ જમીન પર નાંખી દે છે, ત્યાં તે ઊગે છે. કેટલાંક બીજને આંકડી જેવું હોય છે. એવા છોડની પાસે ચરતાં ઘેટાં છોડ પાસે માથું અફાળે છે ને ઘસે છે, એટલે એ બીજ તેમને વળગે છે. એ રીતે પણ બીજ એક ઠેકાણેથી બીજે ઠેકાણે જાય છે.

દરેક છોડને પોતાના જેવોજ છોડ ઉત્પન્ન કરે એવાં બીજ હોય છે. બધાં બીજ છોડની નીચે પડે

તો ત્યાં તેને ઊગવાની જગા મળે નહિ. પણ પવન, પક્ષી, ને પ્રાણી તેને જુદે જુદે ઠેકાણે ફેલાવે છે, એ કુદરતની ખુબી છે. ઝાડની છાલનો શો ઉપયોગ છે તે તમો જાણો છો ?

છોકરાં—સાહેબ, બાવળ, ખેર, જેવાં ઝાડની છાલ બાળવાના કામમાં આવે છે.

શિક્ષક—ખરૂં છે. બાળવાના કામમાં તો આખું લાકડું આવે છે, એટલે તેની છાલ પણ આવે છેજ. કેટલાંક ઝાડની છાલ રંગવાના ને દવાના કામમાં વપરાય છે. ક્વિનાઈન એ એક ઝાડની છાલ છે.

જૂના વખતમાં ઋષિઓ ઝાડની છાલનાં કપડાં પહેરતા, તે વલ્કલ કહેવાતાં. વળી કાગળની શોધ થઈ તે પહેલાં તાડનાં પત્ર પર લોકો પુસ્તકો લખતા. એવાં જૂનાં પુસ્તકો તાડપત્ર પર લખાએલાં હજી આપણાં દેશમાં પુસ્તકોના સંગ્રહમાં જોવામાં આવે છે.

# પાઠ ૬૯મો

## અમદાવાદ જિલ્લો: મુખ્ય સ્થળ, ભાગ ૧લો

અમદાવાદ શહેર સાબરમતી નદીને કિનારે આવેલું છે. એ ગુજરાતનું પાટ નગર છે. વસ્તી, વેપાર, ને કેળવણીમાં મુંબઈ ઇલાકામાં એ ઘણું મોટું ને આગળ પડતું શહેર છે. એમાં લગભગ ૧૦૦ સૂતર કાંતવાનાં ને વણવાનાં કારખાનાં છે. વસ્તીના પ્રમાણમાં આટલાં બધાં કારખાનાં મુંબઈમાં પણ નથી.

સુલતાન અહમદ ૧લાએ ઇ. સ. ૧૪૧૧માં અસાવલ ગામને ઠેકાણે અમદાવાદ શહેર વસાવ્યું. આ ઉપરથી શહેરનું નામ અહમદાબાદ–અમદાવાદ પડયું. તે ગુજરાતના બાદશાહોની રાજધાનીનું શહેર હતું. પાટણમાંથી રાજધાની ખસેડી તેમણે અમદાવાદ આણી અને પાટણમાંની બાંધણીની નકલ કરી તેમણે અમદાવાદમાં ત્રણ દરવાજા ને ભદ્ર બાંધ્યાં.

અકબર બાદશાહના રાજ્યમાં અમદાવાદ, ગુજરાતના બીજા ભાગોની પેઠે, મુગલસત્તા નીચે આવ્યું. મુગલ બાદશાહોએ સુબા નીમ્યા, તેમણે ગુજરાત પર રાજ્ય કર્યું.

પાછળથી મરાઠાઓની સત્તા વધવાથી અમદાવાદમાં મુસલમાન ને મરાઠા, બંનેની એકઠી સત્તા રહી. ત્યાર

પછી કેટલોક વખત તેમાં એકલા મરાઠાઓની સત્તા રહી. એ સત્તાની નિશાનીમાં ત્યાં ગાયકવાડની હવેલી નામનું સરકારી મકાન હજી પણ છે.

ઇ. સ. ૧૮૧૭માં પેશ્વા, ગાયકવાડ, અને અંગ્રેજ સરકારની વચ્ચેના કોલકરાર પ્રમાણે અમદાવાદ અંગ્રેજ લોકના હાથમાં આવ્યું અને વડોદરા પાસેનો કેટલોક ભાગ અંગ્રેજ સરકારે ગાયકવાડને આપ્યો.

અકબરનો પુત્ર જહાંગીર બાદશાહ અમદાવાદમાં થોડો વખત રહ્યો હતો. તેને એ શહેર ગમ્યું નહોતું. અહિંની ધૂળ ને ગરમીથી તે કંટાળ્યો હતો. તેની તબીઅત પણ સારી રહી નહોતી. આ કારણોથી તેણે શહેર માટે નીચેના શબ્દ કહ્યા હતા:—

" આ કંગાલ ભૂમિમાં શહેર સ્થાપનારે શી ખુબી કે શોભા જોઈ હશે ? એની હવા ધૂળથી ભરેલી છે. એમાં ઊના પવન ફુંકાય છે. એ નદીનું પાત્ર સૂકું છે. એનું પાણી ગંદું ને ખારૂં છે. એનાં પરાં કાંટાથી છવાયાં છે. "

પ્રથમ જહાંગીરે એ શહેરને ગર્દાબાદ કહ્યું. પછી ત્યાં મરકી ફાટી નીકળ્યાની એને ખબર થઈ એટલે તેણે એને બિમારિસ્તાન ને જહાનમાબાદ એવાં નામ આપ્યાં.

એજ અરસામાં અંગ્રેજોએ અમદાવાદનું કેવું વર્ણન આપ્યું છે, તે નીચેના ઉતારાથી સમજાશે:—

અંગ્રેજો અમદાવાદને જોઈને ઘણા રાજી થયા. તેમણે કહ્યું, "તે લંડન જેવડું સુંદર મોટું શહેર છે. તેની આસ-

પાસનો કોટ ઊંચો ને સારા ઓસારવાળો છે. તેમાં ઘણા દરવાજા છે. રસ્તા પહોળા ને સુંદર છે. તેની બંને બાજુએ એટલાં બધાં ઊંચાં ઝાડ રોપેલાં છે કે આપણે વૃક્ષોની ઘટામાંથીજ જતા હોઈએ એમ લાગે છે. તેનાં મકાન સુંદર છે. તેના કારીગરોમાં ઉત્તમ વણકર, નકશીદાર કોતરણી કરનાર, ચિતારા, જડીઆ, અને સોનેરી ને રૂપેરી કસબ વણનારા છે. આ વેપારીઓ ગળી, કાપડ, કરિયાણું એટલા મોટા જથામાં પરદેશ મોકલે છે કે લગભગ દર દસે દહાડે ૨૦૦ ગાડાં ભરેલો માલ ખંભાત જાય છે."

ઉપલાં બે વર્ણન એકબીજાથી કેવાં ઉલટાં છે! એકજ વસ્તુ પર જુદી જુદી નજરે જોવાથી વિચાર કેવા જુદા જુદા થાય છે! જહાંગીર બાદશાહે પોતાની જાતના વિચારથી શહેરને વખોડયું. અંગ્રેજોએ સાધારણ નજરે જે જોયું તે લખ્યું.

શહેરને વિશાળ કોટ છે, તેને ૧૮ દરવાજા છે. કોટ એવો શોભિતો ને મજબૂત છે કે લગભગ પાંચસેં વર્ષ એને બાંધ્યાંને થયાં તોપણ એમાંથી ઘણે ભાગે કાંકરો સુદ્ધાં ખરતો નથી.

ભદ્રને ૮ દરવાજા છે. અંદરની વિશાળ જગામાં કોરટો, મસ્જિદો, ને લોકોને રહેવાનાં આસરે ૧૫૦ ઘર છે.

# પાઠ ૭૦મો

## અમદાવાદ જિલ્લો: મુખ્ય સ્થળ: ભાગ ૨જો

અમદાવાદ શહેર ઘણું વિશાળ ને ભવ્ય છે. તેમાં ઠેકાણે ઠેકાણે મસ્જિદો છે. શહેરની અંદર તેમજ બહાર શેઠીઆ-ઓની હવેલી ને બંગલા ભપકાભેર છે ને વચ્ચે મોટાં ચોગાન ને બાગ છે. એ મકાન રમ્યતા કરતાં સંગીનતા, સગવડ, ને વિશાળતા માટે વધારે પ્રસિદ્ધ છે.

મુંબઈ, મદ્રાસ, ને કલકત્તાને બાદ કરતાં અમદાવાદ જેવાં વસ્તીથી ભરચક, જૂની જોવા લાયક ઇમારતોવાળાં, અને વેપાર પૂરા જોમમાં ખીલી રહ્યો હોય એવાં, થોડાંજ શહેર હિંદુસ્તાનમાં છે.

નવા આવનારને આગગાડીનું સ્ટેશન આવતાં પહેલાં એનાં વેપાર ને ભવ્યતાનાં ચિહ્ન નજરે પડે છે. કાંકરીઆ તળાવ આગળનાં ઘણાં કારખાનાંનાં ભૂંગળાં તેમજ સ્ટેશન પરના બે ટોડા દૂરથી દેખાય છે.

સ્ટેશનથી ભદ્રકાળી સુધી સીધી સડક છે. તે પર બંને બાજુએ જાતજાતની દુકાન આવેલી છે. માણેકચોકની પાસેથી ઠેઠ ભદ્ર સુધી સડક બમણી પહોળી છે. એમાં માણસની ને ગાડી, મોટર, સાઇકલ, ને ગાડાં તથા લારીની ધમાલ લગભગ મુંબઈના ભૂલેશ્વરના ભાગ જેટલી છે.

ત્રણ દરવાજાનો દેખાવ દૂરથી ઘણો ધ્યાન ખેંચે એવો છે. ભદ્રના કિલ્લાનો દેખાવ તો ઘણોજ રમણીય છે. ભદ્રમાં

ભદ્રકાળી માતાનું દહેરૂં છે, તે આખા શહેરમાં પ્રસિદ્ધ છે અને તેનાં દર્શન કરવા શહેરના જુદા જુદા ભાગમાંથી લોક આવે છે. ભદ્ર પર મોટું ઘડીઆળ છે. ભદ્રમાં ન્યાયાધીશની ને ટપાલની કચેરીઓ છે.

ત્રણ દરવાજા ને ભદ્રની વચ્ચે કારંજનું મોટું મકાન છે. તેની સામા નાનો, ગોળ આકારવાળો બાગ છે. પાસે હેમાભાઈનું પુસ્તકાલય, પ્રેમાભાઈનું વિશાળ જાહેર સભાગૃહ, અને તેની નીચે ગુજરાત વર્નાક્યુલર સોસાઇટિની બેઠક છે. એ સોસાઇટિ એટલે મંડળ ગુજરાતી પુસ્તકો છપાવી સાહિત્યની વૃદ્ધિ માટે ઉપાયો રચે છે.

દક્ષિણ તરફ જતાં નાકા પર પુરુષશિક્ષકોને કેળવવા માટે શાળા છે ને એ નાકા પરથી આસ્તોડીઆની સડકે જતાં બંને બાજુએ એ શાળાનાં વિશાળ મકાન છે. પાસે પ્રાર્થનામંદિર છે ને બીજી તરફ સ્ત્રીશિક્ષકો માટે એવી શાળા છે. આ બધો દેખાવ ઘણો દબદબા ભરેલો છે.

શહેરની અંદર સ્વામિનારાયણનું મંદિર વિશાળ છે. શહેર બહાર હઠીસિંગનું દહેરૂં, નીલકંઠ મહાદેવ, હરીરની વાવ, એ બધું જોવા લાયક છે.

શાહીબાગ ઘણું ભવ્ય મકાન નદીકિનારે આવેલું છે. એ શાહજહાન નામના અમદાવાદના હાકેમે બાંધ્યું છે.

મસીદોમાં માણેકચોકની પાસે જુમા મસ્જિદ ઘણી રોનકદાર છે. શહેરની બહાર શાહ આલમનો ને સરખેજનો રોજો જોવા લાયક છે. દરેક જાળીની કોતરણી જુદી છે.

રાયપુર દરવાજાની બહાર પોણેક માઇલે કાંકરીઆનું તળાવ છે, તેની રચના ઘણીજ સુંદર છે. તેનો ફરતો ઘેરાવો એક માઇલ છે. તે ૩૪ સરખી બાજુનું બનેલું છે ને દરેક બાજુ ૧૯૦ ફૂટ લાંબી છે. તેના પર ચારે તરફ સુંદર પગથીઆં ને વચ્ચે નગીનાબાગ છે. તેમાં ખારી નદીનું પાણી વાળેલું છે.

અમદાવાદ શહેર ત્રણ તાંતણે આબાદ થયું કહેવાય છેઃ–રેશમ, કસબ, ને સૂતર. એમાં રેશમી કોરનાં ધોતીઆં, પિછોડી, પીતાંબર, વગેરે ઉત્તમ થાય છે. કસબનું કામ પણ સારૂં થાય છે.

અમદાવાદ શહેરના લોક ઘણા પરગજુ, ઠાવકા, ને શાણા છે. અગાઉ કરતાં હાલ તેઓ સાહસિક અને પરદેશમાં વિશેષ જતા જાય છે.

સાબરમતીને કિનારે દૂધેશ્વર અને સપ્તર્ષિના આરા પ્રવિત્ર મનાય છે.

અમદાવાદ જિલ્લામાં પ્રાંતિજ, ધોળકા, મોડાસા, સાયણ, વીરમગામ, ધંધુકા, ને ઘોઘા, એ મોટાં ગામ છે. ધોળકા પ્રાચીન સ્થળ છે. બધાં ગામ આબાદ છે. તેમાં વેપાર સારો ચાલે છે.

ધોળકાની પાસે વૌઠામાં સાત નદીનો સંગમ છે, ત્યાં કાર્તકી પુનેમ પર મોટો મેળો ભરાય છે. ધંધુકાની પાસે ભીમનાથ મહાદેવનું દહેરૂં પવિત્ર સ્થળ મનાય છે.

# पाठ ७१मो

## नरसिंह मेहेतानी हुंडी (१)

### लावणी

नरसीं मेहेतो भक्त ब्राह्मण, जूनागढना रहेवासी;
हुंडी कराववा आव्या गाममां, चार जणा तीरथवासी. टेक

आवी गाममां पुछवा लाग्या, मोटा मोटा शेठ साहुकारी;
सातसो एक रुपियानी हुंडी, द्वारकानी मुने आलो करी.
सर्वे लोक मळी मनसुबो करीने, मोकल्या मेहेता नरसैं कने;
जाओ तमारी हुंडी शिकारशे, लाग्या मश्करी करवाने.
नरसीं० १

मेहेताने घेर आव्या चाली, बेसाड्या एने आसन आली;
मेहेतोजी वात पुछे छे प्हेली, क्यांथी आव्या क्यां जशो वली.
अमे ते निसर्या तीरथ करवा, द्वारका जावुं काशी;
आंहि हुंडी करावा आव्या गाममां, चार जणा तीरथवासी.
नरसीं० २

पेला परदेशी पुछवा लाग्या, मेहेतोजी मारी सांभळो;
अमे तमारे घेर रुपिया भरिये, तेनी हुंडी अमने करि आलो.
सातसो एक सुरती शिकाना लइ, थेली लइ घरमां मेलो;
कागळनो कटको दउं छुं तेमां, हुंडी मुने लखी आलो.
नरसीं० ३

मेहेतोजी तो पत्र लखे छे, शामळशानुं मतुं भरे छे;
चंदासुरजनी शाख भरे छे, आपशो तो मारी लजा कहे छे.
हाथ जोडीने अरज करुं छुं, हुंडी शिकारजो अविनाशी;
हुंडी करावबा आव्या गाममां, चार जणा तीरथवासी.
नरसीं० ४

पेला परदेशीने पंथे वोळाव्या, मेहेतोजी सौने पुछे;
आ धन आपणे शुं करवुं छे, खवरावो साधु संतने.
घीगोळ ज्यारे लोट मंगाव्यां, लाग्या रसोयुं करवाने;
भावतणां एणे भोजन कीधां, थाळ धराव्या ठाकरने.
नरसीं० ५

सरवे संत मळी बेठा एकठा, सौनां दीधां पीरसी एठां;
नाही धोइ मंदिरमां बेठा, मेहेता हता ते वांसे बेठा.
हाथ जोडीने अरज करुं अब, हुंडी शिकारजो अविनाशी;
हुंडी करावबा आव्या गाममां, चार जणा तीरथवासी.
नरसीं० ६

# पाठ ७२मो

## नरसिंह महेतानी हुंडी (२)

लावणी

पेला परदेशी पंथे चाल्या, आवी उतर्या द्वारकां;
आवी गाममां पुछवा लाग्या, शामळशानी दुकान क्यां.
आ रे गाममां नथी शामळशा, घेला थया के अक्कल गई;
तेम तेम फाळ पडे पेटमांही के, रुपिया मळशे केम करी.
नरसीं० ७

आ रे नग्रमां खोडबखोडा, शामळशा तो नथी नगरमां;
ठग मळ्या आपणने जूनागढमां, जुठी चिठी लखि आलि हाथमां·
कर्मकपाळे हाथ घसीने, उदास थया पेला परदेशी;
हुंडी कराववा आव्या गाममां, चार जणा तीरथवासी.
नरसीं० ८

नरसीं मेहेतानुं वचन राखवा, शामळशा रुपिया लाव्या;
सामासामा बेउ थया एकठा, कहो परदेशी क्यांथी आव्या.

अमे ते निसर्या तीरथ करवा, जुनागढ रुपिया आव्या भरी;
जुठी चिठी लखि आली हाथमां, ते शामळशाने बतलावी.
नरसीं० ९

अमे मेहेता नरसीं रे मेहेताना, तमारा रुपिया खरि मेहेनतना;
राखी मेल्या कोरा खडखडता, तमे सौ रखे अडबडता.
सातसो एक रुपिया गणि आल्या, खुशी थया पेला परदेशी;
हुंडी करावा आव्या गाममां, चार जणा तीरथवासी.
नरसीं० १०

शामळशा जेगोपाळ भणे छे, तमारा रुपिया साचवजो;
ळखी पडी पूरा करि आल्या, जइ मेहेता नरसींने कहेजो.
रखे पेटमां अडबडता, कंइ कामकाज होय ते कहेवरावजो;
सतगुरु मारा एम करि बोल्या, साचा धणिनो तमे संग करजो.
नरसीं० ११

रघुराम

# પાઠ ૭૩મો

## સુરત જિલ્લો: મુખ્ય સ્થળ, ભાગ ૧લો

સુરત શહેર તાપી નદીને કિનારે આવેલું છે. આહુંથી દરિયો જમીનને રસ્તે માત્ર ૧૦ માઇલ દૂર છે. એની પાસે બેએક માઇલને છેટે તાપી નદી ઓળંગીને જતાં રાંદેર કરીને ગામ છે, તે એના કરતાં વધારે જૂનું છે.

ઇ. સ. ૧૧૯૪માં દિલ્હીના બાદશાહ શાહબુદ્દીન ઘોરીના સરદાર કુતુબુદ્દીને ગુજરાત પર ચઢાઈ કરી રાંદેર ને સુરત સુધી આવ્યો. તે વખત સુરત ત્યાંથી ૧૩ માઇલ પર આવેલા કામરેજ ગામના સરદારને તાબે હતું.

આ જૂના શહેરને ઠેકાણે ઇ. સ.ના ૧૫મા સૈકામાં હાલનું સુરત શહેર વસ્યું છે. ગોપી નામનો એક તવંગર વેપારી હતો, તેના નામ પરથી શહેરના મુખ્ય ભાગનું નામ ગોપીપરું પડયું અને તેમાં બાંધેલું વિશાળ તળાવ ગોપીતળાવ કહેવાયું. તેની સ્ત્રી રાણી કહેવાતી, તેના નામ પરથી રાણીતળાવ ને રાણીચકલાનાં નામ પડયાં છે. ગોપીએ વસાવેલું શહેર ધીમે ધીમે આબાદ થવા માંડયું.

જૂના શહેરનું નામ સૂર્યપુર હતું, એમ માનવાને કારણો મળી આવે છે. ઇ. સ. ૧૫૪૮માં ત્યાં હાથે લખાએલાં પુસ્તકોમાં સૂર્યપુર નામ મળે છે. ગોપીએ ગુજરાતના બાદશાહને શહેરનું નામ સુરજ પાડવા લખ્યું. પાદશાહે સુરજને બદલે સુરતનામ પાડયું.

સુરત શહેર વેપારનું મોટું મથક થયું. જમીનને માગ ત્યાંથી વણજારો દક્ષિણમાં ગોવળકોંડા સુધી, પૂર્વમાં બરાનપુર સુધી, અને ઉત્તરમાં દિલ્હી, આગ્રા, ને લાહોર સુધી જતી. તેનાં વહાણો કોંકણ, મલબાર, સિલોન, અને મદ્રાસ ને બંગાળાના કિનારા સુધી જતાં. તેનો વેપાર ઘણા દૂર દેશો સુધી ચાલતો.

સુરત ૮૪ બંદરનો વાવટો ગણાતું. હીરા, માણેક, તાંબું, લોઢું, ઘઉં, વાલ, માખણ, અનેક જાતનાં તેલ ને અત્તર, કાળાં ને ધોળાં મરી, કાગળ, ખાંડ, મીણ, અફીણ, ગળી, વગેરે ચીજો સુરતથી દૂર દેશાવર જતી. પણ મુખ્ય ચીજો સુતરાઉ ને રેશમી કાપડ ને કસબ હતી. આ પ્રમાણે સુરત પૂરેપૂરી જાહોજલાલીમાં હતું. ઇ. સ. ૧૭૯૬માં તેમાં ૮ લાખ માણસની વસ્તી હતી.

શહેરને બે કોટ હતા; એક માંહેનો ને બીજો બહારનો. બહારના કોટનો ભાગ સુરતથી મુંબઈ જતાં આગગાડીમાંથી નજરે પડે છે. માંહેના કોટને ઠેકાણે હાલ ખાડી આવેલી છે. એ કોટનું નામ કોટસફીલ નામના શહેરના ભાગે જાળવી રાખ્યું છે. એ કોટને ૧૨ ભાગોળ હતી.

બરાનપુરી ભાગોળથી બરાનપુર ને નવસારી ભાગોળથી નવસારી જવાતું. બહારના કોટમાં દિલ્હી દરવાજો હતો, ત્યાંથી દિલ્હી જવાતું. એ દરવાજેથી દિલ્હીના બાદશાહનાં ફરમાન આવતાં, તેને ધામધૂમથી વધાવી લેવાનો રિવાજ હતો.

આવા દિલ્હી દરવાજા અમદાવાદ, હૈદરાબાદ, ઔરંગાબાદ, જેવાં મોટાં શહેરોમાં છે.

ફિરંગી લોકો, વલંદા, અંગ્રેજો, અને ફ્રેંચો હિંદુસ્તાનમાં વેપારને માટે આવ્યા, તે બધાની કોઠી સુરતમાં હતી.

વલંદાઓની કોઠીને ઠેકાણે હાલ નાનપરાની મુખ્ય પોસ્ટ ઑફિસ છે. અઠવાના દરવાજાની બહાર ફ્રેંચની કોઠી હતી. તે ભાગ ફ્રેંચ બાગના નામથી ઓળખાતો હતો. અંગ્રેજ લોકોની કોઠીવાળા મકાનમાં હાલ નદીકિનારે પાતાળી હનુમાનને મંદિરે જતાં દાકતર ડોસાભાઈનું મકાન છે.

આરંભમાં સુરત કામરેજના સરકારને તાબે હતું; પછી તે મુસલમાનોના હાથમાં ગયું. ઇ. સ. ૧૩૭૩માં ફિરોઝ તઘલખે ભીલ લોકોની સામા તેનો બચાવ કરવા એક કિલ્લો બાંધ્યો.

પછી પોર્ટુગીઝ લોકોએ શહેરને બાળી મૂક્યું. આથી અમદાવાદના બાદશાહે વધારે મજબૂત કિલ્લો બાંધવાનો હુકમ કર્યો, તે ઇ. સ. ૧૫૪૬ના અરસામાં પૂરો થયો.

સત્તરમા સૈકામાં સુરતમાં શાંતિ રહી અને તેનો વેપાર ધમધોકારે ચાલ્યો. મરાઠાઓએ તેની દોલતથી લોભાઈ તે પર હુમલા કર્યા. શિવાજીએ તેને ત્રણ વાર લૂટયું.

ઇ. સ. ૧૭૩૩થી ઇ. સ. ૧૮૦૦ સુધી સુરતમાં સ્વતંત્ર નવાબોનું રાજ્ય રહ્યું. પછી નવાબો અંગ્રેજના તાબામાં આવ્યા; કુલ સત્તા અંગ્રેજોના હાથમાં આવી અને નવાબને પેન્શન આપવામાં આવ્યું.

---

# પાઠ ૭૪મો

## સુરત જિલ્લો : મુખ્ય સ્થળ, ભાગ રજો

હિંદુસ્તાનમાં અંગ્રેજ લોકોના હાથમાં પશ્ચિમ તરફ જે સંસ્થાનો હતાં, તેનું રાજધાનીનું શહેર સુરત હતું. ઇ. સ. ૧૬૭૮માં અંગ્રેજ કંપનિએ સુરતમાંથી રાજધાની ખસેડી મુંબઈમાં કરી.

ઇ. સ. ૧૮૧૩માં ગુજરાતમાં મોટો દુકાળ પડયો, તેની સુરતના વેપાર પર ઘણી અસર થઇ. ઇ. સ. ૧૮૩૭માં સુરત શહેર પર બે મોટી આફત આવી પડી. ભયંકર આગથી ૯ હજાર ઉપરાંત ઘર બળી ગયાં. આગ ત્રણ દિવસ સળગ્યા કીધી. આથી ૬ કરોડ રૂપીઆનું નુકસાન થયું. આ આગ ઉનાળામાં લાગી ને એજ વર્ષમાં ચોમાસામાં મોટી રેલ આવી. દરિયાની પેઠે શહેરના બધા ભાગમાં પાણી ફરી વળ્યાં. લોકો આ બે આફતથી તદ્દન નિરાધાર થઈ ગયા.

ઇ. સ. ૧૮૩૮માં શહેરમાં અસલી ઝાહોઝલાલીની છાયાજ રહી. પરંતુ, લોકો સંતોષી, સાહસિક, ને આનંદી સ્વભાવના હોવાથી આગ અને રેલની આફતો ઉપરાઉપરિ ને વારંવાર આવ્યા છતાં શહેર પાછું ઊભું થાય છે. હાલ તેમાં એક લાખની ઉપર વસ્તી છે.

રેલ્વે-સ્ટેશનથી શહેર નીચું છે. સ્ટેશનથી અઠવાના દરવાજા સુધી સીધી, મોટી સડક છે. બરાનપુરી ભાગોળ

આવતાં પહેલાં ઊંચો ઘડીઆળનો મિનારો છે.

નદીકિનારે કિલ્લો છે, તેની પાસેના મેદાનમાં મુંબઈ બૅંકનું મકાન છે. બૅંકની સામા સોરાબજી જમશેદજી જીજીભાઈ હાઇ સ્કૂલ છે. પાસે રાવ બહાદુર નગીનચંદનું જાહેર મકાન છે. બીજી તરફ વિકટોરિઆ બાગ ને સરકારી ઇસ્પિતાલ છે. નગીનચંદના વિશાળ મકાનની સડકે રાંદેર જવાનો હોપપૂલ છે.

આ સ્થળે શહેરનો દેખાવ ઘણો ભવ્ય છે. સામે કિનારેથી એ દેખાવ ખરેખરો રમણીય લાગે છે.

નાનપરામાં નદીકિનારે, તેમજ હોરવાડમાં હોરાઓનાં મકાન ઘણાં રોનકદાર છે. ગોપીપરામાં તેમજ ડુમસની સડકે શહેર બહાર શ્રાવકોનાં મકાન ઘણાં સુંદર છે.

શહેરમાં હોરા ને શ્રાવકો ઘણા પૈસાદાર છે. હોરાઓ પરદેશમાં વેપાર ખેડી પુષ્કળ ધન કમાઈ સુરત લાવે છે. તેઓ તેમજ રાંદેરના હોરા ઘણા સાહસિક છે. શ્રાવકો મોતીના વેપારી છે. શહેરના ઘણા વતની વેપાર માટે મુંબઈમાં રહે છે.

શહેરના લોકો નાજુક, બુદ્ધિશાળી, ને રસિક છે. કેળવણીમાં શહેર આગળ પડતું છે. એમાં હાલ એક કૉલેજ (મહાશાળા) સ્થપાઈ છે. ગુજરાતી ભાષાના મૂળ સંસ્કારી લેખકો, કવિ નર્મદ, નવલરામ, અને નંદશંકર, આજ શહેરના વતની હતા.

પણ હાલ શહેરમાં બહુ વેપાર નથી. તોપણ રેશમ અને કસબનો વેપાર ચાલે છે, સુખડના લાકડાની ઉત્તમ કારીગરીની પેટીઓ અહિં બની દૂર દેશાવર જાય છે, અને સૂતર કાંતવાનાં ને વણવાનાં ચારપાંચ કારખાનાં છે.

સુરત શહેરના લોકો શોખીન છે. ત્યાં શ્રાવણ માસમાં ઘણા મેળા ભરાય છે. જન્માષ્ટમીનો મોટો મેળો ભરાય છે, તે જોવા ઠેઠ મુંબઈથી ને વલસાડ ને ભરૂચ વચ્ચેનાં રેલ્વે-સ્ટેશનોથી ઘણાં માણસ આવે છે.

તાપી નદી પવિત્ર મનાય છે. શહેરથી ત્રણેક માઇલ દૂર તાપી નદીને કિનારે અશ્વિનીકુમાર ને ગુપ્તેશ્વર મહાદેવનાં મંદિર છે, તેમજ આચાર્યજીની બેઠક છે. મંદિર પાસે સુંદર ઘાટો છે. ગુપ્તેશ્વર પાસે ફૂલપાડા ગામ છે. એ સ્થળ ઘણું પ્રાચીન છે.

શહેરમાં વૈષ્ણવનાં ને શ્રાવકનાં ઉત્તમ મંદિર છે. સ્વામિનારાયણનું મંદિર જોવા લાયક છે. બાલાજીનું મંદિર ઘણું વિશાળ ને રમણીય છે. એ મંદિરની પાસે ઘણાં મંદિર છે. અંબાજી માતાનું દહેરૂં શહેરને મધ્ય સ્થળે છે. એ બંને દહેરાંમાં શહેરના ઘણા લોકો રોજ દર્શન કરવા જાય છે.

શહેરથી ત્રણેક માઇલને છેટે કતારગામ છે, ત્યાં કાંતારેશ્વર મહાદેવનું દહેરૂં છે. કાંતાર એટલે જંગલ. આહ પ્રથમ જંગલ હોવું જોઈએ. શ્રાવણ મહીનામાં આહિં મેળા ભરાય છે.

સુરત જિલ્લામાં વલસાડ, ઓરપાડ, માંડવી, પારડી, ચીખલી, બારડોલી, એ મોટાં ગામ છે. ઓરપાડ તાલુકામાં સિદ્ધનાથ મહાદેવનું દહેરૂં છે, તે સિદ્ધરાજ જયસિંહે બંધાવ્યું છે. તે યાત્રાનું સ્થળ છે.

માંડવી તાલુકામાં અસલ નાનું દેશી રાજ્ય હતું. એ તાલુકામાં બોધાન ગામમાં ગૌતમેશ્વર મહાદેવનું દહેરૂં છે, ત્યાં બાર બાર વર્ષે, યાત્રા ભરાય છે.

વલસાડ એ ઓરંગા નદી પર એક કસ્બો છે. એમાં ડાંગના ડુંગરમાંથી પુષ્કળ સાગ આવે છે, તે દરિયામાર્ગે કાઠિયાવાડ જાય છે. એની પાસે દરિયાકિનારે ટીથલ છે, તે હવાખાવાનું ઠેકાણું છે.

**પાઠ ૧લો**—દેવલોક પામ્યાં=મરણ પામ્યાં. કૌતુકથી=અજાયબીથી. વહાલસોયા=હેતાળ. જિગર=હૃદયું.

**પાઠ ૨જો**—અતિલોભ=ઘણો લોભ; અતિ=ઘણો. સાલતી=બહુ દુ:ખ દેતી. વિશુદ્ધ=પવિત્ર. દળદર ફીટશે=ગરીબાઈ જતી રહેશે. કુબેર-ભંડારી=ધનનો દેવતા.

**પાઠ ૩જો**—સિસોદીઆ=રજપૂતોનું એક કુળ. નમ્યું આપ્યું નહોતું=કદી નમ્યા નહોતા. આ અરસામાં=આ વખતે. પાછી પાની કરે એવા નહોતા=કદી પાછા ફરે એવા નહોતા. રણધીરા=લડાઈમાં ધીરજથી લડનારા. મુજ=મારૂં. અંગ=શરીર. શણગાર=ઘરેણું. શૌર્ય=શુરાતન. પરાધીન=પારકાને તાબે. શિશોદિય નામ=સિસોદીઆ કુળનું નામ.

**પાઠ ૪થો**—નાગી=ખુલ્લી. પણ લીધું=અમારે આમ કરવુંજ એવો મક્કમ વિચાર કર્યો.

**પાઠ ૫મો**—એબ=ડાઘ. સ્નેહાળ=માયાળુ, હેતવાળો. રાજવૈભવ= રાજ્યનું સુખ.

**પાઠ ૬ઠ્ઠો**—**माग मुकावे**=માર્ગ મુકાવે; કોઈને જવાનો રસ્તો કરવો, તેને માન આપવું, તે તેને માર્ગ આપવો કહેવાય. **वान**=શરીર. **नामे**= નમે. **विश्व**=દુનિયા. **मोहिनी**=મોહ ઉત્પન્ન કરે, બધાંને વશ કરે એવી. **बग्गा**=બગલું. **कोकील**=કોયલ. **कग्गा**=કાગડો. **सिंधु**=દરિયો. **टंका**=ટાંકું. **प्राक्रमी**=પરાક્રમી; શુરાતનવાળા. **चोर**=ચોર જેવો; આબરૂ વિનાનો; 'ચાકર' શબ્દમાં 'ચ' છે તેવા 'ચ'વાળો શબ્દ વાપર્યો છે. કવિતામાં એવી રીતે પ્રાસ લાવવા કવિઓ ઇચ્છે છે.

**પાઠ ૮મો**—તેજદાર=ઝળકતી, તીણી, ઝીણવટવાળી.

**પાઠ ૯મો**—પારદર્શક=જેની આરપાર જોઈ શકાય એવું.

**પાઠ ૧૦મો**—કદ્દો=જબરો. આરોગ્ય=તંદુરસ્તી. છિદ્રાળુ=છિદ્રોથી ભરેલું; કાણાંવાળું.

**પાઠ ૧૧મો**—મોજૂદ=હાજર; મળી આવે એવું. દોરીનો ગાળો=દોરીનો ફાંસો.

**પાઠ ૧૨મો**—તાંબાની માત્રા=તાંબું મારેલું હોય એવી દવા. એવી દવા પીવાથી શરીર મજબૂત થાય છે; શરીરને મજબૂત કરનારી દવા. કાગનું°=કાગડો તાડ પર બેસે ને તાડ પડી જાય તો તે કંઈ કાગડાના બેસવાથી થયું નથી; બે જોગ સાથે આવ્યા એટલુંજ. મંછા°=ભૂત કે ડાકેણ કોઈ નથી; બધું મનનુંજ ઉપજાવેલું છે. મંછા=મરજી.

**પાઠ ૧૩મો**—जंग=લડાઈ. ब्यूगल=રણશીંગડું. आगे=આગળ. हाम°=હિંમત હરાવે. पाखंड=ઢોંગ. ब्रह्मरस=ભગવાનમાં તમારૂં મન એકાગ્ર કરો, એટલે આનંદરૂપી રસ ચાખશો. नर्मदादेश=કવિ નર્મદનો આદેશ–આજ્ઞા–ઉપદેશ.

**પાઠ ૧૪મો**—તેજસ્વી=તેજવાળું. ક્ષમાવાન=માફ કરે એવું; મોટા મનનું. ઉદાર=મોટા દિલનું. આશીર્વાદ=કલ્યાણ ઇચ્છવું ને વરદાન આપવું તે.

**પાઠ ૧૫મો**—મરણક્રિયા=મુઆંની પાછળ શ્રાદ્ધ સારવું, ક્રિયા કરવી તે. તથાસ્તુ=તેમ થાઓ!

**પાઠ ૧૭મો**—સહનશીલ=ધીરજથી દુઃખ ખમી શકે એવા સ્વભાવવાળું. નિર્દોષ=જેણે ગુનો કર્યો નથી એવું. નિર્દય=દયા વગરનું; ઘાતકી. રૂઆબ°=સારા ચહેરા વગરનું; શોભિતું નહિ એવું. અનહદ=હદ વગરનું; પુષ્કળ.

**પાઠ ૧૮મો**—**હારણ નર**=હિંમત વગરનો માણસ. **લેખે**=ગણે. **સદેવ**=હમેશ. **નરતૂં**=ખરાબ.

**પાઠ ૧૯મો**—બિંબ=ગોળો. ગોપકન્યા=ગોવાળની છોકરી. આબેહૂબ= બરાબર. વિલાસ=વૈભવ; જાતજાતનાં સુખ.

**પાઠ ૨૦મો**—ભાર=અમુક તોલ. ભંડારી=તિજોરીનો ઉપરિ. વછૂટું=છૂટું.

**પાઠ ૨૧મો**—કર=વેરો. ધરણી=ભોંય. અંતરે=છેટે.

**પાઠ ૨૨મો**—કૌતુક=જાણવાની ઇચ્છા.

**પાઠ ૨૩મો**—ઇન્દ્રિય=કામ કરનાર કે જ્ઞાન મેળવનાર શરીરનો ભાગ. રૂપ=આકાર. સ્પર્શ=અડકવું તે; અડકવાથી મળતું જ્ઞાન તે સ્પર્શજ્ઞાન. તંતુ=તાતણા. જ્ઞાનતંતુ=જે વડે જ્ઞાન મેળવાય એવા તાંતણા. અન્નનળી=અનાજ પેટમાં જવાની નળી.

**પાઠ ૨૪મો**—પુષ્ટ=જબરૂં.

**પાઠ ૨૫મો**—**સુખદ**=સુખ આપનાર; સુખી કરનાર. **ધરા**=પૃથ્વી. **ધામ**=રહેવાનું ઠેકાણું. **સદાચરણી**=સારી રીતવાળું. **ખંતે**=ખંતથી. **ચિંતાચિતા**=ચિંતારૂપી ચિતા; ખરી ચિતા નહિ. અહિં ચિંતાનેજ ચિતા કહી છે; કેમકે ચિંતા ચિતા કરતાં પણ વધારે બાળે છે. **દુર્ગુણદોષ**= દુર્ગુણરૂપી દોષ; અવગુણ અને કટેવો એ મોટા દોષ છે.

**પાઠ ૨૬મો**—હઝરત=નામદાર. ઇમામ=આગેવાન. પેગંબર=ખુદાનો પેગામ-સંદેશો લાવનાર. ખલીફા=મુહંમદ પેગંબરની ગાદીના વારસ. ખિલાફત=ખલીફાની ગાદી.

**૨૭મો**—તિરસ્કાર=કોઈને નીચો પાડવો-ગણવો તે; ધિક્કાર.

**પાઠ ૨૮મો**—મધ્યસ્થ=એની વચ્ચે કજીઓ પતાવવા નિમાએલો માણસ.

**પાઠ ૨૯મો**—ઉદયાચળ=સૂર્ય જે પર્વત પર ઊગે છે એમ મનાય છે તે પર્વત; ઉદય=ઊગવું; અચળ=પર્વત. ભાણુ=ભાનુ; સૂર્ય. નિર્વંશ=સંતતિવિનાનું. કાયર=બાયલું.

**પાઠ ૩૦મો**—યુવાન=જુવાનીઓ. માતુલ=મામો. જવ=જ્યારે. ગમગીન=દિલગીરીમાં ડૂબી ગએલું.

**પાઠ ૩૧મો**—હાડપિંજર = હાડ = હાડકું; પિંજર = પાંજરૂં=હાંડકાંનું પાંજરૂં; હાડકાંનું ખોખું. ભીંગડાં=જાડાં પડ. ગુલતાન=લીન; તેમાંજ મન ગુંથાએલું એવું.

**પાઠ ૩૨મો**—ફાયદાકારક=ફાયદો કરનાર. કારક=કરનાર. અકાળ=કવખતનું. વિધવા=રાંડેલી સ્ત્રી. પુનર્લગ્ન=ફરી પરણવું તે. નાબૂદ=ન હોવું તે; નાશ. ગુંજાશ=શક્તિ. પાયમાલી=ઘણીજ ખરાબી.

**પાઠ ૩૩મો**—શહાદત=ધર્મની ખાતર-ન્યાયની ખાતર, જિંદગી અર્પણ કરવી-ખોવી તે. નિકાહ પઢવા=લગ્ન કરવાં.

**પાઠ ૩૪મો**—શેનો=શા વડે; શી રીતે? **હોય દબાણો હેઠ**=જે કોઈના ભાર નીચે દબાયો હોય છે, કોઈની તાબેદારીમાં હોય છે તે. **અમાપ**=

પી ન શકાય એટલું. **બધેય**=બધેએ; એકે એક ઠેકાણે. **ભવ**=જન્મારો. **વાસણ**=ધણીવાળી સ્ત્રી. **ઘડો નહિ**=લેખું નહિ; તેને કોઈ કશામાં ગણતું નથી.

**પાઠ ૩૫મો**—મહેસૂલ=જમીનનો વેરો. વાલંદ=હજામ. નેસ્તી=ગાદી; ખાવાની પરચુરણ વસ્તુ વેચનાર. વસવાયા='વસવૈયા' પણ બોલાય છે; કામ કરનાર વર્ગ. ફોજદારી ને દીવાની=મારામારીનાં, લડાઈ, ચોરી, વગેરે કામ ફોજદારી કહેવાય છે. એવો ગુનો કરવાથી દંડ કે કેદની શિક્ષા થાય છે. વારસાનાં, જમીન દબાવ્યાનાં, પારકી જમીનમાં બારીબારણાં મૂકવાનાં, અને એવાં કામ દીવાની કહેવાય છે.

**પાઠ ૩૬મો**—વાહન=ગાડી. તાજૂબ°=અચંબો પામવો. મોહમયી=મોહ પમાડનાર. સ્થાનિક=સ્થાનને–શહેરને કે ગામને લગતું. સભ્ય=મંડળીમાં બેસનાર. સ્વરાજ્ય=પોતાનું રાજ્ય.

**પાઠ ૩૭મો**—બિનહકદાર=જેને હક નથી એવો (બિન=વિનાનો).

**પાઠ ૩૮મો**—દયામણા=દયા ઉપજાવે એવા. તીરંદાજ=તીર ફેંકવામાં હોશિયાર.

**પાઠ ૩૯મો**—સાહિત્ય=કોઈ પણ ભાષામાં લખાએલા ગ્રંથો તે ભાષાનું સાહિત્ય.

**પાઠ ૪૦મો**—અશ્વવિદ્યા=ઘોડા પારખવાની, કબજે રાખવાની, વેગે ચલાવવાની, વગેરે લગતી તમામ કળા. ઝંખના=જોવાની કે મળવાની ઘણી આતુરતા. સંતાન=છોકરાં.

**પાઠ ૪૧મો**—કલિ=ચાર મોટા, ઘણા લાંબા જમાનાને હિંદુઓ ચાર યુગ કહે છે. કલિયુગ તેમાંનો એક છે. કલિ=કજીઓ. એ જમાનામાં

દરેક જાતનાં નઠારાં ને પાપી કામ થાય છે. કલિ એ જુગનું સ્વરૂપ છે. માણસમાં એ નઠારી બુદ્ધિ ઉત્પન્ન કરે છે ને તેમને લડાવી મારે છે. ઉપરણું=ઉપલા અંગનું વસ્ત્ર. જીવતું થઈ=દમયંતીને દેવોનું વરદાન હતું તેથી. ભામની=ભામિની, સ્ત્રી.

**પાઠ ૪૨મો**—દવ=વનની આગ. ઉખાણું=છૂપા અર્થવાળો સવાલ.

**પાઠ ૪૩મો**—**रथडा**=રથ; તિરસ્કાર બતાવવા એ શબ્દ વાપર્યો છે. **रथडा खेड**=રથ પર ચઢી રણક્ષેત્રમાં જા. **कोड**=હોંસ. **धारुं**=ધારણ કરૂં; લઉં. **संहार**=નાશ. **बांधतां**=વધતાં. **घेन**=ગાય. **वछोडी**=છૂટી પાડી. **विमासो**=વિચારો. **कायर**=બાયલો. **अवनी**=પૃથ્વી.

**પાઠ ૪૪મો**—ભાવિક=ધર્મચુસ્ત. અદબ=માનમરતબો, મર્યાદા.

**પાઠ ૪૬મો**—મહેર=દયા.

**પાઠ ૪૭મો**—ભાગ્યદેવી=આપણું નસીબ નક્કી કરનારી દેવી. વલખાં મારવાં=ખૂબ ફાંફાં મારવાં. લચી પડી=નીચી નમી ગઈ.

**પાઠ ૪૮મો**—મોબેદ-વિદ્વાન; પારસીઓનો ધર્મગુરુ. નહાન નવડાવી=પવિત્ર સ્નાન કરાવી. દસ્તુર=પારસીઓનો ગોર. પતેત=ઝંદ-અવસ્તાનાં ધર્મપુસ્તકનાં કેટલાંક વાક્ય. તેમાં પાપને માટે પસ્તાવો બતાવેલો હોય છે. તંદુરસ્તી ભણે છે=તંદુરસ્તી મળે એવાં ધર્મનાં વાક્ય ભણે છે. અદા કરવી=બજાવવી.

**પાઠ ૫૧મો**—**बाळुडां**=કુમળાં, નાજુક બાળક. **रुदयामां**=હૃદયમાં; છાતીમાં. **दोहलां**=મુશ્કેલ. **मातावोळां**=માતા વિનાનાં; માના સાથ વગરનાં. **तंन**=છોકરાં. **वोळाव्यां**=વળાવ્યાં.

**પાઠ ૫૪મો**—રા'ખેંગાર=રાય ખેંગાર. પરજળે=પ્રજળે; બળે. સત=સત્ય.

**પાઠ ૫૫મો**—પાલક=પાળનાર. પ્રમાણપત્ર=પુરાવાનો લેખ.

**પાઠ ૫૭મો**—**रसना**=જીભ. **शुद्धि**=શુદ્ધિ; ભાન. **शोणित**=લોહી. **अंगशु**=શરીરના અવયવ સાથે. **रयणी**=રજની; રાત. **उदक**=પાણી. **शयन**=પથારી. **प्रेमदा**=પ્રમદા; સ્ત્રી.

**પાઠ ૬૧મો**—સહન કરવું=ખમવું.

**પાઠ ૬૪મો**—**सायर**=સાગર; દરિયો. **दर्शन°**=પ્રભુ પર વિશ્વાસ રાખી તેનું દર્શન કરવા સમુદ્રની બહાર નીકળ્યાં. **आवंतां**=આવતાં. **भाळ्यां**=પારધીએ જોયાં. **धारण राख**=ધારી રાખ; પકડી રાખ. **धीर**=ધીરજ. **जादववीर**=શ્રીકૃષ્ણ; યાદવોમાં શૂરામાં શૂરા. **मा'वो**=માધવ; ભગવાન; વહાલનો શબ્દ છે. **शारंगपाणी**=શાર્ઙ્ગપાણિ; જેના હાથમાં ધનુષ-કામઠું છે તે શ્રીકૃષ્ણ. શાર્ઙ્ગ=શૃંગ એટલે સીંગડું; સીંગડાનું બનેલું કામઠું. પાણિ=હાથ. **अबला**=સ્ત્રી; બળવિનાની. **इतबार**=ભરોસો. **राखणहारो**=રાખનાર; ઉગારનાર. **केना**=કોઈના. **स्याम**=સ્વામી; પતિ. **वों'णी**=વગરની. **त्रिकमजी**=ત્રિવિક્રમજી; વામન અવતારમાં જેમણે ત્રણ વિક્રમથી-પગલાંથી સ્વર્ગ, પૃથ્વી, ને આકાશ રોક્યાં તે. **अटक पडी**=અટકી પડ્યાં છીએ. **आतमना**=આત્માના. **छोगाळा**=સુંદર કેશવાળા; ભગવાન. **बेली**=ઉગારનાર. **करतार**=જગતના બનાવનાર. **तंत**=નીમ. **वार**=મદદ. **पतीत**=પતીજ,ભરોસો. **मेघ मलार**=પુષ્કળ વરસાદ વરસાવે એવું વાદળ. **भोजल**=કવિ ભોજાભક્ત.

**પાઠ ૬૫મો**—ધ્યેઆન=ઠાઠડી. ધ્રે સારે છે=ધર્મપુસ્તકનાં વચનો પડે છે. ક્ષણિક=થોડો વખત પહોંચે એવું; નાશ પામે એવું. રૂહ=આત્મા.

**પાઠ ૬૭મો**—બીજપાત્ર=બીને રહેવાનું ઠેકાણું. પુષ્ટિકારક=પોષણ કરનાર; જોર આપનાર.

**પાઠ ૬૮મો**—પુસ્તકના સંગ્રહ=જ્યાં ઘણાં પુસ્તકો એકઠાં કર્યાં હોય એવું ઠેકાણું.

**પાઠ ૬૯મો**—ગર્દાબાદ=ધૂળનું શહેર. બિમારિસ્તાન=મંદવાડનું ઘર. જહાનમાબાદ=નરકનું ઠેકાણું.

**પાઠ ૭૦મો**—સભાગૃહ=સભાને મળવાનું ઠેકાણું. કાર્તકી=કાર્તિકી, કાર્તક મહીનાની. સંસ્કૃત શબ્દો 'કાર્તિક' ને 'કાર્તિકી' છે.

**પાઠ ૭૧મો**—**તીરથવાસી**=યાત્રાએ નીકળેલા. **શામળશાનું°**= શામળશા તરીકે સહી કરે છે. **અવિનાશી**=પ્રભુ; જેનો નાશ નથી એવા. **રસોવું**=રસોઈ. **વાંસે**=પછી. **અવ**=હવે.

**પાઠ ૭૨મો**—**ખોડબખોડા**=કોઈ શાહુકાર નથી. **અડવડતા**= ગભરાતા; બડબડતા.

**પાઠ ૭૩મો**—જાહોજલાલી=અતિશય આબાદી, ચઢતી, તેજી. ફરમાન=હુકમ.

**પાઠ ૭૪મો**—છાયા=ભાસ; નામ.